CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧૪    સોમવાર, તા.૨૨-૦૪-૨૦૨૪    અંક : ૨૬૨ વર્ષ : ૧૮    email :rajkot@aaspassindia.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# સુરતની બેઠક ભાજપ આજે જ જીતી લેશે!

## ... તો બપોરે ૩ વાગ્યે ભાજપના મુકેશ દલાલને બિનહરીફ વિજેતા જાહેર ! સુરતમાં કુંભાણીનું ફોર્મ રદ થતા અપક્ષ સહિત નાની પાર્ટીના આઠ ફોર્મ પાછા ખેંચવાની ભાજપની કવાયત : પાંચ માની ગયા: સૂત્રો

સુરત,

સુરત લોકસભા બેઠક પર છેલ્લા બે દિવસથી ચાલી રહેલા રાજકીય ડ્રામાને અંતે રવિવારે બપોરે ચૂંટણી અધિકારી ડો. સૌરભ પારધીએ કોંગ્રેસના ઉમેદવાર નીલેશ કુંભાણીનું ફોર્મ રદ જાહેર કર્યું હતું. કુંભાણીના ટેકેદાર બનેવી, ભાણિયો અને ભાગીદાર ચૂંટણી અધિકારી સમક્ષ હીયરિંગમાં હાજર જ થયા નહી. બીજી તરફ ચૂંટણી અધિકારીએ કરેલી તપાસમાં ત્રણેય ટેકેદારોની અસલ સહી ઉમેદવારી પત્રમાં કરેલી સહી સાથે મેચ થઈ નહીં. એટલું જ નહીં ટેકેદારોને ધાકધમકી કે દબાણ પણ કરવામાં આવ્યું ન હોવાનું તપાસમાં ફલિત થતાં ફોર્મ અમાન્ય જાહેર કરાયું હતું.

આજે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ છે ત્યારે સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરિફ થાય તો નવાઈ નહી. કારણ કે ભાજપે અપક્ષ સહિત ૮ ફોર્મ પાછા ખેંચવાની કવાયત હાથ ધરી છે, જેમાં ૫ માની ગયાનું આધારભૂત સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. બાકીના ત્રણને યેનકેન પ્રકારે બેસાડી દેવા મથામણ ચાલી રહી છે.

ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ સામે ચૂંટણીમાં અપક્ષ સહિત નાની પાર્ટીના કુલ ૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. રવિવારે મોડી રાત સુધી આ ૮ ઉમેદવારો સોમવારે ફોર્મ પાછા ખેંચી લેવાની કવાયત પણ ભાજપ દ્વારા કરવામાં આવી હતી. તેમાંથી ૫ ઉમેદવારો લગભગ માની ગયા હોવાનું ભાજપના આધારભૂત સૂત્રોનું કહેવું છે. જે ત્રણ ઉમેદવારો માની રહ્યા નથી તેમને પણ યેનકેન પ્રકારે બેસાડી દેવા મથામણ ચાલી રહી છે. જો આઠેય ઉમેદવારો આજે ફોર્મ પાછા ખેંચી લે તો બપોરે ૩ વાગ્યે ભાજપના મુકેશ દલાલને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવી શકે છે. એકપણ ઉમેદવાર ફોર્મ પાછું નહી ખેંચે તો મુકેશ દલાલ અને તે ઉમેદવાર વચ્ચે ચૂંટણી થશે. જોકે, આજે બપોરે ત્રણ વાગ્યા સુધીમાં સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

## મણિપુરમાં ૧૧ બૂથ પર આજે ફરી મતદાન

### ૧૯ એપ્રિલે આ બૂથ પર હિંસા અને તોડફોડ થઈ હતી

ઈમ્ફાલ,

મણિપુરમાં ઈનર મણિપુર લોકસભા મતવિસ્તારના ૧૧ મતદાન મથકો પર ૨૨ એપ્રિલે ફરી મતદાન થશે. ચૂંટણી પંચે આ અંગે આદેશ જારી કર્યો હતો. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન ૧૯ એપ્રિલે આ બૂથ પર હિંસા અને તોડફોડ થઈ હતી.જે ૧૧ બૂથ પર પુનઃ મતદાન થશે તેમાં સજેબ, ખુરાઈ, થોંગમ, લેકાઈ બમન કંપુ (ઉત્તર-છ), બમન કંપુ (ઉત્તર-બી), બમન કંપુ (દક્ષિણ-પશ્ચિમ), બમન કંપુ (દક્ષિણ-પૂર્વ) નો સમાવેશ થાય છે. ખોંગમેન ઝોન-ફ(છ), ઈરોશેમ્બા, ઈરોઈશેમ્બા મામંગ લીકાઈ, ઈરોઈશેમ્બા મયાઈ લીકાઈ અને ખાડેમ માખા.૧૯ એપ્રિલના રોજ, હિંસા પ્રભાવિત મણિપુર - ઈનર અને આઉટર મણિપુર બેઠકોની બંને લોકસભા બેઠકો માટે ૭૨ ટકા મતદાન થયું હતું.

ચૂંટણી દરમિયાન અનેક બૂથ પર ફાયરિંગ, ઈફ્સ તોડફોડ અને બૂથ કેપ્ચરની ઘટનાઓ નોંધાઈ હતી. બિષ્ણુપુર જિલ્લાના થમનપોકપીમાં એક મતદાન કેન્દ્ર પર ગોળીબારમાં ત્રણ લોકો ઘાયલ થયા છે. દરમિયાન, ઈમ્ફાલ પૂર્વના થોંગજુમાં એક બૂથ પર ઈફ્સ તોડફોડના સમાચાર મળ્યા હતા.

## હવે ૪ વર્ષના ગ્રેજ્યુએશન પછી સીધુ જ PhD કરી શકશે વિદ્યાર્થીઓ

**અંડર ગ્રેજ્યુએશન કોર્સમાં ઓછામાં ઓછા ૭૫ ટકા માર્ક્સ અથવા સમકક્ષ ગ્રેડ જરૂરી**

નવીદિલ્હી,

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન-UGCના ચેરમેન જગદીશ કુમારે મોટી જાહેરાત કરતા જણાવ્યું કે ચાર વર્ષની ગ્રેજ્યુએશન ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ હવે સીધા જ NETમાં બેસી શકે છે અને PhD કરી શકશે.

જુનિયર રિસર્ચ ફેલોશિપ-JRF સાથે અથવા તેના વગર PhD કરવા માટે ઉમેદવારોને તેમના ચાર વર્ષના અંડર ગ્રેજ્યુએશન કોર્સમાં ઓછામાં ઓછા ૭૫ ટકા માર્ક્સ અથવા સમકક્ષ ગ્રેડ હોવો જરૂરી છે. અત્યાર સુધી, નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ-NET પરીક્ષા માટે ઉમેદવાર પાસે ઓછામાં ઓછા ૫૫ ટકા માર્ક્સ સાથે માસ્ટર ડિગ્રી હોવી જરૂરી હતી.

UGCના ચેરમેન જગદીશ કુમારે જણાવ્યું, "ચાર વર્ષની અંડરગ્રેજ્યુએટ ડિગ્રી ધરાવતા ઉમેદવારો હવે સીધા જ PhD કરી શકે છે અને દ્દઈ માટે ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીએ જે વિષયમાં અંડરગ્રેજ્યુએટ ડિગ્રી મેળવી છે એ સિવાયના વિષયમાં પણ PhD કરી શકશે.

## લોકસભા ચૂંટણીમાં ઓછા મતદાનથી ચૂંટણી પંચ ટેન્શનમાં

### નવો પ્લાન કર્યો તૈયાર : વોટર અવેયરનેસ ફોરમ પોતાની સંસ્થા સાથે જોડાયેલા મતદારોની પ્રતિક્રિયાચૂંટણી પંચને જાણ કરશે

નવીદિલ્હી,

પ્રથમ તબક્કામાં સૌથી વધુ બેઠક પર મતદાન થયું હતું. જોકે, વોટિંગમાં ગત લોકસભા ચૂંટણીની તુલનામાં આ વખતે ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે જેને લઇને ચૂંટણી પંચ પણ ચિંતિત છે અને મતદાન વધારવા માટે કેટલીક નવી રણનીતિ પર ભાર મુકવામાં આવી રહ્યોં છે.




લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાનનો આંકડો ૬૫.૫ ટકા સુધી પહોચ્યો છે. ૨૧ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની ૧૦૨ બેઠક પર મતદાન થયું હતું. લોકસભા ચૂંટણી માટે હવે ૬ અન્ય તબક્કામાં મતદાન યોજાશે. મતગણતરી ૪ જૂને થશે. ચૂંટણી પંચ સાથે જોડાયેલા એક સીનિયર અધિકારીએ જણાવ્યું કે ઘટી રહેલા મતદાનને લઈને ચિંતા વધી છે. મતદાન વધારવા માટે કેટલાક પ્રયાસ કરવામાં આવ્યા પણ તેનું પરિણામ આવ્યું નહતું.

અધિકારીએ કહ્યું, "ECએ લોકોને મત આપવા માટે પ્રેરિત કરવા જોરદાર કામ કર્યું હતું. સાથે જ અલગ અલગ પ્રોગ્રામ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. જાણીતી સેલિબ્રિટી તરફથી પણ મતદાન માટે અપીલ કરવામાં આવી હતી. BCCI સાથે મળીને IPLને પણ પ્લેટફોર્મ તરીકે યૂઝ કરવામાં આવ્યું. જોકે, એવું લાગે છે કે આ પ્રયાસ નિષ્ફળ સાબિત થયા છે."

સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું કે ચંટણી પંચના અધિકારી આ કારણો પર વિચાર કરી રહ્યાં છે, જેને કારણે મતદાનની ટકાવારી ઘટી છે. વીકેન્ડ પર તેને લઈને બેઠક મળી હતી અને અલગ અલગ કારણો પર ચર્ચા કરવામાં આવી હતી. ચૂંટણી પંચ હવે કેટલાક નવા પ્રોગ્રામને લઈને આવશે અને મતદારોને જાગૃત કરવાનો પુરો પ્રયાસ કરવામાં આવશે. ઝારખંડના મુખ્ય ચૂંટણી પદાધિકારી રવિ કુમારે કહ્યું કે આખા રાજ્યમાં વોટર અવેરનેસ પ્રોગ્રામ ચાલુ છે, તેમણે કહ્યું કે મતદાન બાદ તમામ વોટર અવેયરનેસ ફોરમ પોતાની સંસ્થા સાથે જોડાયેલા મતદારોની પ્રતિક્રિયાથી ચૂંટણી પંચને જાણ કરશે.

## અચાનક જ સ્મશાનની દીવાલ પડી : ૪ સેકેન્ડમાં જ ૨ બાળકી સહિત ૭ના મોત

ગુરૂગ્રામ,

હરિયાણાના ગુરુગ્રામમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ગુરુગ્રામના મદનપુરી ખાતે આવેલા સ્મશાનગૃહના પાછળના દરવાજાની દીવાલ અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. જેના કારણે દીવાલ નજીક બેઠેલા ૬ લોકો દબાઈ ગયા હતા. કાટમાળ નીચે દબાઈ જવાથી બે બાળકીઓ સહિત ૭ લોકો કાળનો કોળિયો બન્યા હતા.

આ ઘટના અર્જુન નગર પોલીસ ચોકીની બાજુના વિસ્તારમાં બની હતી. અહી સ્મશાનની ૧૮ ફૂટ ઊંચી દીવાલ હતી, જે અચાનક પડી ગઈ હતી. ઘાયલ દિલીપ કુમારની ફરિયાદ પર પોલીસે ન્યૂ કોલોની પોલીસ સ્ટેશનમાં સ્મશાન ભૂમિ સુધારણા સમિતિના મેનેજમેન્ટ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

આ ઘટનાનો એક સીસીટીવી વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં કેટલાક લોકો શેરીમાં દીવાલ નજીક ખુરશી પર બેઠા છે. ૪ સેકન્ડમાં અચાનક દીવાલ પડે છે અને બધા લોકો દીવાલ નીચે દટાઈ જાય છે. દીવાલ પડતી જોઈને તેઓ તેમની ખુરશીઓ પરથી ઊભા થઈને ભાગવાનો પ્રયાસ કરે છે, પરંતુ બધું એટલું ઝડપથી થયું કે તેઓ ઊભા પણ થઈ શક્યા નહી.

## માલદિવની સંસદીય ચૂંટણીમાં રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુની જીત

**પીપલ્સ નેશનલ કોંગ્રેસનો ૬૦થી વધુ સીટ પર વિજય**

માલદિવ,

માલદીવના પ્રમુખ મોહમ્મદ મુઈઝુની પીપલ્સ નેશનલ કોંગ્રેસ એ ૯૩ સભ્યોની સંસદ માટે અત્યાર સુધી જાહેર કરાયેલી ૮૬ બેઠકોમાંથી ૬૬ બેઠકો જીતી લીધી છે. જ્યારે મુખ્ય વિપક્ષી પાર્ટી માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટી માત્ર ૧૨ સીટો પર આગળ છે.

માલદીવમાં રવિવારે યોજાયેલી સંસદીય ચૂંટણીમાં ચીન તરફી પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝુની પીપલ્સ નેશનલ કોંગ્રેસ એ લગભગ બે તૃતીયાંશ બહુમતી સાથે પ્રચંડ જીત મેળવી છે. ચૂંટણી પરિણામો અનુસાર, ૯૩ સભ્યોના ગૃહ માટે યોજાયેલી ચૂંટણીમાંથી ૮૬ બેઠકોના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. મુઈઝુની પાર્ટીને ૬૬ સીટો મળી છે જ્યારે ૬ સીટો અપક્ષના ફાળે ગઈ છે. બાકીની સાત બેઠકોના પરિણામ હજુ જાહેર થયા નથી.

## લોરેન્સ અને અનમોલ બિશ્નોઈ વોન્ટેડ જાહેર

મુંબઈ,

મુંબઈ પોલીસે બોલિવૂડ અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગની ઘટનામાં જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને તેના નાના ભાઈ અનમોલ બિશ્નોઈને 'વોન્ટેડ આરોપી' જાહેર કર્યા છે. એક અધિકારીએ આ માહિતી આપી હતી. અધિકારીએ જણાવ્યું કે આ અઠવાડિયાની શરૂઆતમાં આ કેસમાં ધરપકડ કરાયેલા વિકી ગુપ્તા અને સાગર પાલને કથિત રીતે બિશ્નોઈ ભાઈઓ પાસેથી સૂચનાઓ મળી રહી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે લોરેન્સ બિશ્નોઈ અન્ય કેસમાં ગુજરાતની સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ છે, પરંતુ તેનો ભાઈ કેનેડા અથવા યુએસમાં હોવાનું માનવામાં આવે છે. તેમણે કહ્યું કે મુંબઈ પોલીસ ટૂંક સમયમાં લોરેન્સની કસ્ટડી માંગી શકે છે. લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સલમાનના ઘર પર થયેલા હુમલાની જવાબદારી લીધી હતી.

## લગ્ન સમારોહમાંથી પરત ફરી રહેલી વાન અને ટ્રક અથડાતા ૯ના મોત


જયપુર,તા.૨૧

ઝાલાવાડના અકલેરા નજીક પંચોલામાં એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. લગ્નના સમારોહમાંથી પરત ફરી રહેલી વાન અને ટ્રક અથડાતા નવ લોકોના મોત થયા છે. પોલીસે જણાવ્યું કે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ એસપી રિચા તોમરે જણાવ્યું કે આ દુખદ અકસ્માતમાં ૯ લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. અહીં ઝડપભેર મારુતિ વાન અને ટ્રક-ટ્રોલી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે અકસ્માતનો ભોગ બનેલા લોકો મધ્યપ્રદેશથી લગ્ન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. જ્યારે આ લોકો ઝાલાવાડમાં નેશનલ હાઈવે (NH 52) પર અકલેરા નજીક પહોંચ્યા ત્યારે આ ભયાનક અકસ્માત થયો.ઘટના બાદ સ્થળ પર ચીચીયારીઓ સંભળાઈ હતી. વાન અને ટ્રક-ટ્રોલી વચ્ચે અથડાયા બાદ વાનના ટુકડા થઈ ગયા હતા. અકસ્માતની તસવીરો પરથી અંદાજ લગાવી શકાય છે કે ઘટના કેટલી ભયાનક હતી.

## કુસ્તીબાજ વિનેશ ફોગાટે પેરિસ ઓલિમ્પિક માટે ક્વોટા હાંસલ કર્યો

ભારતની સ્ટાર રેસલર વિનેશ ફોગાટે ૫૦ કિગ્રા વજન વર્ગમાં દેશ માટે ઓલિમ્પિક ક્વોટા હાંસલ કર્યો છે. વિનેશે બિશ્કેકમાં ચાલી રહેલી એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયર્સની સેમી ફાઈનલમાં કઝાકિસ્તાનની લૌરા ગણિક્યાજીને હરાવીને આ સિદ્ધિ મેળવી હતી. વિનેશે ૫૦ કિગ્રા વજન વર્ગની સેમિફાઈનલમાં ગણિક્યજીને ૧૦-૦થી હરાવ્યો હતો. આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચનારા કુસ્તીબાજોને તેમના દેશ માટે પેરિસ ઓલિમ્પિક માટે ક્વોટા મળશે. ૫૦ ઉપરાંત, વિનેશે તાજેતરમાં પટિયાલામાં આયોજિત પસંદગી ટ્રાયલ દરમિયાન ૫૩ કિગ્રા વજન વર્ગમાં પણ ભાગ લીધો હતો. તે ૫૩ કિગ્રા વજન વર્ગની




સેમિફાઈનલમાં હારી ગઈ હતી. પરંતુ ૫૦ કિગ્રા વજન વર્ગમાં જીતના કારણે વિનેશને એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયર માટે એન્ટ્રી મળી હતી. તેણે ૫૦ કિલો વજન વર્ગની ફાઈનલમાં શિવાનીને હરાવી હતી.

## ચૂંટણી બાદ જમ્મુ-કાશ્મીરમાં ૩ મોટા ફેરફારોની તૈયારી

**AFSPA હટાવ્યા પછી પોલીસ રાજ્યને સંભાળશે**

જમ્મુ,

લોકસભા ચૂંટણી બાદ જમ્મુ-કાશ્મીરમાં ત્રણ મોટા ફેરફારો થવા જઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર, સેના અને સ્થાનિક પ્રશાસન સ્તરે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પહેલો ફેરફાર રાજ્યમાંથી આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર્સ એક્ટ (AFSPA)ને દૂર કરીને કરવામાં આવશે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ અંગે સંકેત આપ્યા હતા.

બીજું, જમ્મુ અને કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો. તેની રણનીતિ પાયાના સ્તરે બનાવવામાં આવી છે. ત્રીજું, ૩૦ સપ્ટેમ્બર પહેલા રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજવી. એટલે કે સરકારની કમાન સ્થાનિક લોકોના હાથમાં આવશે.મોટાભાગનું ધ્યાન AFSPA હટાવવા પર છે. આ માટે સેના રાજ્યની સશસ્ત્ર પોલીસને આતંકવાદ વિરોધી કામગીરી માટે તૈયાર કરી રહી છે. ડોડાના બરલા સ્થિત આર્મીની બેટલ સ્કૂલમાં ૧૧૦૦ પોલીસ ઈન્સ્પેક્ટરોને તાલીમ આપવામાં આવી રહી છે.

તેમને ગુપ્ત માહિતીનું વિશ્લેષણ કરવાનું, તેને શેર કરવાનું અને સેના જેવા વિસ્તારોને ઘેરી લેવાનું શીખવવામાં આવે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જમ્મુ-કાશ્મીર પોલીસ પર કેન્દ્ર સરકારનો વિશ્વાસ વધી ગયો છે કારણ કે તે ઘણા ઓપરેશનમાં સેના સાથે કામ કરી રહી છે. પોલીસકર્મીઓ બહાદુરી માટે ખ્યાતિ અને શૌર્ય ચક્ર કમાઈ રહ્યા છે.એક વર્ષમાં ૮૦ પોલીસકર્મીઓને વીરતા મેડલ મળ્યા છે. જ્યારે રાજ્ય સ્તરે ૪૨૪ પોલીસકર્મીઓએ આતંકવાદ વિરોધી કામગીરી માટે સન્માન મેળવ્યું છે.સૂત્રોના જણાવ્યા અનુસાર AFSPA હટાવ્યા બાદ રાજ્યમાં સેનાની જગ્યાએ રાષ્ટ્રીય રાઈફલ્સની ૪-૪ કંપનીઓ રાખવામાં આવી શકે છે. રાષ્ટ્રીય રાઈફલ્સની રચના આર્મીમાંથી ડેપ્યુટેશનના આધારે કરવામાં આવે છે. તેની ૬૩ બટાલિયન છે. તેમને ૧૦૦ થી ૧૫૦ સૈનિકોની ૪-૪ કંપનીઓમાં તૈનાત કરી શકાય છે. અહી તૈનાત ૧.૨૫ લાખ સેનાના જવાનોને પાક-ચીન બોર્ડર પર શિફ્ટ કરી શકાય છે.

CMYK CMYK

# ગરમીમાં હાલ રાહત પરંતુ મંગળવારથી આકરા તાપ માટે તૈયાર રહેજો

## તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો થયો ઘટાડો

અમદાવાદ,

રાજ્યમાં ગરમીથી આંશિક રાહત મળી છે. જેમાં મોટાભાગના શહેરોમાં તાપમાન ઘટ્યું છે. તેમજ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થયો છે. તથા વલ્લભ વિદ્યાનગરમાં સૌથી વધુ ૩૯.૭ ડિગ્રી તાપમાન રહ્યું છે. રાજ્યના ૩ શહેરોમાં તાપમાન ૩૯ ડિગ્રીને પાર ગયુ છે.વડોદરા ૩૯.૦ ડિગ્રી, અમરેલી ૩૯.૪ ડિગ્રી તેમજ અમદાવાદ ૩૭.૬, ગાંધીનગરમાં ૩૭.૩ ડિગ્રી તાપમાન છે.

સુરતમાં ૩૮.૦ ડિગ્રી, રાજકોટમાં ૩૭.૯ ડિગ્રી અને મહુવા ૩૮.૪ ડિગ્રી, સુરેન્દ્રનગર ૩૭.૮ ડિગ્રી તાપમાન છે. વલસાડ ૩૮.૮ ડિગ્રી તથા દમણ ૩૬.૨ ડિગ્રી તેમજ ભુજ ૩૬.૨ ડિગ્રી તથા કંડલા ૩૭.૮ ડિગ્રી અને અમરેલી ૩૯.૪ ડિગ્રી તાપમાન રહ્યું છે. તેમજ ભાવનગર ૩૭.૬ ડિગ્રી, રાજકોટ ૩૭.૯ ડિગ્રી અને સુરેન્દ્રનગર ૩૭.૮ ડિગ્રી તથા મહુવા ૩૮.૪ ડિગ્રી અને કેશોદ ૩૭.૬ ડિગ્રી તાપમાન રહ્યું છે. આ અઠવાડિયાની શરૂઆતથી કાળઝાળ ગરમી પડવાનું ચાલુ થયુ હતુ. ૩ દિવસ અગાઉ તો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ જતાં લોકો રીતસર આગ ઓકતી ગરમીમાં શેકાયા હતા. પરંતુ ૨ દિવસથી મહત્તમ તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે, પરિણામે ગરમીમાં આંશિક ઘટાડો થતાં લોકોએ રાહતનો દમ લીધો છે. ૨ દિવસમાં જ ઉત્તર ગુજરાતમાં મહત્તમ તાપમાન ૫ ડિગ્રી ઘટતાં લોકોએ હાશકારો અનુભવ્યો છે. જો કે, એપ્રિલના અંતમાં અને મે મહિનામાં કાળઝાળ ગરમીના રાઉન્ડ આવવાની શક્યતાઓ રહેલી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે વાદળછાયા વાતાવરણ અને માવઠા બાદ ગરમીનો પારો ઉંચકાયો હતો. આ અઠવાડિયાની શરૂઆતથી જ ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યુ હતુ.



## સૌરાષ્ટ્ર - કચ્છના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ થાય તેવી શક્યતા

અમદાવાદ,

રાજ્યમાં ગરમીનો પારો ઘટ્યો છે. તમામ જિલ્લાનું મહત્તમ તાપમાન ૩૮થી ૩૯ ડિગ્રી સુધી પહોંચ્યું છે. ત્યારે આગામી ૨૪ કલાક બાદ ફરી એકવાર ગરમી વધવાની શક્યતાઓ છે. હાલમાં ગુજરાત ઉપર નીચલા સ્તરમાં પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે. તેને કારણે ૨૪ કલાક હજુ પણ તાપમાનમા ઘટાડો અનુભવાશે. ત્યાર બાદ બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધે તેવી શક્યતાઓ એટલે કે બે દિવસ બાદથી ફરી એક વખત સૌરાષ્ટ્ર અને કચ્છના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ થાય તેવી શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી હતી.છેલ્લા ૨૪ કલાક દરમિયાન આ વર્ષે પ્રથમ વખત આણંદ જિલ્લામાં સૌથી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જયાં ગઈકાલે આણંદ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૯.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.અમદાવાદ શહેરમાં છેલ્લા ત્રણથી ચાર દિવસથી તાપમાનમાં ઘટાડો અનુભવાઈ રહ્યો છે.

## દાદરા નગર હવેલીમાં ૨૧ દિવસમાં નાણાં ડબલની લાલચ આપી ૭૩ લાખની છેતરપિંડી

દાદરા નગર હવેલી,તા.૨૧

દાદરા નગર હવેલીમાં ૨૧ દિવસમાં રૂપિયા ડબલ કરવાની લાલચ આપીને ૧૦ વ્યક્તિ પાસે રોકાણ કરાવ્યા બાદ નાણાં પરત ન કરાતા વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેનો ગુનો દૂધની પોલીસ મથકે નોંધાયો હતો. આ કિસ્સામાં આરોપી તરીકે વર્ણવાયેલા સંદીપ શંકર બોરસાએ હાલ દાનહ બેઠક પર બહુજન સમાજવાદી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી છે.

મોટી દમણના નવીનભાઈ ડાહ્યાભાઈ પટેલે ફરિયાદમાં જણાવાયું કે, ૨૦૨૨માં જી.એસ.બી. મોરિંગા પ્રા. લિ. તથા જી.એસ.બી. ગીતાંજલિ પ્રા.લિ.ના નામથી સંદીપ બોરસા તેમજ દિલીપ બોરસા બિઝનેસ ચલાવતા હતા. સંદીપ બોરસાએ પોતાની કંપનીને પબ્લિક લિમિટેડમાં નવીન પટેલને રોકાણ કરવા કહ્યું હતું જે ૨૧ દિવસમાં પૈસા ડબલ કરી આપશે તેવી લાલચ આપી હતી. જેમા નવીનભાઈએ ૩૩ લાખ, મોહમદઅલીએ રૂ. ૪,૬૮,૦૦૦, સુમન પટેલે રૂ. ૧૨,૨૪,૦૦૦, જયંત પટેલે ૫,૫૦,૦૦૦, રણજીત વળવીએ ૪ લાખ, દીપક કનુ પટેલે ૪,૩૯,૦૦૦, જગદીશ પાટકરે રૂ. ૩,૨૨,૦૦૦, બિપિન પટેલે રૂ. ૩,૪૮,૫૦૦, હિતેશ ભંડારીએ રૂ.૧,૮૬,૦૦૦ તથા સન્મય રાઠોડે રૂ. ૧,૨૦,૦૦૦નું રોકાણ કર્યું હતું. આમ કુલ ૭૩,૫૭,૫૦૦નું રોકાણ થયું હતું. આ રોકાણ બાદ સંદીપ બોરસાને વ્યાજ-મુદ્દલ ચૂકવવાના હતા, પરંતુ રોકાણકારોને કોઈ રકમ ચુકવાઈ ન હતી. જયારે સંદીપ બોરસા પાસે રકમ માંગતા તેઓએ નવીન પટેલને અપશબ્દો કહ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

## લોકસભા ચૂંટણીમાં ફોર્મ ચકાસણી પૂર્ણ ગાંધીનગરમાં સૌથી વધુ ઉમેદવારો

### ૪૩૩માંથી ૩૨૮ ઉમેદવારો માન્ય : આજે ચિત્ર સ્પષ્ટ થશે

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ચકાસણીની કામગીરી પૂર્ણ થઇ છે. ચકાસણીના અંતે લોકસભા ચૂંટણી માટે ૩૨૮, વિધાનસભા પેટા ચૂંટણી માટે ૨૭ ઉમેદવારો માન્ય ઠર્યા છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણી માટે ૧૨થી ૧૯ એપ્રિલ સુધી ઉમેદવારીપત્ર ભરવામાં આવ્યા હતા. જેમાં લોકસભાની ચૂંટણી માટે ૪૩૩, વિધાનસભાની પેટા ચૂંટણી માટે ૩૭ ઉમેદવારો દ્વારા ઉમેદવારીપત્ર ભરાયા હતા. ૨૧ એપ્રિલના ઉમેદવારીપત્ર ચકાસણીના અંતે લોકસભાની ચૂંટણી માટે કુલ ૩૨૮ જ્યારે વિધાનસભાની પેટા ચૂંટણી માટે ૨૭ ઉમેદવારો માન્ય ઠર્યા છે.

ગાંધીનગર લોકસભા બેઠક પરથી સૌથી વધુ ૩૦ જયારે બારડોલી લોકસભા બેઠક પરથી સૌથી ઓછા ૩ ઉમેદવાર માન્ય ઠર્યા છે. અમદાવાદ પૂર્વ બેઠકમાં ૩૪ ઉમેદવારો દ્વારા ૪૪ ઉમેદવારીપત્ર ભરવામાં આવ્યા હતા. આ પૈકી ૧૧ ઉમેદવારોના ઉમેદવારીપત્ર ગેરમાન્ય જયારે ૨૩ ઉમેદવારો માન્ય ઠર્યા છે. બીજી તરફ અમદાવાદ પશ્ચિમમાં ૧૨ ઉમેદવારો દ્વારા ૧૯ ઉમેદવારીપત્ર ભરવામાં આવ્યા હતા. જેમાંથી ૬ ઉમેદવારના ફોર્મ માન્ય ઠર્યા છે.

## સૌથી વધુ નોકરી આપતું કોઈ રાજ્ય હોય તો એ ગુજરાત છે : મુખ્યમંત્રી



### આવનારા ૨૫ વર્ષ વિકાસનો રોડ મેપ પણ તૈયાર કર્યો છે : ભુપેન્દ્ર પટેલે જાહેર સભા સંબોધી

પાટણ

લોકસભાની ચૂંટણી માટે પાટણ વિધાનસભાના પાટીદાર પ્રભાવિત બાલીસણા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રવિવારે સભાને સંબોધી હતી. તેમણે જણાવ્યું હતું તે ગુજરાત સૌથી વધુ નોકરી આપતું રાજ્ય છે.

પાટણ તાલુકાના બાલીસણા ગામે રામજી મંદિર ચોક ખાતે રવિવારે સાંજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાહેર સભા સંબોધી હતી. મુખ્યમંત્રીએ વાઈબ્રન્ટ ગુજરાત થકી આપણને શું લાભ થયો તે જણાવતાં કહ્યું કે વિશ્વની સૌથી મોટી ૫૦૦ કંપનીઓમાંથી ૧૦૦ વધુ કંપનીઓ ગુજરાતમાં કામ કરી રહી છે અને તેના થકી સૌથી વધુ નોકરી આપતું કોઈ રાજ્ય હોય તો એ ગુજરાત છે. આવનારા ૨૫ વર્ષ વિકાસનો રોડ મેપ પણ તૈયાર કર્યો છે. વિકસિત ભારતની સાથે વિકસિત ગુજરાત અને સરકારની દરેક યોજના દરેક વ્યક્તિને ઘરે બેઠા પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા પણ ઊભી કરી છે.

## નિલેશ કુંભાણીએ ૫ કરોડમાં સોદો કર્યો છે : AAP નેતા કાછડિયા

### કાર્યાલય પણ ખોલ્યું નહોતું અને આ કી પ્લાન હતો

સુરત,

નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયા બાદ આપના નેતા દિનેશ કાછડિયાએ કુંભાણી પર આક્ષેપ કર્યો છે કે, નિલેશભાઈએ ૫ કરોડ રૂપિયામાં ૧૦૦ ટકા સોદો કર્યો છે. આ આક્ષેપથી રાજકીય વર્તુળોમાં હલચલ મચી ગઈ છે અને નિલેશ કુંભાણીની સામે સૌ કોઈ શંકાની નજરે જોઇ રહ્યા છે.

આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડિયાએ જણાવ્યું કે, સુરત લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયું તે અંગે પહેલેથી જ લાગતું હતું કે, નિલેશભાઈ લડવાના મૂડમાં નથી.

એકપણ કાર્યાલય શરૂ નથી કર્યું અને કોઈને પણ જવાબદારી આપી નહોતી ત્યાંથી જ ખબર પડી જતી હતી. બીજું ભારતીય જનતા પાર્ટી દ્વારા નિલેશભાઈ સાથે ૫ કરોડમાં સોદો કર્યો હોય એવું દેખાઈ રહ્યું છે.

## લોકસભાની ચૂંટણીમાં ફરજ દરમિયાન ૪૫ વર્ષીય પોલીસ જવાનનું હાર્ટ એટેકથી મોત

સાબરકાંઠા,

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના શામલપુરના અને ગાંધીનગર ખાતે SRPમાં ફરજ બજાવતા કમલેશ લીમ્બચીયાનું ગઈકાલે રાજસ્થાનમાં લોકસભાની ચૂંટણીમાં ફરજ દરમિયાન હાર્ટ એટેક આવતા મોત નીપજ્યું હતું. જેમનો મૃતદેહ આજે તેમના વતન લવાયો હતો. જ્યાં તેમને ગાર્ડ ઓફ ઓનર સાથે વિદાય આપવામાં આવી હતી.

ગુજરાતના ગાંધીનગરમાં મગોડી SRP ગ્રુપ ૧૨માં નાઈના ૫૬ પર ફરજ બજાવતા કમલેશકુમાર માણેકલાલ લીમ્બચીયા કે જે શનિવારે રાજસ્થાનમાં નીમકાથાનામાં લોકસભાની ચૂંટણીમાં ફરજમાં ગયા હતા. જે દરમિયાન તેમને હાર્ટ એટેક આવ્યો હતો.

જેથી તેમને હોસ્પિટલ લઇ ગયા હતા પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ તેમનું મૃત્યુ થયું હતું. ત્યાર બાદ પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી.

રવિવારે સવારે ૧૦ વાગે કમલેશકુમાર લીમ્બચીયા (ઉં.વ.૪૫)નો મૃતદેહ તેમના વતન ઈડર તાલુકાના શામલપુર લાવવામાં આવ્યો હતો. જ્યાં ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ શ્રદ્ધાંજલિ આપીને તેમની અંતિમયાત્રા તેમના ઘરેથી નીકળી હતી. જેમાં સમાજ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## યુવતીએ ઈન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવેલા યુવક સામે છેડતીની ફરિયાદ દાખલ કરી

### નવા બનેલા ફ્રેન્ડ સાથે ફ્રેશ થવા હોટલ ગયેલી યુવતી સાથે એવી ગેમ થઈ કે તાત્કાલિક ત્યાંથી ભાગી



અમદાવાદ,

આજકાલ સોશિયલ મીડિયામાં અજાણ્યા લોકો સાથે વાતચીત કરવી અને મિત્રતા કરવી એ જાણે ટ્રેન્ડ બની ગયો છે. પરંતુ આ અજાણી મિત્રતા ઘણીવાર ખતરો બની જતી હોય છે. જેની પરિણામ પણ ભયંકર આવતું હોય છે. આવો એક ચેતવણીરૂપ કિસ્સો અમદાવાદના વસ્ત્રાપુરમાં સામે આવ્યો છે. જણાવી દઈએ કે યુવતીએ ઈન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવેલા યુવક સામે છેડતીની દરિયાદ દાખલ કરીછે. શહેરમાં રહેતી એક યુવતીને મોડી રાત્રે મિત્રો સાથે બહાર ફરવાનું ભારે પડ્યુ છે. ઈન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવેલા એક યુવકને મળ્યા બાદ તે ઘરે મૂકવાના બહાને હોટલમાં લઈ ગયો હતો.

## ૪૬ લોકો સાથે ૩.૭૪ કરોડની ચીટિંગમાં ફિલ્મ પ્રોડ્યુસર પ્રદીપ ઝડપાયો :૬ દિવસના રિમાન્ડ

### પોન્ઝી સ્કીમ માટે ૧૦થી વધુ કંપની બનાવી એક વર્ષથી ફરાર આરોપી પત્નીના બર્થડે પર આવતા ધરપકડ

અમદાવાદ,

પાલમાં રહેતો અને અનેક ગુજરાતી,પંજાબી તેમજ મરાઠી ફિલ્મોનો પ્રોડ્યુસર પ્રદીપ ઉર્ફે મુન્ના વિદ્યાધર શુકલા(ઉ.વ. ૪૪)ને પોન્ઝી સ્કીમમાં રોકાણના નામે ૪૬ લોકો સાથે ૩.૭૪ કરોડની ચીટિંગ કરવા મામલે ઈકોસેલ ધરપકડ કરી હતી. એક વર્ષથી મુંબઇ અને અમદાવાદ ભાગતો ફરતો પ્રદીપ તેની પત્નીનો બર્થડે ઉજવવા આવતા ઈકોસેલે ઝડપી પાડ્યો હતો. આરોપી પ્રદીપ(રહે કિનારા હાઈટ્સ, ગ્રીનસિટી રોડ, પાલ, મૂળ હંડોર, યુપી)ને ઈકોસેલ શનિવારે કોર્ટમાં રજૂ કરતાં તેને કોર્ટે ૬ દિવસના રિમાન્ડ આપ્યા છે. આ ગુનામાં અત્યાર સુધી ૫ આરોપી ઝડપાયા છે. જયારે પ્રદીપનો પાર્ટનર ધનંજય હજુ ફરાર છે.

પ્રદીપે નાડીદોષ ચાસણી અને રાડો જેવી બનાવી છે. રાડો ફ્લોપ જતા ૧૬ કરોડનું નુકસાન થયાનું પોલીસ સમક્ષ તેણે રટણ કર્યું છે. તે મોટા રોકાણકારોને કમિશન પર કરોડો આપતો હતો. પ્રદીપ અને ટોળકીએ પોન્ઝી સ્કીમમાં રોકાણ માટે ૧૦થી વધુ કંપની ઉભી કરી છે. જેની તપાસ કરાવવામાં આવે તો ચીટિંગનો આંકડો ૫૦૦ કરોડને પાર જવાની શકયતા છે.

બે કંપનીઓમાં ૧૦૨ કરોડનું રોકાણ કર્યું જેમાં ૯ કરોડની રકમ સેબીએ સીઝડ કરી હતી. પ્રદીપની બે કંપનીઓ જે સેબીએ સીઝ્ડ કરી છે એ બંને કંપનીમાં ૧૦૨ કરોડનું રોકાણ કરેલું હતું. જે પૈકી સેબીએ ૧૮ કરોડની રકમ સીઝડ કરી છે. જેમાંથી ૯ કરોડ રિલીઝ કરી બાકીના ૯ કરોડ સિક્યુરિટી પેટે સેબીએ રાખ્યા છે. સેબી પાસેથી સર્ટિફિકેટ ન લેતા બન્ને કંપનીઓ સીઝડ કરી હતી.

## સુરેન્દ્રનગરમાં સળગાવેલી હાલતમાં માનવ અંગો મળી આવતા ચકચાર

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગરમાં સળગાવેલી હાલતમાં માનવ અંગો મળી આવતા ચકચાર મચી છે. સાયલાના ગુંદિયાવડામાં માનવ અંગોને લઈ કુતૂહલ સર્જાયું છે. ધજાળા પોલીસને આ ઘટનાની જાણ થતાં સ્થળ પર દોડી આવી તપાસ હાથ ધરી છે. ધજાળા પોલીસ માનવ અંગોને રાજકોટ ફોરેન્સિક પી.એમ. અર્થે મોકલ્યા છે.સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા તાલુકામાં ગ્રામજનોને સળગાવેલી હાલતમાં માનવ અંગો મળી આવ્યા હતા. ગુંદિયાવડા ગામમાં માનવ શરીરનું હાડપિંજર મળી આવતા ભયનો માહોલ સર્જાયો હતો. સળગાવેલી હાલતમાં માનવ અંગો મળી આવતા ધજાળા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે આ મામલે સઘન તપાસ હાથ ધરી છે, આ માનવ અંગ કોનું હોઈ શકે, ક્યારે આ ઘટના બની હતી વગેરે સંદર્ભમાં વિગતવાર તપાસ કરવા પોલીસે માનવ અંગોને રાજકોટ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. ફોરેન્સિક રિપોર્ટ આવતા આગળ કાર્યવાહી કરવામાં આવશે.

## ગરમી વચ્ચે જળસંકટના એંધાણ, ૨૩ ડેમના તળીયા દેખાયા

અમદાવાદ,

છેલ્લા એકાદ સપ્તાહથી ગુજરાતમાં આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેવી ગરમીને કારણે લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. કાળઝાળ ગરમીને કારણે આગામી દિવસોમાં પાણીની અછત સર્જાય તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. હાલ ગુજરાતમાં ડેમોનાં પાણીનુ જળસ્તર ચિંતાજનક સ્થિતીએ છે. રાજ્યમાં ૨૩ ડેમોમાં સુકાભઠ બન્યા છે. એટલુ એટલુ જ નહીં, ૬૧ ડેમોની એવી દશા છે જેમાં એક ટકાથી ઓછુ પાણી છે. આ પરિસ્થિતી જોતાં ઉનાળુ પાક વખતે સિંચાઈના પાણીને લઈને ખેડૂતોની ચિંતા વધી છે.

ઉત્તર ગુજરાતમાં કુલ ૧૫ ડેમોમાં હાલ ૬૬૮.૨૭ એમસીએમ પાણી છે એટલે કે ૩૪.૫૮ ટકા પાણીનો જળસંગ્રહ છે. મધ્ય



ગુજરાતમાં ૧૭ ડેમોમાં ૧૨૬૭.૯૪ એમસીએમ પાણીનો જથ્થો છે. કુલ મળીને ૫૪.૩૯ ટકા પાણી ઉપલબ્ધ છે. દક્ષિણ ગુજરાતમાં ૧૩ ડેમોમાં ૪૫૮૨.૦૨ એમસીએમ એટલે કે ૫૩.૧૭ ટકા પાણીનો જથ્થો મોજુદ છે. રાજ્યમાં હાલ કચ્છ અને સૌરાષ્ટ્રમાં ડેમોમાં પાણીની જળસપાટી ઘટી છે. કચ્છમાં ૨૦ ડેમોમાં માત્ર ૩૮.૮૬ ટકા જ પાણી છે. જયારે સૌરાષ્ટ્રમાં ૧૪૧ ડેમોમાં હાલ ૬૬૦.૯૩ એટલે કે ૨૫.૫૩ ટકા જ પાણી છે. પીવાના પાણી કરતાં ઉનાળુ પાકને લઈને સિંચાઈના પાણીની ખેંચ ઉભી થાય તેવી શક્યતા જોવાઈ રહી છે.

ખેડા જિલ્લામાં ડેમોમાં ૧૪.૦૩ ટકા, સુરતમાં ૧૪.૭૮ ટકા, દ્વારકામાં ૩.૯૭ ટકા, અમરેલીમાં ૧૮.૩૪ ટકા, બોટાદમાં ૨૨.૯૨ ટકા, સુરેન્દ્રનગરમાં ૨૨.૯૫ ટકા અને જામનગરમાં ૧૮ ટકા જ પાણી ડેમોમાં રહ્યું છે. આ બધાય જીલ્લામાં ડેમોમાં પાણીનો જથ્થો ૨૦ ટકાથી ઓછો રહ્યો છે.

જોકે, નર્મદા ડેમમાં ૪૭૮૯.૬૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે આ જોતાં ચોમાસાના પ્રારંભ સુધી ય પીવાના પાણીમાં મુશ્કેલી થાય તેવી શક્યતા નહિવત છે. પણ કચ્છ-સૌરાષ્ટ્રના ડેમોમાં પાણીની જળસપાટી ઘટી રહી છે. ચિંતાજનક બાબત તો એ છે કે, ૨૩ ડેમ તો જાણે ક્રિકેટ સ્ટેડિયમમાં પરિવતિત થયા છે. છાંટો ય પાણી રહ્યું નથી. આ ઉપરાંત ૬૧ ડેમોની એવી સ્થિતી છે કે, એક ટકાથી ય ઓછુ પાણી રહ્યુ છે. આ ડેમો ય સુકાભઠ થવાની તૈયારીમાં છે.

## અમદાવાદ શહેરના રાજમાર્ગો પર ૩૫ મુમુક્ષુની ભવ્ય સાત કિલોમીટરની લાંબી રથયાત્રા યોજાઈ

### ૪૦૦થી વધુ સાધુ-સાધ્વીઓ આ ભવ્ય રથયાત્રામાં જોડાયાં

અમદાવાદ,

અમદાવાદ શહેરના રાજમાર્ગ પર એકસાથે ૩૫ મુમુક્ષુની ભવ્ય ૭ કિલોમીટરની રથયાત્રા યોજાઈ હતી. ૫ દિવસીય દીક્ષા મહોત્સવના ચોથા દિવસે ( ૨૧ એપ્રિલ) મુમુક્ષુઓની અમદાવાદ શહેરના માર્ગો ઉપર ભવ્ય રથયાત્રા યોજાઈ હતી. જેમાં દીક્ષા લેનાર ૩૫ મુમુક્ષુ મોહમાયા મૂકીને આજે દીક્ષા લેતા પહેલાં અંતિમ વાર શણગાર સજ્યો હતો.

૩૫ મુમુક્ષુ સહિત તેમનાં પરિવારજનો અને ૪૦૦થી વધુ સાધુ-સાધ્વીઓ આ ભવ્ય રથયાત્રામાં જોડાયાં હતાં. શહેરના રાજમાર્ગ પર આ રથયાત્રામાં બેન્ડવાજાં, હાથી, ઘોડા સહિત કેરળ-પંજાબી નૃત્યનું શહેરવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ઢોલનગારાં અને બેન્ડવાજાં, ડીજે અને વિવિધ રાજ્યની ઝાંખી કરાવતાં પ્રદર્શનો રથયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. હાથી, ઘોડા સહિત કેરળ અને પંજાબની ઝાંખી કરાવતા નૃત્ય કલાકારો સાથે બેન્ડવાજાં અને શણગારેલા રથ બનાવ્યા તેમાં મુમુક્ષો બિરાજમાન થયા હતા. આ સાથે રથયાત્રામાં મુમુક્ષુનાં પરિવારજનો પણ જોડાયાં હતાં. ૭ કિલોમીટર લાંબા રાજમાર્ગો ઉપર જિનશાસનના નારા ગુંજી ઊઠ્યા હતા.૩૫ મુમુક્ષુ અંતિમ વાર સંસારિક શણગારથી સજ્જ બનીને રાજમાર્ગો પર ફરીને તેમની મોહમાયાનો ત્યાગ કરતા જોવા મળ્યા હતા. જેમાં રોજિંદા જીવનની ઉપયોગી વસ્તુઓ ઉપરાંત કળિયુગનો સૌથી મોટો મોહ એવા રૂપિયાની પણ ઉછામણી કરીને સંસારને મોહમાયાથી દૂર જવાનો સંદેશો આપી રહ્યા હતા.

# રાજકોટમાં ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી, ૩ કિલોમીટરની શોભાયાત્રા, ૬૫થી વધુ યુવાને પ્રભુજીનો રથ ઉઘાડા પગે ખેંચ્યો


(તસ્વીર દિલીપ ગોહેલ)

જૈન ધર્મના ચોવીસમાં તેમજ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીનો જન્મ થયો હોવાથી આ દિવસને મહાવીર જયંતિ તરીકે મનાવવામાં આવે છે. શહેરના જૈન અનુયાયીઓ દ્વારા મહાવીર જયંતિ અંતર્ગત રાજકોટમાં શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# એમ.ડી. ડ્રગ્સની પડીકી બનાવી સપ્લાય કરે તે પહેલા પેડલર ઝડપાયો


રાજકોટઃ'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત એસઓજીની ટીમ પેડલરો પર વોચમાં હતી ત્યારે રૈયાધારનો ભાવેશ રાઠોડ રૂા.૨.૪૦લાખના ૨૪.૦૧ ગ્રામ મેફેડ્રોન સાથે ઝડપી પાડી મોટી કાર્યવાહી કરી હતી. પુછતાછમાં ડ્રગ્સની સપ્લાય મીર નામના શખ્સે કરી હોવાની કબુલાત આપતા તેની શોધખોળ હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયાએ યુવાધન નશાના રવાડે ન ચડે તેમજ નાર્કોટીક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત પેડલરો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ જે.એમ. કૈલાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રસિંહ જાડેજા અને દિગ્વીજયસિંહ ગોહિલને રૈયાધામ શેરી નં.૩ના ખુણે મુકિતધામ સામે વિજપોલ પાસે એક શખ્સ ડ્રગ્સના જથ્થા સાથે હોવાની ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી મેફેડ્રોન ડ્રગ્સની પડીકી બાંધતા શખ્સને પકડી નામ પુછતા ભાવેશ પ્રવિણ રાઠોડ (ઉ.૨૭) (રહે. જુનો વણકરવાસ, રૈયા ગામ) જણાવ્યું હતું. એસઓજીની ટીમે મેફેડ્રોન ડગ્સ ૨૪.૦૧ ગ્રામ રૂા.૨.૪૦ લાખ અને મોબાઈલ ફોન મળી રૂા.૨.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પુછતાછ હાથ ધરી હતી. વધુ પુછમરછમાં પેડલર ભાવેશ પહેલા ઈલેકટ્રીક કામની મજુરી કામ કરતો હતો. બાદમાં ડ્રગ્સનો બંધાણી થઈ જતા બેરોજગાર સાથે આર્થીક ભીંસમાં સપડાતા પેડલર બન્યો હતો. તેને ડ્રગ્સનો જથ્થો મીર નામના શખ્સે સપ્લાય કર્યુ હોવાનું અને છુટક વેંચવાની પેરવીમાં હોવાની કબુલાત આપી હતી.

# એસટી બસપોર્ટમાંથી યુવકનું ખિસ્સું હળવું થયું

રાજકોટ,એસટી બસપોર્ટમાંથી કાલાવડના યુવકનું ખિસ્સામાં રહેલ રૂ.૫ હજાર રોકડ અને ડોક્યુમેન્ટ ભરેલ પાકિટની અજાણ્યો શખ્સ ચોરી કરી નાસી છૂટતાં એ. ડિવિઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.બનાવ અંગે કાલાવડમાં સ્વામિનારાયણ શેરીમાં રહેતાં રાજેશભાઈ હસમુખભાઈ ઉનાગર (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રાજકોટમાં આવેલ જય કિશન ઈન્જીનયરીંગમાં નોકરી કરે છે. તે દરરોજ કાલાવડથી રાજકોટ એસ.ટી.બસમાં અપ-ડાઉન કરે છે. ગઈ તા.૧૨/૦૪/૨૦૨૪ ના સાંજના પાંચેક વાગ્યાની આસપાસ તેઓ કામ પરથી છુટીને એસ.ટી બસ સ્ટેશન આવેલ અને રાજકોટથી કાલાવડ જવાનુ હોય જેથી એસ.ટી.બસ બસ સ્ટેશન પર પ્લેટ ફોર્મ નં.૧૩ ઉપર કાલાવડ જતી બસની રાહ જોઈને ઉભેલ હોય ત્યારે રાજકોટ-કાલાવડ જતી બસ આવેલ અને બસમાં ચડતા હોય તે સમયે ખુબ જ ભીડ હોય.ત્યારે પેન્ટના પાછળના ખીસ્સામા રાખેલ પાકીટ ગુમ હતું. જેમાં રોકડ રૂ.૫ હજાર, ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ અને એ.ટી.એમ.કાર્ડ હતાં. જે કોઈ અજાણ્યો શખ્સ ભીડનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તસ્કરની શોધખોળ હાથ ધરી હતી.

# મોડી રાતે છાત્રાના રૂમમાં ઘુસી કિશન આહિરે છેડતી કરી શરીરે હાથ ફેરવવા લાગ્યો

રાજકોટઃમવડી વિસ્તારમાં રૂમ ભાડે રાખી રહેતી એમબીએની છાત્રાના રૂમમાં ઘુસી કિશન આહિર નામના શખ્સે શરીરે હાથ ફેરવી છેડતી કરતાં યુવતી ભયભીત થઈ ગઈ હતી. બનાવ અંગે માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.બનાવ અંગે મવડી ચોકડી નજીક રહેતી ૨૨ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કિશન આહીર નામના શખ્સનું નામ આપતાં માલવીયાનગર પોલીસે છેડતીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેણી તેની બહેનપણી સાથે રહે છે અને એમ.બી.એ.ના ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે. ગઈકાલ રાત્રીના એકાદ વાગ્યાની આસપાસ તેણી તેની બહેનપણી સાથે રૂમમાં વાતો કરતા કરતા સુતા હતા. ત્યારે તેમના



રૂમનો દરવાજો ખુલ્લો હતો અને તેઓ સુઈ ગયેલ હતાં. બાદમાં રાત્રીના સમયે અચાનક તેણીના શરીર અને છાતીના ભાગે કોઈનો સ્પર્શ થતાં તે જાગી ગયેલ અને ત્યારે જોયેલ તો તેમની બાજુમાં એક પુરુષ સુતેલ જોયેલ જેથી તેણી ગભરાઈ ગયેલ હતી. દરમિયાન તેણીએ ઉભા થવાનો પ્રયત્ન કરતાં યુવકે બાથ ભીડી જબરદસ્તી કરવાની કોશીશ કરતા તેણીએ રાડ પાડેલ જેથી તેની બહેનપણી જાગી ગયેલ અને તેણે તરત અમારા રૂમની લાઈટ ચાલુ કરેલ ત્યારે તેણીએ પાછળ ફરીને જોતા તેમની પાડોશમાં રહેતો કિશન આહીર હતો. જે કિશન આહિરે તેને બાથમાંથી મુકી દિધેલ અને તે બહાર ભાગીને અગાશીની દિવાલ કુદી બાજુમાં તેના ઘરની સીડી મારફતે નીચે ઉતરી તેના ઘરમાં ભાગી ગયેલ હતો. આરોપી કિશન આહિરે પહેલા પણ તેના મકાનની અગાશી ઉપર બેસી અવાર નવાર ગંદી નજરથી જોયા કરતો હતો.ત્યારબાદ તરત જ તેમના ફ્રેંડ સર્કલને ફોન કરી બાબત અંગે જાણ કરતાં તેઓ અને પડોશીઓ દોડી આવેલ હતાં અને બાદમાં પોલીસ મથકે આવી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર. દેસાઈની રાહબરીમાં ટીમે આરોપી કિશન આહીર નામના શખ્સની ગણતરીની કલાકોમાં ધરપકડ કરી કાર્યવાહી કરી હતી.

# અકસ્માતના કેસમાંવીમા કંપનીએ મૃતકના વારસદારોને રૂા. ૧.૭૫ લાખ ચુકવ્યા

રાજકોટઃ

અકસ્માતના કેસમાં પ્રથમ વીમાકંપનીએ પોતાના વાહનની સંડોવણી નકારેલી, જે ઓછી વીમા કંપનીએ મૃતકના વારસદારોને રૂ૧.૭૫ લાખ ચુકવ્યા હતા.કેસની વિગત મુજબ, ગુજરનાર પ્રદીપભાઈ વેલજીભાઈ ઢોલરીયા (ઉ.વ.૪૧) યો-બાઈક લઈ જતા હતા ત્યારે ઓટોરીક્ષાના ચાલકે ઓટોરીક્ષા માનવ જીંદગી જોખમાય તે રીતે બેદરકારી પુર્વક ચલાવીને રસ્તા પર ઓટોરીક્ષા પલ્ટી ખવરાવી દીધેલ અને ગુજરનારને તેમના મોટર સાઈકલ સહીત પાછળથી હડફેટે લીધેલ. ગંભીર ઈજાઓને કારણે તેઓનું મોત નીપજેલ. જેથી રીક્ષા ચાલક સામે ગુન્હો દાખલ થયેલો.ગુજરનારના વારસદારો દ્વારા રાજકોટ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં વળતર મેળવવા અંગેનો કલેઈમ કેસ દાખલ કરવામાં આવેલ. રિક્ષાની વીમાકંપની ગો-ડીજીટ જનરલ ઈન્સ્યોરન્સ પ્રા.લી. દ્વારા સૌ પ્રથમ આ અકસ્માતમાં પોતાના વાહનની સંડોવણી અંગે ઈનકાર કરવામાં આવેલ, પરંતુ ત્યારબાદ અરજદારના એડવોકેટની દલીલો ધ્યાને લઈ સંડોવણી સ્વીકારેલ અને તે અંગે સંપુર્ણ પણે પોતાની જવાબદારી સ્વીકારેલ અને સમાધાન કરી ગુજરનારના વારસદારો ને રૂ૧.૭૫ લાખ વળતર પેટે ચૂકવ્યા હતા.

# સારંગપુરમાં મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ફૂલદોલ ઉત્સવ ઉજવાયોઃ ૭૫૦૦૦ હરિભક્તો અધ્યાત્મ અને કેસુડાના રંગે રંગાયા

સારંગપુરઃ

ભગવાન સ્વામિનારાયણે વડતાલ, ગઢપુર, સારંગપુર, અમદાવાદ એવા વિવિધ સ્થળોએ ફૂલદોલના સમૈયાઓ કરીને ભક્તોને સ્મૃતિઓ આપીને ગુજરાતની ધરાને ભક્તિભીની કરી હતી. તેની કાયમી સ્મૃતિ માટે આ સમૈયો દર વર્ષે સારંગપુર ખાતે ઉજવાતો આવ્યો છે. પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજ દર વર્ષે ફૂલદોલનો ઉત્સવ સારંગપુર ધામધૂમપૂર્વક ઉજવાતા જેની સ્મૃતિઓના આજે પણ સૌ કોઈ સાક્ષી છે. તેઓ આશીર્વાદ આપતાં કહેતા કે, દુનિયાના રંગે તો બધા રંગાઈ છે પણ આપણે ભગવાનના રંગે રંગાવવાનું છે. એજ પરંપરામાં પ.પૂ.મહંતસ્વામી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં આ વર્ષે આજના દિવસે આ ફૂલદોલ ઉત્સવ ભવ્યતાપૂર્વક ઉજવાયો હતો જેમાં દેશ-પરદેશથી ૭૫૦૦૦ હરિભક્તો આ પ્રસંગે લાભ લેવા પધાર્યા હતા.

વહેલી સવારથી જ સમગ્ર સારંગપુર ગામ હિલોળે ચડ્યું હતું. હરિભક્તોના વિશાળ પ્રવાહથી સારંગપુર મંદિર પરિસર ઊભરાતું હતું.





પરદેશથી અને ભારતના વિવિધ પ્રાંતોમાંથી પણ હરિભક્તો રંગોત્સવ નિમિત્તે સારંગપુરમાં ઉમટ્યા હતા.

આટલી મોટી સંખ્યામાં આવનાર હરિભક્તોની વ્યવસ્થા પણ સુંદર રીતે કરવામાં આવી હતી. ૩૦ જેટલા સેવાવિભાગોમાં ૮૦૦૦ સ્વયંસેવક-સેવિકાઓ ખડેપગે ઊભા રહીને સેવા કરી રહ્યા હતા. હરિભક્તોની સુવિધા માટે થોડા થોડા અંતરે પૂછપરછ કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિવિધ સેવા વિભાગોમાં સંતો-ભક્તોએ ઉપવાસ-વ્રત કરતાં કરતાં તનતોડ સેવા કરી હતી.


હરિભક્તો મંદિર પરિસરમાં દર્શન કરી બી.એ.પી.એસ. વિદ્યામંદિરના પ્રાંગણમાં પ્રવેશ કરી રહ્યા હતા. ત્યાં ૧૦ લાખ ચોરસફૂટ ભૂમિને સ્વચ્છ અને સમથળ કરીને સભામંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. સાંજે ૫:૪૫ વાગે જ્યારે ફૂલદોલ ઉત્સવની મુખ્ય સભાની શરૂઆત થઈ ત્યારે સભાસ્થળ હરિભક્તો-ભાવિકોથી ઉભરાતું હતું. સભામાં પ્રવેશ પ્રાપ્ત કરતા જ તમામ હરિભક્તોને આનંદની અનુભૂતિ થતી હતી. વિશાળ મંચ પર પ.પૂ.મહંતસ્વામી મહારાજે કરેલ યુગકાર્યો રોબીન્સ્વીલ અક્ષરધામ તથા અબુધાબીમાં નિર્મિત ભવ્ય હિન્દુ મંદિરની પ્રતિકૃતિઓ મંચની પીછવાઈમાં શોભી રહી હતી. આ સાથે જ સંસ્થાની વિવિધ સામાજિક સેવાઓમાં અગ્રેસર રહી કાર્ય બજાવતાં કાર્યકરોની સ્મૃતિઓ મંચ પર કંડારવામાં આવી હતી. આ સંદેશને અનુરૂપ સંસ્થાના સદગુરુવર્ય સંતો પૂ. વિવેકસાગર સ્વામીએ બી.એ.પી.એસ. સંસ્થાના પાયામાં રહેલા કાર્યકરોના સમર્પણ અને બલિદાનને કાર્યકર સુવર્ણ મહોત્સવ વર્ષે બિરદાવ્યું હતું. બી.એ.પી.એસ. સંસ્થાના આંતરરાષ્ટ્રીય કન્વીનર પૂ. ઈશ્વરચરણ સ્વામીએ આવનારી ચૂંટણીઓને અનુલક્ષીને રાષ્ટ્રનો ઉત્કર્ષ અને વિકાસ માટે દરેક નાગરિકની ફરજ રૂપે મતદાન કરવા અનુરોધ કર્યો હતો. અને પૂ. ડૉક્ટર સ્વામીએ આજના ફૂલદોલ ઉત્સવના મધ્યવર્તી વિચાર 'અંતર અક્ષરધામ' વિષયક હૃદયસ્પર્શી અને મનનીય પ્રસંગો કહ્યા હતા.

પ.પૂ. મહંતસ્વામી મહારાજે રંગોત્સવ પર્વે આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, 'આપણે સૌ દિવ્ય અને અંતરના રંગે રંગાવા માટે અહીં આવ્યા છીએ. બહારના રંગ એક વાર ચડે ને પછી ઉતરી જાય પરંતુ આ રંગ એક વાર ચડે પછી ઉતરે જ નહિ. અંતરના રંગે રંગાવા ભગવાનની પ્રાપ્તિનો વિચાર કરવો.' ત્યારબાદ ઉત્સવની ચરમસીમા આવી, જેમાં પ.પૂ.મહંતસ્વામી મહારાજે અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કરી, તેમને પિચકારીથી રંગે રંગ્યા હતાં. ત્યારબાદ ઉપસ્થિત તમામ સંતો અને હરિભક્તોએ આરતી અર્ઘ્ય અર્પણ કર્યું હતું. પ.પૂ. મહંતસ્વામી મહારાજે પ્રસાદીના રંગથી સૌપ્રથમ વડીલ સદગુરુ સંતોને રંગ્યા હતા અને સંતોએ કલાત્મક હારતોરાથી તેઓને વધાવ્યા હતા. ત્યારબાદ શરૂઆત થઈ અવિસ્મરણીય રંગોત્સવની જેમાં હરિભક્તો પંક્તિબદ્ધ થઈ આનંદમાં ઝૂમતાં ઝૂમતાં સ્વામીશ્રીની સન્મુખ આવતા હતા.

# ૨૨ એપ્રિલ, "વિશ્વ પૃથ્વી દિવસ"

## પૃથ્વીની વય વધારવી એ જ માનવીનું કર્તવ્ય

## 'વસુધૈવ કુટુંબકમ' - 'આખું વિશ્વ એક કુટુંબ છે.'




લોકો કુદરતી સ્રોતોનો વિવેકપૂર્વક ઉપયોગ કરે અને હવા, પાણી, જમીન તથા અવાજનું પ્રદૂષણ ઘટાડે તે હેતુથી સૌને જાગૃત કરવા ૨૨ એપ્રિલ,૧૯૭૦ થી 'પૃથ્વી દિવસ' મનાવવાનું શરૂ કરાયું હતું.

તે વખતના અમેરિકાના સાંસદ ગેરોલ્ડનેશનલે પૃથ્વી દિવસ મનાવવાનો પ્રારંભ કરાવ્યો હતો. પાણી, વનસ્પતિ, ખનીજ તેલ જેવા કુદરતી સ્રોતોના બેફામ ઉપયોગના કારણે આજે વિશ્વમાં પાણી, શુધ્ધ હવા જેવા સ્રોતોની ખેંચ વર્તાઈ રહી છે. પૃથ્વી ઉપર ભારણ વધ્યું છે. તેથી જ કદાચ કુદરતે કોરોના મહામારી જેવી પરીસ્થિતિનું સર્જન કર્યુ છે. પૃથ્વીના ગુણગાન અને તેની પૂજા વેદોમાં કરવામાં આવે છે. ઋગ્વેદ ઉપરાંત અથર્વવેદના બારમા મંડળના ભૂમિક સૂક્તમાં પૃથ્વીની ઉત્પત્તિ વિશે બતાવ્યુ છે. બ્રહ્મા અને વિશ્વકર્મા વગેરે દેવતાઓને કારણે પૃથ્વી પ્રગટ થઈ. આ સૂક્તમાં ૬૩ મંત્રોમાં પૃથ્વીની વિશેષતા અને તેના પ્રતિ મનુષ્યોના કર્તવ્યોનો બોધ કરાવ્યો છે. જે રીતે માતા પોતાના પુત્રોની રક્ષા માટે ભોજન પ્રદાન કરે છે એ જ રીતે માતાની રક્ષા કરવી પુત્રોનુ પણ કર્તવ્ય છે. જ્યારે વિશ્વકર્માએ અંતરિક્ષમાં હવન કર્યુ તો પૃથ્વી અને તેમા છિપાયેલા ભોજ્ય પદાર્થ પ્રગટ થઈ ગયા. જેનાથી ધરતી પર રહેનારા લોકોનું પાલણ પોષણ થઈ શકે. મતલબ ભગવાન વિશ્વકર્માએ જ્યારે લોકકલ્યાણની ભાવનાથી હવન કર્યું ત્યારે બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતા પ્રગટ થયા અને બધા દેવતાઓમાંથી શક્તિનો અંશ કાઢ્યો અને એક શક્તિ પૂંજ બની ગયુ. પછી એ શક્તિ પુજ ધરતીના રૂપમાં બદલાઈ ગયું.

વેદોમાં પૃથ્વીને માતા માનવામાં આવે છે. તેથી તેની સુરક્ષા આપણુ કર્તવ્ય છે. ધરતીને પવિત્ર અને મા નુ રૂપ માનતા આપણે તેનાથી મળનારા પદાર્થોને વ્યર્થ ન જવા દેવા જોઈએ. પ્રદૂષણ અને ગંદકી વધવાથી રોકવી જોઈએ અને પૃથ્વી પર વધુથી વધુ વૃક્ષ ઉગાડવા જોઈએ. પૃથ્વીને સ્વસ્થ રાખવા વીજળી બચાવવી જોઈએ જેનાથી ગ્લોબલ વોર્મિંગની સ્થિતિથી બચી શકાય છે, પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ, પ્લાસ્ટિકને કારણે પૃથ્વી પર અતત ગંદકી વધી રહી છે, કેમિકલ અને તેનાથી બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી બચવું જોઈએ કેમિકલથી પૃથ્વી પર પાણી, હવા અને માટી એટલે કે દરેક પ્રકારનું પ્રદૂષણ ફેલાય છે. તેને રોકવુ જોઈએ. જીવહત્યા અટકાવવી જોઈએ.

# સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા શાળા સંચાલકોને હીટવેવથી અસરો ટાળવા અંગે સૂચનો

રાજકોટઃ વર્તમાન સમયમાં સમગ્ર દેશમાં ચાલી રહેલા હિટવેવ ની પરિસ્થિતિ માં વિદ્યાર્થીઓ શિક્ષકો અને શાળાના કર્મચારીઓ ને હિટ ટ્રક થી બચવા માટે સંચાલક મંડળ દ્વારા લોકહિતમાં સૂચનો અને ઉપાયો છે આપવામાં આવ્યા છે.

તડકામાં માથું ઢાંકેલું રાખવું. વારંવાર પાણી પીવું. ફ્રીઝ કે બરફના પાણીના બદલે માટલાના પાણીનો ઉપયોગ કરવો. બપોરના સમયે શાળામાં કે ઘરમાં અથવા ઝાડના છાયડામાં રહેવું. તાપમાં ફરવું નહી. આછા રંગના સુતરાઉ કપડા પહેરવા. આંખોનું રક્ષણ કરવું. ખુલ્લાં પગે બહાર નીકળવું નહી. બાળકોને શીતલી પ્રાણાયામ શીખવવા જે ગરમીથી રક્ષણ આપે છે. સવારે અને સાંજે નિત્ય ઠંડા પાણીથી સ્નાન કરવું. ઠંડા પાણીથી સ્નાન કરતી વખતે પ્રથમ માથા પર કે ઉપરના અંગો પર પાણી નાખવું જેથી શરીરની ગરમી માથા પર ન ચડે. ગરમ મસાલા વાળા તેલમાં તળેલા ખોરાક લેવાનું ટાળો. છાશનો ઉપયોગ કરવો. ભોજન વચ્ચે આયુર્વેદ અનુસાર થોડું પાણી પીવું. મોંમાં પાણી ભરી આંખોમાં ઠંડુ પાણી છાંટવું. ગરમીના દિવસોમાં કૂણાં લીમડાના પાન કે લીમડાના ફૂલનો રસ પીવાથી ગરમીથી રક્ષણ મળે છે. જવને શેકીને લોટ બનાવી થોડો લોટ પાણીમાં નાખી તેમાં સાકર ભેળવીને પીવાથી પણ ગરમીમાં રક્ષણ મળે છે. ચા કોફી અને ઠંડા પીણાના બદલે લીંબુ પાણી કેસુડાના ફૂલનું શરબત અને બિલ્વ ફળના શરબતનો ઉપયોગ કરવો. કોલ્ડ્રિંક્સના બદલે શેરડીના (બરફ વગરના) રસનો ઉપયોગ કરવો. શાળાઓમાં શિક્ષકોની મદદથી બાળકોને હિટવેવ તેનાથી અસરો અને તેનાથી બચાવના ઉપાયો વિશે સમજણ આપવી. ઉનાળા દરમ્યાન કોઈ ઓપન - એર વર્ગો હાથ ધરવામાં આવશે નહીં .

રાજકોટ જિલ્લાની તમામ શાળાના સંચાલકો દ્વારા તમામ શાળાઓને પૂરતી તકેદારી રાખવા અપીલ કરવામાં આવે છે.

# સમસ્ત મહાજન દ્વારા અહિંસા યાત્રા શરુ

## વિવિધ લોકસભાના ઉમેદવારોને રૂબરૂ મળી અહિંસા, જીવદયા પ્રવૃતિઓ અંગેનું આવેદન

રાજકોટઃસમસ્ત મહાજન દ્વારા વિવિધ લોકસભા ચુંટણીનાં ઉમેદવારોને રૂબરૂ મળી અહિંસા, જીવદયા પ્રવૃતિઓ અંગેનું અહિંસા યાત્રાનું આવેદન પાઠવાઈ રહ્યું છે છે. સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશભાઈ શાહના માર્ગદર્શન મુજબ દિપકભાઈ રાણપુરા અને સમસ્ત મહાજનની ટીમ દ્વારા અમદાવાદ પૂર્વ લોકસભાના ઉમેદવાર શ્રી હસમુખભાઈ પટેલ તથા અમદાવાદ પશ્ચિમ લોકસભાના દિનેશભાઈ મકવાણા તથા ખેડાના લોકસભાના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણને રૂબરૂ મળી અહિંસા યાત્રા અંતર્ગત વિસ્તૃત માહિતી અને ૮ મુદ્દા ની રજૂઆત કરવામાં આવી.

અત્રે ઉલેખનીય છે કે, સમસ્ત મહાજન દ્વારા આ અગાઉ પણ મહેસાણાનાં ઉમેદવાર હરિભાઈ પટેલ, પાટણનાં ઉમેદવાર ડાભીજીને, દીપકભાઈ રાણપુરા દ્વારા સુરેન્દ્રનગરનાં ઉમેદવાર ચંદુભાઈ શિહોરાને, પ્રકાશભાઈ સોની દ્વારા હિંગોલી, મહારાષ્ટ્રનાં કેન્દ્રીય મંત્રી ભાગવતજી કરાડ, મહારાષ્ટ્રનાં મંત્રી ઉદયજી સામંત, માજી ખાસદર, એકટર ગોવિન્દા, લોકસભા ઉમેદવાર બાબુરાવજી કદમ, મહેન્દ્રભાઈ શેઠ કરોડા પાર્શ્વનાથ તીર્થ, ઉદયપુર, રાજસ્થાન ખાતે ચિતોડગઢ, રાજસ્થાનનાં લોકસભા ઉમેદવાર ચંદ્રપ્રકાશ જોશી સહિતનાઓને મળી અહિંસા યાત્રાનું આવેદન પાઠવવામાં આવ્યું હતું.

આ સિવાય ભારતમાંથી માછીમારીને પ્રોત્સાહિત કરવાનું બંધ કરવા અને દેશમાં પાંજરાપોળ અને તમામ ગૌશાળાઓને પ્રતિ દિવસ પશુ દીઠ રૂ. ૧૦૦/- સબસિડી આપવા, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગ પર પ્રતિબંધ લાદવા, ભારતના ૬.૫૦ લાખ ગામડાઓની ગૌચરનો વિકાસ કરવા વગેરે મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બાબતે તમામ રાજકીય પક્ષોનાં ઉમેદવારો પાસે વચન લેવામાં આવી રહ્યા છે. સમસ્ત મહાજન દ્વારા ભારતની ૧૦૦ કરોડ જીવદયા પ્રેમી જનતાને પોતાના ક્ષેત્રનાં લોકસભા ઉમેદવારોને મળીને અહિંસા યાત્રાનું આઠ મુદ્દાનું આવેદન પત્ર પાઠવવા માટે વિનંતી કરવામાં આવી છે.

અહીંસા યાત્રાની વિશેષ વિગતો માટે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશ શાહ (મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬) અને મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ઓખા-પુરી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

રાજકોટઃદક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ ડિવિઝન પર કાઝીપેટ-વિજયવાડા સેક્શનમાં નોન ઈન્ટરલોકિંગ કામ ને કારણે ઓખા-પુરી-ઓખા એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રુટ પર દોડશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

૧) ૧, ૮ અને ૧૫ મે ના રોજ ઓખા થી ચાલતી ટ્રેન નં ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વર્ધા - બલ્હારશાહ – વિજયવાડા - વિશાખાપટ્ટનમ – ખુર્દા રોડ ના સ્થાને તેના ડાયર્વટ કરાયેલ માર્ગ વાયા વર્ધા – નાગપુર – રાયપુર – ટિટિલાગઢ – રાયગઢ – વિજયનગરમ – ખુર્દા રોડ ના માર્ગ પર દોડશે. આ ટ્રેન ચંદ્રપુર - બલ્હારશાહ - સિરપુર કાગઝનગર – મંચિર્યાલ – રામગુંડમ – વારંગલ – વિજયવાડા – એલુરુ – રાજામુન્દ્રી – સામલકોટ – અનકાપલ્લી -વિશાખાપટ્ટનમ સ્ટેશનો પર જશે નહીં.

૨) ૨૮ એપ્રીલ , ૫ અને ૧૯ મે ના રોજ પુરી થી ચાલતી ટ્રેન નં ૨૦૮૧૯ પુરી - ઓખા એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ ખુર્દા રોડ – વિશાખાપટ્ટનમ – વિજયવાડા – બલ્હારશાહ - વર્ધા ના સ્થાને તેના ડાયર્વટ કરાયેલ માર્ગ વાયા ખુર્દા રોડ – વિજયનગરમ – રાયગઢ – ટિટિલાગઢ – રાયપુર – નાગપુર – વર્ધા ના માર્ગ પર દોડશે. આ ટ્રેન વિશાખાપટ્ટનમ – અનકાપલ્લી – સામલકોટ – રાજમંદ્રી – એલુરુ – વિજયવાડા – વારંગલ – રામગુંડમ – મંચિર્યાલ – સિરપુરકાગઝનગર – બલ્હારશાહ - ચંદ્રપુર સ્ટેશનો પર નહીં જાય.

ટ્રેનોના સ્ટોપેજ, રચના, રૂટ અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## કટ્ટરવાદ નહી રાષ્ટ્રવાદ

રાષ્ટ્ર સર્વોપરી હોવું જરૂરી છે પરંતુ આજે તેનાથી વિરુદ્ધ દિશામાં આપણે જઈ રહ્યા છીએ. ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સૌથી મહત્વની વાત રાજકીય સ્વાર્થ નહીં પરંતુ રાષ્ટ્રવાદ નું સમર્થન હોવું જરૂરી છે. રાજકીય પક્ષો સત્તા પ્રાપ્ત કરવા માટે વિરોધી પાર્ટીઓ પર કાદવ ઉછાળે, આક્ષેપો કરે, આંદોલનો કરે અને પોતાના સમાજ પોતાની જ્ઞાતિ પોતાની જાતિ ને સર્વોત્તમ માની અન્યને ઉતરતા માની તેને અપમાનિત કરે તે વ્યાજબી નથી. મામુલી વાતમાં મોટા આંદોલનો શરૂ કરવા પણ યોગ્ય નથી.કારણ કે તેનાથી પ્રજાને પરેશાની થાય છે. વ્યક્તિગત અને સામાજિક વ્યવહારમાં નૈતિકતા જરૂરી છે પરંતુ કટર ઈમાનદાર હોવુંએ આજની તારીખે એક કટાક્ષ નો શબ્દ બનીને રહી ગયો છે કારણકે આવા નેતા સળીયા પાછળ છે

આજે ચૂંટણીના પ્રારંભે જ મણીપુર જેવા રાજ્યમાં અશાંતિ છે.આ એક એવું રાજય છે.જ્યા શક્તિસ્વરૂપ મહિલાઓનું સન્માન નથી. આ મહિલાઓને અપમાનિત કરવામાં આવે છે તેના પર અત્યાચાર કરવામાં આવે છે. એમ લાગે છે કે અહીં એક માનવી બીજા માનવી થી વધુ ને વધુ દૂર થતો જાય છે અહીં માનવતા ધીમે ધીમે ખતમ થઈ રહી છે અને બંને વચ્ચે એક કટ્ટરવાદ ઉભો થઈ રહ્યો છે

જાણે ભય પોતે જ વિભાજિત છે. પર્વત જ્યાં પર્વત નહીં પરંતુ મોતની ટેકરી દેખાય છે. સ્કૂલો શરણાર્થી શિબિર બની ગઈ છે અને તમામ ગલીઓ સ્મશાનઘાટ જેવી દેખાઈ રહી છે! કુકી, મૈતેઈને ને મારી રહ્યો છે અને મૈતેઈ કુકીને. કોઈ સરકાર, કોઈ ને સુરક્ષા દળ અને કોઈ સેના તેમને અટકાવી શકતા નથી.

આ કટ્ટરવાદ દેશ અને સમાજ માટે નુકસાનકારક છે. આ વિચારધારા મુજબ ભાષણ આપીને અમુક લોકો પોતાની કટ્ટરવાદી માનસિકતા પ્રદર્શિત કરી રહ્યા છે, એ મતલબના સમાચાર પ્રસિદ્ધ થયા છે. ધર્મ અને જાતિઓ વિરુદ્ધ નફરત ફેલાવનારી, લોકોમાં કોમવાદ અને ઝેર ભરતી સંસ્થાઓ સમાજ માટે કેટલી નુકસાન કારક છે.

દેશના નાગરિકોની રક્ષા કરતા આવા દળોમાં આવી માનસિકતા ધરાવતા લોકો પાસેથી સમાજના લોકો સુરક્ષાની શું આપેક્ષા રાખી શકેય? તાજેતરમાં સંરક્ષણ દળોમાં અગ્નિવીરોની પણ ભરતી થઈ છે અને તેમની ભરતીની જોગવાઈ જોતાં આ અગ્નિવીરો શું કરશે તે અંગે અત્યારે તો ફક્ત અનુમાન જ કરવું રહ્યું! વાસ્તવમાં પોતાને રાષ્ટ્રવાદી કહેવડાવતી સંસ્થાઓ અને લોકોએ પોતાના આવા રાષ્ટ્ર વિરોધી માનસિકતાના કૃત્યને પ્રોત્સાહન આપવાને બદલે આધુનિક યુગમાં વિચાર કરીને સાચા રસ્તે આવી જવાની જરૂર છે. આવી તાકાતોના કૃત્ય દ્વારા દેશ નબળો પડી રહ્યો છે. સાથે-સાથે આ દેશના નાગરિકોએ પણ ધર્મ-જાતિના ભેદભાવમાં પડ્યા વગર તિરસ્કાર છોડીને દેશના દરેક નાગરિક પ્રત્યે સમાનતાની ભાવના રાખવી પડશે. કટ્ટરવાદ કોઈ પણ હોય, તેનાથી દેશ અને સમાજને જે નુકસાન થાય છે તેની ભરપાઈ થતાં વર્ષો લાગી જાય છે. કોમવાદી પરિબળોને જાકારો આપવો પડશે. આ કાર્ય જેટલું જલદી થાય તેટલું રાષ્ટ્રહિતમાં રહેશે. પરંતુ આખરે રાજકીય ચર્ચા દરમિયાન આપણે પોતાના પરથી કેમ કાબુ ગુમાવી રહ્યા છીએ? આપણી રાજકીય ચતુરાઈ આખરે કયા કોથળામાં કેદ થઈ ગઈ છે? હકીકતમાં, જીવનનાં બધી દુ:ખ-તકલીફો જેમના માટે મહત્ત્વ ધરાવતી નથી, કાયમ એ લોકો જ રાજકીય ચર્ચામાં પડે છે.

# કોઈ વિશ્વ ગુરુ કહેશે નહીં - બનવું પડશે

વિકાસ અને વિકલ્પ - ડૉ. નાનક ભટ્ટ

વિશ્વનાં અન્ય રાષ્ટ્રોની સરખામણીમાં ભારતનું કૃષિ-ઉત્પાદન એરંડામાં પ્રથમ સ્થાને, શેરડી અને ડાંગરમાં ઉત્પાદનમાં બીજા ક્રમે, ડુંગળીમાં ત્રીજા સ્થાને, ઘઉં અને કપાસમાં અનુક્રમે ચોથા અને પાંચમા ક્રમે છે. જ્યારે બટાકાના ઉત્પાદનમાં છઠ્ઠા ક્રમે રહે છે. દેશમાં આજે પાંચેક હજાર ગણનાપાત્ર કૃષિ વિજ્ઞાનીઓના પ્રદાનથી આજે ભારત દુનિયાની કુલ ખેતપેદાશોમાં ૩.૫૭ ટકાનો હિસ્સો જોડી શક્યું છે. કૃષિક્ષેત્રે ઉપલબ્ધ સાધનોના મહત્તમ અને અસરકારક ઉપયોગના આધારે વિકસેલ હરિયાળી ક્રાંતિમાં જમીન, પાણી, બિયારણ, ખાતર ને પાક સંરક્ષણ અંગેના વ્યવસ્થાપન તરફ વિશેષ કાળજી રાખવામાં આવેલ. પરિણામે આજે વસ્તીવધારાના દર કરતાં વધુ ઊંચા દરે કૃષિ-ઉત્પાદનનો આંક પહોંચી શકયો છે, જે પોતાનામાં મહાન ઉપલબ્ધિ અને આશાસ્પદ બાબત છે.

પરંતુ છેલ્લા ત્રણેક દાયકાઓમાં ખેતી સાથે જોડાયેલી જમીન, આબોહવા, રોગ જેવાં કેટલાંક પારંપરિક પરિમાણો સદંતર રીતે બદલાયાં છે. વૈશ્વિક બજારમાં નવી સમજણ હેઠળ ૧૨૫ રાષ્ટ્રોએ મુકત વેપારની સમજૂતી કરી છે. યુરોપિયન ઇકોનોમિક કાઉન્સિલે ૩૦૦ મિલિયન ડોલરના ખેતવ્યવસાયનો લક્ષ્યાંક રાખ્યો છે, જેમાંનો ૨.૧૧ ટકા હિસ્સો ભારતમાંથી મળે તેવી જોગવાઈ મૂકી છે. ત્યારે દેશને હરિયાળી ક્રાંતિના બીજા ફલકમાં જવા માટે બળ મળ્યું છે. આ સ્થિતિમાં દેશની ૭૫ ટકા કરતાં વધુ વસ્તી જે કૃષિઉદ્યોગમાં રોજગારી મેળવે છે તે વ્યવસાયમાંથી મહત્તમ ફાયદો લેવા માટે હવે જૈવિક વિજ્ઞાન અને તકનીકને આધાર બનાવવાની આવશ્યકતા જણાય છે. કૃષિક્ષેત્રે વિકાસના ફલકમાં વધુ વળતર ઉમેરી શકતાં પરિબળો જેવાં કે જળવ્યવસ્થા, બાયો-ટેકનોલોજી, નૈસર્ગિક ઊર્જા, દરિયાઈ સંપદા, પશુપાલન, વેલ્યૂ એડેડ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ઉપરાંત રિસોર્સ મેનેજમેન્ટ અને નૈસર્ગિક સંતુલન આયોજનને લગતી બાબતોનો સમાવેશ ખેતી આનુષંગિક પ્રવૃત્તિ સ્વરૂપે કરી શકાય. આવો એક પ્રયોગ ટેકનોલોજી મિશને હાથપર લીધો. પરંતુ ભારત જેવા વિશાળ રાષ્ટ્રમાં પેયજળ, ઓઇલસીડ, સંચાર કે ડેરીલક્ષી વ્યવસ્થા દ્વારા સમગ્ર ફલક આવરી લેવાનું સ્વપ્ન હોઈ સેમ પિત્રોડા જેવા ગુજરાતી વિજ્ઞાનીની ખ્વાહિશ અધૂરી રહી જતી જણાય છે. પરંતુ હવે વિશ્વનો આર્થિક માહોલ ઉત્સાહપ્રેરક છે અને આપણા કૃષિ વિજ્ઞાનીઓએ પરિણામો હાંસલ કરી વધુ સજ્જ પર્યાય આપ્યો છે ત્યારે હરિયાળી ક્રાંતિના બીજા તબક્કામાં હિંમતભેર ઝુકાવવામાં ગુજરાતને પાછી પાની ન કરવી જોઈએ. ગુજરાતના વિકાસ માટે કૃષિક્ષેત્રનાં પારંપરિક પરિબળોને વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી જોવાનાં રહે છે, જેમ કે પાણી. એક તંદુરસ્ત માણસને દિવસભરમાં સરેરાશ ૨૦ ગેલન પાણીની આવશ્યકતા રહે છે. પરંતુ

કમનસીબે ગુજરાતનાં ૧૮૦૦ ગામડાંઓમાં આજે સરેરાશ બે ગેલન કરતાં વધુ પાણી પહોંચાડી શકાતું નથી અને ૨૦૨૩ ની સાલમાં તો પાણી જ પ્રાણ યોજના બની છે ત્યારે પીવા માટે પાણી, અનાજ ઉત્પાદન માટે, તેમજ ઔદ્યોગિક વિકાસ માટે પાણીનો એજન્ડા તૈયાર કરવો પડશે. નર્મદા યોજના સાથે વિકેન્દ્રિત ધોરણે વોટર રિચાર્જિંગના કાર્યક્રમો આગળ ધપાવવા પડશે, શહેરોમાં અને ઉદ્યોગોમાં વપરાતા પાણીને રિસાઇકલ કરવું પડશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વોટર ડીસેલિનેશન પ્લાન્ટ વિકસાવવા, ખેતી માટે ડ્રિપ ઇરિગેશન, પાણીના અસરકારી ઉપયોગ માટે પ્રવાહી ખાતર અને ભેજ સંગ્રહ માટે હાઇડ્રોજેલના ઉપયોગ માટે કાર્યરત થવું પડશે. આ આયોજનના પરિણામે ગુજરાતની પડતર જમીનને ઉપજાઉ કરી શકાશે તેમજ દરિયા કિનારાથી આગળ વધતી ખારાશ અટકશે.

વિકાસના એજન્ડાનો બીજો વિસ્તાર છે બાયોટેકનોલોજી. નીચું ઉષ્ણતામાન અને નીચા દાબે તૈયાર થતાં પ્રાકૃતિક સ્રોતો આધારિત જૈવિક ઉત્પાદનો પર્યાવરણને મિત્ર ભાવે સ્વીકારે છે. જમીન અને પાણીનું પ્રાકૃતિક સંતુલન જાળવી વધુ નફો આપતી પદ્ધતિઓને આપણે હવે પ્રચલિત કરવી પડશે. જેમ કે બાયો પેસ્ટિસાઇડ, બાયોફંજીસાઇટ, ટિશ્યૂ કલ્ચર, આર્ટિફિશ્યલ કલ્ચર સીડ્સ, જૈવિક ખાતર, માઇક્રોબ કલ્ચર, વૃક્ષ વિકાસનાં હોર્મોન્સ.

સ્વચ્છ ઊર્જાનો ખ્યાલ ગુજરાતના એજન્ડા ઉપર અગ્રતાક્રમે રાખવો પડશે. નૈસર્ગિક ઊર્જાના વ્યાપક ઉપયોગની ગુંજાઈશ ઊભી કરવા માટે લિગ્નાઇટનો ઉપયોગ વધારવો પડશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વિન્ડફાર્મ ઊભાં કરવાં પડશે. સૂર્ય-ઊર્જાનો મહત્તમ ઉપયોગ પણ જરૂરી બને છે. ઊર્જાના નૈસર્ગિક ઉપયોગને વધુ અસરકારી બનાવવાના પ્રયત્નથી પેટ્રોલ કે આલ્કોહોલ જેવા પારંપારિક ઊર્જાસ્રોત ઉપરનું દબાણ ઘટાડી શકાશે એટલું જ નહીં પણ ઓઝોન લેયરની સ્થિતિ સુધરતાં લોકોના આરોગ્ય અને આયુષ્યમાં નોંધપાત્ર ફેરફાર થવાની આશા છે.

ગુજરાતના કાંઠા વિસ્તારમાં દરિયાઈ સંપદા વિકાસની પ્રચંડ શક્યતાઓ રાહ જોઈને ઊભી છે. આવતા દાયકામાં ગુજરાતના કાંઠા પર દરિયાઈ ખેતી, મત્સ્ય-ઉદ્યોગ, મીઠાનું ઉત્પાદન, દરિયાઈ શેવાળમાંથી ખાતર, બ્રોમિન પ્રકારના રસાયણો મેળવવાં, મરિન ટેકનોલોજીનો વિસ્તાર, ટાઇડલ વેવ પાવર સ્ટેશન અને ગેસ આધારિત વીજળી મથકોના વિકાસની ગુંજાઈશ રહે છે. ગુજરાત દૂધ-ઉત્પાદનમાં અગ્રસ્થાને રહ્યું છે. મહાજનોની આ ભૂમિમાં હિન્દુસ્તાનનાં તમામ રાજ્યો કરતાં વધુ પશુઓ જીવે છે. આથી ટેનરી, મટનટેલો, જિલેટીન, ફોસ્ફરસયુક્ત ખાતર અને બાયોગેસ આધારિત ઊર્જા વિકાસમાં કાર્યક્રમો મિડલ લેવલ ટેકનોલોજીના સહકારે આશાસ્પદ બની શકશે.

કૃષિક્ષેત્રના પારંપરિક સ્રોતોના મહત્તમ ઉપયોગ પછી મર્યાદિત જમીન પર વધતા ઉત્પાદનનો આંક સ્થિર થાય છે. આથી ખેત-ઉત્પાદનમાં પૂરક આવક આપી શકે તેવી વેલ્યૂ એટેડ ટેકનોલોજી અપનાવી અનિવાર્ય બને છે. એરંડાનું તેલ, સ્ટાર્ચ, સેલ્યૂલોઝ, નીમકેક, જેવી વૈશ્વિક બજારમાં માંગ ધરાવતી ચીજો ગુજરાતમાં મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે. વિગતે જોઈએ તો, એરંડાનું તેલ હાલ કાચા સ્વરૂપમાં બજારમાં ૧ કિલોના રૂ.૪૭/- ના ભાવે વેચાય છે. પરંતુ તેમાંથી નાયલોન પોલિમર બનાવી શકાય તો ૧ કિલોના રૂ.૨૮૦૦ મળી શકે. તેમ એરંડામાંથી લૂબ્રીકંટ પર્ફ્યુમરી પ્લાસ્ટિક રેઝિન્સ મળી શકે છે. લીમડાનો ખોળ હાલ રૂ.૫૪ ના ભાવે ૧ કિલો ઉપલબ્ધ છે, પરંતુ તેને બાયોપેસ્ટિસાઇડમાં પરિવર્તિત કરીએ તો ૧ કિલો નીમકેકના રૂ.૧૭૨ મળી શકે. જ્યારે લીમડાના ખોળને ઓષધ ઉપયોગમાં ફેરવતાં ૧ કિલોના રૂ. ૨૧૦૦ સુધી ભાવ ઊપજે છે. શેરડીનાં છોતરાંમાંથી મોટા પ્રમાણમાં મોલાસિસ મેળવી શકાય છે. એટલું જ નહીં પરંતુ ઝિબ્રેલિક એસિડના ગુણધર્મ ધરાવતા ઉચ્ચ પ્રકારના પ્લાંટ હોર્મોન્સ મળી શકે છે, જેનો ભાવ ૨૫ ગ્રામનો ૧૨,૦૦૦ સુધી પહોંચ્યો છે. બટાકા સ્ટાર્ચનું બીજું સ્વરૂપ છે, જેમાંથી સ્ટાર્ચ બેઇડઝડ ડ્રગ્ઝ અને રસાયણો બને છે. આ ઉપરાંત કપાસ, ઘઉં અને ડાંગરની પરાળમાંથી છૂટું પડતું સેલ્યુલોઝ, મેડિસિનલ પ્લાન્ટ તેમજ ફળ અને શાકભાજીની પેદાશોમાં થોડા પરિવર્તનથી આર્થિક લાભમાં મોટી છલાંગ લગાવી શકાય છે. વૈશ્વિક બજારમાં પ્રતિ વર્ષે ૧૦ મિલિયન ડોલરના લાકડાની ખપત સરેરાશ દરે વધે છે, ત્યારે ટિશ્યૂ કલ્ચરની મદદથી ઉત્તમ પ્રતિકારની મજબૂતી ધરાવતાં અને વધુ ઉપજ આપતાં વૃક્ષોના વાવેતર તરફ ખેડૂતો જઈ શકે છે. આ માટે ગુજરાત રાજ્યે પોતાના ભાવિ વિકાસની સંભાવના સંબંધે ઝીણવટભરી વિચારણા કરવી ઘટે. ૨૧મી સદીના પ્રારંભે સમાજના નાનામાં નાના માણસના રોજિંદા જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વણાઈ રહ્યાં છે ત્યારે ભાવિ પેઢીને તનાવથી મુક્ત કરવા, તેના વિકાસને સુનિશ્ચિત કરવા કે પછી તેના જીવન સ્તરને ઊંચું લાવવા વિજ્ઞાન અને ટેકનોલોજીનું નેતૃત્વ સ્વીકૃત કરવું રહ્યું. આ માટે સ્વર્ણિમ ગુજરાતને વધુ રોજગારી, સ્થિરતા અને ઊંચો વિકાસદર આપી શકનાર બાયોટેકનોલોજીનો સ્વીકાર કરીએ, ગુજરાતના સંતુલિત વિકાસ માટે ઉદ્યોગ સાથે પાણી, ખેતઉત્પાદન, પર્યાવરણ અને દરિયાકાંઠાનો સમતોલ વિકાસ કરીએ તો વિક્રમ સારાભાઈનું સ્વર્ણિમ ગુજરાત દેશને વિશ્વ ગુરુ બનવાનો નવો રાહ આપી શકશે.

# આજે વિશ્વ પૃથ્વી દિવસ : પૃથ્વીની આવરદા વધારવી એ જ માનવીનું કર્તવ્ય

**વેદોમાં પૃથ્વીને માતા માનવામાં આવે છે. તેથી તેની સુરક્ષા આપણુ કર્તવ્ય છે**



કરંટ ટોપિક

લોકો કુદરતી સ્ત્રોતોનો વિવેકપૂર્વક ઉપયોગ કરે અને હવા, પાણી, જમીન તથા અવાજનું પ્રદૂષણ ઘટાડે તે હેતુથી સૌને જાગૃત કરવા ૨૨ એપ્રિલ,૧૯૭૦ થી 'પૃથ્વી દિવસ' મનાવવાનું શરૂ કરાયું હતું. તે વખતના અમેરિકાના સાંસદ ગેરોલ્ડનેશનલે પૃથ્વી દિવસ મનાવવાનો પ્રારંભ કરાવ્યો હતો. પાણી, વનસ્પતિ, ખનીજ તેલ જેવા કુદરતી સ્રોતોના બેફામ ઉપયોગના કારણે આજે વિશ્વમાં પાણી, શુધ્ધ હવા જેવા સ્રોતોની ખેંચ વર્તાઈ રહી છે.

પૃથ્વી ઉપર ભારણ વધ્યું છે. તેથી જ કદાચ કુદરતે કોરોના મહામારી જેવી પરીસ્થિતિનું સર્જન કર્યું છે. પૃથ્વીના ગુણગાન અને તેની પૂજા વેદોમાં કરવામાં આવે છે. ઋગ્વેદ ઉપરાંત અથર્વવેદના બારમા મંડળના ભૂમિક સૂક્તમાં પૃથ્વીની ઉત્પત્તિ વિશે બતાવ્યુ છે. બ્રહ્મા અને વિશ્વકર્મા વગેરે દેવતાઓને કારણે પૃથ્વી પ્રગટ થઇ. આ સૂક્તમાં ૬૩ મંત્રોમાં પૃથ્વીની વિશેષતા અને તેના પ્રતિ મનુષ્યોના કર્તવ્યોનો બોધ કરાવ્યો છે. જે રીતે માતા પોતાના પુત્રોની રક્ષા માટે ભોજન પ્રદાન કરે છે એ જ રીતે માતાની રક્ષા કરવી પુત્રોનુ પણ કર્તવ્ય છે. જ્યારે વિશ્વકર્માએ અંતરિક્ષમાં હવન કર્યુ તો પૃથ્વી અને તેમા છિપાયેલા ભોજ્ય પદાર્થ પ્રગટ થઈ ગયા. જેનાથી ધરતી પર રહેનારા લોકોનું પાલણ પોષણ થઈ શકે. મતલબ ભગવાન વિશ્વકર્માએ જ્યારે લોકકલ્યાણની ભાવનાથી હવન કર્યું ત્યારે બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતા પ્રગટ થયા અને બધા દેવતાઓમાંથી શક્તિનો અંશ કાઢ્યો અને એક શક્તિ પૂંજ બની ગયુ. પછી એ શક્તિ પુજ ધરતીના રૂપમાં બદલાઈ ગયું.

વેદોમાં પૃથ્વીને માતા માનવામાં આવે છે. તેથી તેની સુરક્ષા આપણુ કર્તવ્ય છે. ધરતીને પવિત્ર અને મા નુ રૂપ માનતા આપણે તેનાથી મળનારા પદાર્થોને વ્યર્થ ન જવા દેવા જોઇએ. પ્રદૂષણ અને ગંદકી વધવાથી રોકવી જોઈએ અને પૃથ્વી પર વધુથી વધુ વૃક્ષ ઉગાડવા જોઈએ. પૃથ્વીને સ્વસ્થ રાખવા વીજળી બચાવવી જોઇએ જેનાથી ગ્લોબલ વૉર્મિંગની સ્થિતિથી બચી શકાય છે, પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ, પ્લાસ્ટિકને કારણે પૃથ્વી પર અતત ગંદકી વધી રહી છે, કેમિકલ અને તેનાથી બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી બચવું જોઈએ કેમિકલથી પૃથ્વી પર પાણી, હવા અને માટી એટલે કે દરેક પ્રકારનું પ્રદૂષણ ફેલાય છે. તેને રોકવુ જોઈએ. જીવહત્યા અટકાવવી જોઈએ.

# ૨૦૨૪ની ચૂંટણીમાં જમણેરી વિચારધારાની બોલબાલા

**દુનિયાના રાજકારણમાં હવે જમણેરી વિચારધારા એટલે કે રાઈટ વિંગનું પ્રભુત્વ વધતું જાય છે ભારતમાં રામ મંદિરનો સમારોહ તેનું સૌથી મોટું પ્રમાણ છે માત્ર ભારતમાં જ નહીં પરંતુ જાપાન, ઇટાલી નેધરલેન્ડ, અમેરિકા, આર્જેન્ટીમનામાં પણ રાઇટિંગ એટલે કે જમણેરી વિચારધારાનું મહત્વ વધતું જાય છે લોકો માનસ હવે ડાબેરી વિચારધારાથી વિમુખ થઈ રહ્યું છે અને વધુ પોઝિટિવ વધુ ધાર્મિક બની રહ્યું છે ભારત નહીં પરંતુ વિદેશમાં યોજાનારી ચૂંટણીઓ પર પણ મોટી અસર કરશે**

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

આજે આખી દુનિયામાં જમણેરી રાજકારણનો ઉદય જોવા મળી રહ્યો છે- પછી તે જાપાન હોય, હંગરી કે પોલોન્ડ હોય, સ્લોવાકિયા, ઈટાલી અને હવે નેધરલેન્ડ્સ, અમેરિકા કા આર્જેન્ટિના, દરેક જગ્યાએ રાઈટ-વિંગનું પ્રભુત્વ વધતું જોવા મળી રહ્યું છે. જોકે, જમણેરી મોટેભાગે વ્યક્તિવાદી હોય છે- તે પર્સનાલિટી કલ્ટની ઉજવણી મનાવે છે. જ્યારે ડાબેરી સામુદાયિક હોય છે. એટલે જ ડાબેરીઓ સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રને પ્રભાવિત કરે છે. જોકે, ભારત જેવા દેશમાં ડાબેરી વિચારધારા ના વળતા પાણી થયા છે. માન્યતા છે કે લાલ વાવટાવાળા જ્યાં જાય છે જ્યાં ઉદ્યોગો બંધ કરાવે છે. હડતાલો પડાવે છે અને આથી તેના પ્રત્યેનો પૂર્વ ગ્રહ લોકોમાં વધી ગયો. પરિણામે લાલ વાવડાનું અસ્તિત્વ ખતમ થયું.ગુજરાતમાં તેનું અસ્તિત્વ નહિવત છે. જે છે તેનો કોઈ ભાવ પૂછતુ નથી. કારણ કે તે પ્રજાને ઉશ્કેરીને આંદોલનો કરાવે છે પરંતુ પરિણામ આપવામાં નિષ્ફળ રહે છે.ડાબેરીની સ્વ-ઘોષિત ઉત્કૃષ્ટતા વિશ્વસનીયતા ગુમાવવા લાગી છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે જ્યારે સંસ્થા-નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું તો લોકોએ વ્યવસ્થિત રીતે જમણેરીવાદને વોટ આપવાનું શરૂ કરી દીધું. જોકે, આ તેણે ડાબેરીઓ પાસેથી જ શીખ્યું હતું. જેમકે, લેખક મનુ જોસેફ કહે છે- રાઈટ વિંગ સ્થાનિક હોય છે અને લેફ્ટ વિંગ વૈશ્વિક છે. પરંતુ તે ચાઇના રશિયા સહિતના આંગળીને કેટલા દેશોમાં જ અસ્તિત્વમાં છે.

આર્જેન્ટિનાથી માંડીને અમેરિકા, બ્રિટનથી રશિયા અને ભારતથી જાપાન સુધી દરેક જગ્યાએ ડાબેરીઓની પદ્ધતિ અને વિચારધારા એકસમાન છે. જોકે, ભારતીય જમણેરી જાપાની જમણેરી જેવા નથી. આ બંને યુરોપિયનોથી અલગ છે.

જોકે, હવે યુરોપમાં પણ પરિવર્તન આવી રહ્યું છે અને ત્યાંના જમણેરી વિચારધારા ને મહત્વ મળી રહ્યું છે. અનેક સમૂહો આ

વિચારધારા તરફ આગળ વધતા જોવા મળી રહ્યા છે. મુશ્કેલી એ - છે કે, યુરોપની જમણેરી વિચારધારાનું ધીમે-ધીમે પરિવર્તન આવી રહ્યું છે અને ત્યાં પણ આ વિચારધારા વિકસિત થવા લાગી છે વિદેશમાં પણ ભારતીય સંસ્કૃતિને લોકો અપનાવવા લાગ્યા છે આરબ અમીરાતમાં પણ ભવ્ય હિન્દુ મંદિર બની ચૂક્યા છે આમ વિશ્વ એક મુક્ત વિચારધારા પર આગળ વધી રહ્યું છે આ વસ્તુ રાજકારણને સૌથી વધુ પ્રભાવિત કરશે તે હકીકત છે.અયોધ્યામાં રામમંદિરના લોકાર્પણ સમારોહનો ભાજપને ચૂંટણીમાં ફાયદો મળશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. તેનાં બે કારણ જણાવા જેવા છે. પ્રથમ, અગાઉના સર્વેક્ષણો બતાવે છે કે, ભાજપને હિન્દુઓના વોટ અન્ય જાતિઓની સરખામણીએ વધુ મળે છે જે ધર્મને વધુ મહત્વ આપે છે તેઓ ભાજપને જ મત આપવાના છે.

રામ મંદિરનું ઉદઘાટન અને તેની આજુબાજુ બનેલું ઉત્સાહનું વાતાવરણ હિન્દુઓની ભાવનાઓને ચરમ પર લઈ જશે. બીજું, તેમ જે રીતે ભાજપ અને સંઘ પરિવારે ૨૨ જાન્યુઆરીના આયોજન પહેલાં અને પછીની યોજના બનાવી છે, તેના પરિણામે આખરે આ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે મતદારો સુધી પહોંચનો સૌથી મોટો કાર્યક્રમ બની ગયો.

સૌથી પહેલા તો હિન્દુઓની ધાર્મિક પ્રતિબદ્ધતા અને તેમની વોટિંગ પેટર્નના પુરાવા જુઓ. લોકનીતિ-સીએસડીએસ દ્વારા સમયાંતરે એકત્રિત કરાયેલા આંકડા બતાવે છે કે, એ હિન્દુ દ્વારા ભાજપને વધુ વોટ આપવાની પ્રવૃત્તિ સ્પષ્ટ જોવા મળે છે, જે ધાર્મિક ગતિવિધિઓમાં ડૂબેલા રહે છે. સરવેમાંના નિષ્કર્ષમાં જાણવા મળે છે કે, ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં નિયમિત રીતે મંદિરે જતા હિન્દુઓમાંથી ૨૮%એ ભાજપને વોટ આપ્યો હતો, જે ૨૦૧૪માં વધીને ૪૫% અને ૨૦૧૯માં ૫૧% થઈ ગયો. તેનાથી વિરુદ્ધ જે હિન્દુ ક્યારેક જ મંદિરે જાય છે, તેમાંથી ૩૯%એ જ ભાજપને વોટ આપ્યો છે. આ જ રીતે નિયમિત પૂજાલ પાઠ કરતા હિન્દુઓમાંથી ૪૯%એ ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને વોટ આપ્યો હતો, જ્યારે ક્યારેક જનારામાંથી ૩૫%એ ભાજપને વોટ આપ્યો હતો.

દાન-પુણ્ય, વ્રત-ઉપવાસ, ભજન જેવી અનેક ધાર્મિક ગતિવિધિઓ છે, જેમાં હિન્દુ મોટી સંખ્યામાં ભાગ લે છે. તેમાં ભાગીદારીને ધ્યાનમાં રાખીને જ હિન્દુઓને વધુ અને ઓછા ધાર્મિકમાં વિભાજિત કરાય છે. જે હિન્દુ વધુ ધાર્મિક છે, તેમાંથી ૫૩%એ ૨૦૧૯માં ભાજપને વોટ આપ્યો હતો, જ્યારે માત્ર ૧૦% વોટ કોંગ્રેસને મળ્યા હતા. તેનાથી વિરુદ્ધ એ હિન્દુઓમાંથી જે બહુ ઓછા ધાર્મિક છે- ૩૭%એ ભાજપને જ્યારે ૧૮%એ કોંગ્રેસને વોટ આપ્યો હતો. આ પુરાવા હિન્દુઓ વચ્ચે વધતી ધાર્મિકતાની પ્રવૃત્તિ બતાવે છે

ભારત ભરના હિન્દુઓની વધતી જતી ધાર્મિકતા ભાજપને સૌથી મોટો ફાયદો કરાવશે તેમાં શંકા ને કોઈ સ્થાન નથી. આના કારણે વિશ્વ હિન્દુ પરિષદ રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ સહિતની સંસ્થાઓએ કરેલી જબરજસ્ત મહેનત પણ આ ચૂંટણીમાં રંગ લાવશે હિન્દુઓ અને ભાજપ વચ્ચે સમર્થન વધતું જાય છે ૨૦૦૯ થી ૨૦૧૯ સુધી આ સંબંધ સતત મજબૂત થઈ રહ્યો છે ભૂતકાળમાં આવું થયું ત્યારે આ વસ્તુ જોવા મળી હતી જ્યારે રામ મંદિર ની ચર્ચા સતત થતી પરંતુ ભાજપ માટે આ જ એવી ઉત્સાહ પૂર્ણ સ્થિતિ તે સમયે નહોતી પરંતુ ૨૦૨૪ માં માત્ર રામ મંદિર ભાજપ માટે સૌથી મોટો ચૂંટણી જીતવાનો મુદ્દો બની ચૂક્યો છે અને આ વસ્તુ જ વિપક્ષી ગઠબંધનને ખૂંચે છે આથી તેમણે મંદિરના સમારોહનો અનાદર કર્યો પરિણામે તેઓ જનતાની વચ્ચે વધુ બદનામ થયા અને જનતાની ભાવનાથી વિમુખ થયા આના કારણે વિપક્ષોને સૌથી મોટો ફટકો આ વખતની ચૂંટણીમાં પડવાનો જ છે. તેમની હિન્દુત્વ વિરોધી વલણ એને ખૂબ જ નુકસાન કરશે તે પણ એટલી જ સત્ય હકીકત છે જેની અવગણના થઈ શકે તેમ નથી બીજી બાજુ ભાજપે પોતાની તરફથી મત મેળવવામાં કોઈક અસર બાકી રાખી નથી મંદિરના ઉદ્ઘાટન સમારોહ માટે પણ તેને મોટા પાયે આઉટ રિચ પ્રોગ્રામ શરૂ કર્યો હતો અને મતદારોને સતત યાદ આપવાનો પ્રયાસ કર્યો છે ભાજપ કહે છે કે અમે જે વાયદા કર્યા છે તે પૂરા કર્યા છે રામ જન્મભૂમિ આંદોલન અંગે એક પુસ્તિકા પણ બહાર પડી છે મતદારોને એ યાદ આપવાનો સતત પ્રયાસ પણ કરવામાં આવે છે કે ભાજપ એ હિન્દુઓ પ્રત્યે જે પ્રતિબંધ બતાવી છે તેને પૂરી કરવામાં તેઓ સફળ રહ્યા છે મોદી હે તો મુમકીન હૈ અને મોદીની ગેરંટી જેવા સૂત્રો ચૂંટણી દરમિયાન સાંભળવા મળે છે અને તેની ખૂબ મોટી અસર જન માનસ પર પડે છે જેનો કોઈ ઇન્કાર કરી શકાય તેમ નથી

# ક્લાઈમેટ ચેન્જની આપત્તિ કાબૂથી બહાર થતી જઈ રહી છે, પહોંચી વળવું ખુબજ મુશ્કેલ : એંટોનિયો ગુટેરેસ

મુંબઇ,

સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એંટોનિયો ગુટેરેસે ચેતવણી આપતા કહ્યું કે ક્લાઈમેટ ચેન્જની આપત્તિ કાબૂથી બહાર થતી જઈ રહી છે. તેમણે કહ્યું કે ક્લાઈમેટ સંકટ આર્થિક આપત્તિ છે. યુએન ચીફે વિકસિત દેશોને પોતાના નાણાકીય વચનોને પૂરા કરવાની ભલામણ પણ કરી. તેમણે જણાવ્યું કે નાણા મંત્રી તરીકે તમે આ બધુ સારી રીતે જાણો છો. વાવાઝોડું, પૂર, આગ અને દુકાળ વિશ્વભરની અર્થવ્યવસ્થાને ઝડપથી નષ્ટ કરી રહ્યા છે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એંટોનિયો ગુટેરેસ ક્લાઈમેન્ટ ચેન્જ પર થતી નાણા મંત્રીઓની ૧૧મી મંત્રી સ્તરીય બેઠકમાં પહોંચ્યા હતાં. આ અવસરે ગુટેરેસે ચેતવણી આપતા કહ્યું કે જે રકમ રસ્તા બનાવવા, બાળકોને શિક્ષિત કરવા અને દર્દીઓની સારવાર કરવા માટે થવી જોઈએ, તેનો ક્લાઈમેટ ચેન્જ ઝડપથી નાશ કરી રહ્યું છે.

આ મામલે અર્થશાસ્ત્રી વેરા સોંગવે અને નિકોલસ સ્ટર્નની સહ-અધ્યક્ષતામાં ક્લાઈમેટ ફાઈનાન્સ પરના સ્વતંત્ર ઉચ્ચ સ્તરીય નિષ્ણાત જૂથે અહેવાલ આપ્યો હતો કે બહુપક્ષીય વિકાસ બેંકોના સુધારાથી વાર્ષિક ક્ષમતામાં ૪૦% નો વધારો જોકે (લગભગ ઈ ૩૦૦-૪૦૦ બિલિયન) થઈ શકે છે. આ દરમિયાન ગુટેરેસે તમામ દેશોથી પોતાની ક્લાઈમેટ યોજનાઓને શ્રેષ્ઠ કરવા માટે કહ્યું છે. તેમણે જણાવ્યું કે આપણે વૈશ્વિક તાપમાનના વધારાને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરીને હજુ પણ સૌથી ખરાબ ક્લાઈમેટ સંકટને ટાળી શકીએ છીએ પરંતુ માત્ર ત્યારે જયારે આપણે અત્યારે કાર્યવાહી કરીએ. એ મહત્વપૂર્ણ છે કે તમામ દેશ આગામી વર્ષ સુધી રાષ્ટ્રીય સ્તર પર નક્કી યોગદાનની સાથે આગળ આવે.

ગુટેરેસે કહ્યું કે આ યોજનાઓને ૧.૫ ડિગ્રીની મર્યાદિત અનુરુપ હોવુ જોઈએ, જેમાં તમામ ઉત્સર્જન અને પૂરી અર્થવ્યવસ્થાને સામેલ કરવી જોઈએ. નાણા મંત્રી રાષ્ટ્રીય ક્લાઈમેટ યોજનાઓને ડિઝાઈન કરવામાં મહત્વપૂર્ણ છે.

# ગુજરાતની ચોથી જીત

## પંજાબ સતત ચોથી મેચ હારી ગયું : સાઈ કિશોરે ૪ વિકેટ લીધી

મુલ્લાનપુર

IPL-2024માં ગુજરાત ટાઈટન્સે ચોથી જીત નોંધાવી છે. ટીમે વર્તમાન સિઝનની ૩૬મી મેચમાં પંજાબ કિંગ્સને ૩ વિકેટે હરાવ્યું હતું. પંજાબની ટીમ સિઝનમાં સતત ચોથી મેચ હારી છે.પંજાબે તેના હોમ ગ્રાઉન્ડ મુલ્લાનપુરમાં ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ટીમ ૨૦ ઓવરમાં ૧૪૨ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ગુજરાતે ૧૪૩ રનનો ટાર્ગેટ ૧૯.૧ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ચેઝ કર્યો હતો. રાહુલ તેવટિયા ૩૬ રન બનાવીને અણનમ પરત ફર્યો હતો.

GTના કેપ્ટન શુભમન ગિલે ૩૫ રન અને સાઈ સુદર્શને ૩૧ રન બનાવ્યા હતા. પંજાબના હર્ષલ પટેલે



ત્રણ અને લિયામ લિવિંગ્સ્ટનને બે વિકેટ મળી હતી. પંજાબ તરફથી પ્રભસિમરન સિંહે ૩૫ રન બનાવ્યા હતા. ગુજરાતના સાઈ કિશોરને ૪ વિકેટ મળી હતી. મોહિત શર્મા અને નૂર અહેમદે પણ ૨-૨ વિકેટ લીધી હતી.

# સુજોય ઘોષની ફિલ્મમાં શાહરુખ અને સુહાના પહેલીવાર સાથે કામ કરશે



મુંબઇ,

વર્ષ ૨૦૨૩ શાહરૂખ ખાન માટે ખૂબ જ સારું રહ્યું. એક વર્ષમાં શાહરુખ ખાનની ત્રણ દમદાર ફિલ્મો આવી જેણે બોક્સ ઓફિસ પર જબરદસ્ત કમાણી કરી. હવે શાહરુખ ખાને તેની આગામી ફિલ્મ ધ કિંગ પણ ફાઈનલ કરી લીધી છે. આ ફિલ્મ એક એક્શન ડ્રામા ફિલ્મ હશે જેનું નિર્દેશન સુજોય ઘોષ કરશે. જોકે ખાસ વાત એ છે કે આ ફિલ્મમાં પહેલી વખત શાહરુખ ખાન સાથે તેની દીકરી સુહાના ખાન જોવા મળશે અને તે સિલ્વર સ્કીન પર ડેબ્યૂ કરશે. સુહાના ખાન આ પહેલા જોયા અખ્તરની ફિલ્મ આર્ચિઝ કરી ચૂકી છે પરંતુ સિલ્વર સ્કીન પર આ તેની પહેલી ફિલ્મ હશે.

આ ફિલ્મનું કન્ફર્મેશન આવ્યા પછી ચાહકો સુહાના ખાન અને શાહરુખ ખાનને એક સાથે જોવા માટે આતુર થયા છે. સાથે જ આ ફિલ્મ વિશે પણ વધુને વધુ જાણવા માટે લોકો તલપાપડ છે. ફિલ્મને લઈને પણ અલગ અલગ ચર્ચાઓ ચાલી રહી છે. જેમાં એક ચર્ચા એવી પણ છે કે ધ કિંગ ફિલ્મમાં શાહરુખ ખાન કેમીયો રોલ કરશે અને સુહાના મુખ્ય ભૂમિકામાં હશે.

# તિલક વર્મા હવે આઈપીએલમાં ૨૧ વર્ષની ઉંમરમાં ઋષભ પંત બાદ ૫૦ છગ્ગા મારનાર બીજા ખેલાડી



મુંબઇ,

આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સની ટીમે હાર્દિક પંડ્યાની કેપ્ટન્સીમાં ૭મી મેચમાં ત્રીજી જીત મેળવી હતી. પંજાબ કિંગ્સના સામે આ મેચમાં મુંબઈની તરફથી શાનદાર બેટિંગ પ્રદર્શન જોવા મળ્યું જેમાં સૂર્યકુમાર યાદવ ૭૮ રનોની ઈનિંગ રમી. જયારે છેલ્લી ઓવરમાં બેટિંગ કરવા ઉતરેલા યુવા બેટ્સમેન તિલક વર્માએ ફક્ત ૧૮ બોલમાં ૨ ચોગ્ગા અને ૨ છગ્ગા મારીને ૩૪ રનની અણનમ ઈનિંગ રમી અને સાથે જ ટીમના સ્કોરને ૧૯૦ને પાર પહોંચાડવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી તિલકે પોતાની આ ઈનિંગના દમ પર આઈપીએલમાં એક ખાસ લિસ્ટમાં પોતાની જગ્યા બાનાવી લીધી.

તિલક વર્માએ પંજાબ કિંગ્સના સામે પોતાની ૩૮ રનોની અણનમ ઈનિંગમાં ૨ છગ્ગા પણ લગાવ્યા જેની સાથે જ તેમણે પોતાના આઈપીએલ કરિયરમાં ૫૦ છગ્ગા પણ પુરા કર્યા. તિલક હવે આઈપીએલમાં ૨૧ વર્ષની ઉંમરમાં ઋષભ પંતના બાદ ૫૦ છગ્ગા મારનાર બીજા ખેલાડી બની ગયા છે.

# મુંબઈ ઈન્ડિયન્સની જીત બાદ પણ BCCIએ કેપ્ટન હાર્દિકને દંડ ફટકાર્યો

મુંબઇ,

મુંબઈ ઈન્ડિન્સના કેપ્ટન હાર્દિક પંડયા ફરી એકવાર વિવાદમાં આવ્યો છે.આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સે ગઈકાલે પંજાબ કિંગ્સ સામે જીત મેળવી હોવા છતાં બીસીસીઆઈ કેપ્ટન હાર્દિક પંડ્યાથી નારાજ થઈ છે. આઈપીએલ ૨૦૨૪માં ૧૮ એપ્રિલે મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રોમાંચક મેચ જોવા મળી હતી. જે હાર્દિક પંડયાની મુંબઈએ ૯ રને જીતી હતી. આ સિઝનમાં મુંબઈની આ ત્રીજી જીત છે. જો કે આ જીત બાદ મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાને સજા મળી છે. જે બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ હાર્દિક પંડયાને દંડ ફટકાર્યો છે. ફરી એકવાર આ મેચમાં હાર્દિક પંડ્યાનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું ન હતું. હાર્દિક પંડયાએ બેટિંગ દરમિયાન માત્ર ૧૦ રન બનાવ્યા હતા, આ સિવાય બોલિંગ દરમિયાન તેને એક સફળતા મળી હતી.

વાસ્તવમાં, મુંબઈ ઈન્ડિયન્સ પંજાબ કિંગ્સ સામે ધીમી ઓવર રેટથી બોલિંગ કરવા માટે દોષી સાબિત થઈ હતી. જે બાદ ટીમના કેપ્ટન હાર્દિક પંડયા પર ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ સિઝનમાં પ્રથમ વખત મુંબઈએ ધીમી ઓવર રેટથી બોલિંગ કરી હતી. જો કોઈ ટીમ મેચ દરમિયાન ધીમી ઓવર રેટ કરે છે તો તેના કેપ્ટનને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે.

મુંબઈ ઈન્ડિયન્સને પંજાબ સામે સિઝનની ત્રીજી જીત મળી છે.

# માત્ર એક ભારતીય કંપનીએ બનાવેલી શાહી માત્ર ભારત જ નહિ ૩૦ દેશોમાં લોકશાહીની રક્ષક

નવીદિલ્હી,


દેશમાં ચૂંટણીનો માહોલ છે. તેની સૌથી મોટી ઓળખ આંગળી પર શાહીનું નિશાન છે, જે તાત્કાલિક ભુંસાતુ નથી. પરંતુ શું તમે જાણો છો કે ચૂંટણીમાં ધાંધલ ધમાલ રોકવા માટે 'વિશ્વાસ'ના પ્રતીક તરીકે લાવવામાં આવેલી આ શાહી માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના ૩૦ દેશોમાં લોકશાહીની રક્ષક છે. માત્ર એક ભારતીય કંપની જ તેનું ઉત્પાદન કરે છે. મૈસૂર પેઈન્ટ્સ અને વાર્નિશ ૧૯૬૨ થી આ શાહીના એકમાત્ર સપ્લાયર છે. આ શાહીનો ઉપયોગ મતદાતાએ મત આપ્યા બાદ તેની આંગળી પર લગાવીને ચૂંટણીમાં કરવામાં આવે છે. આ દર્શાવે છે કે તેણે પોતાની મતાધિકારનો ઉપયોગ કર્યો છે અને હવે તે ફરી મતદાન કરી શકશે નહીં. પરંતુ જાણો આ શાહીની વાસ્તવિક શરૂઆત ૧૯૩૭ થી થાય છે. મૈસૂર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશ કંપનીની રચના ૧૯૩૭માં મૈસુર રાજયના તત્કાલીન મહારાજા નલવડી કૃષ્ણરાજા વાડયાર દ્વારા 'મૈસુર લાખ એન્ડ પેઈન્ટ્સ વર્ક્સ' તરીકે કરવામાં આવી હતી. તે સમયે મૈસૂર અને નાગરહોલના જંગલોમાંથી એકત્ર કરાયેલા આ એકમમાં 'લાખ' (જંતુઓમાંથી મેળવવામાં આવતો પદાર્થ) બનાવવાનું કામ કરવામાં આવતું હતું. તેનો હેતુ સ્થાનિક લોકોને 'લાખ' એકત્ર કરવાનું કામ આપવાનો હતો. તે સમયે લાખમાંથી બંગડીઓ બનાવવામાં આવતી હતી. ભારતીય રેલવે અને ભારતીય પોસ્ટ આ લાખની મદદથી બનેલા મીણથી પરબિડીયાઓ અને પાર્સલને સીલ કરતી હતી. બાદમાં ચૂંટણી પંચે પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરીને મતપેટીઓ સીલ કરવાની શરૂઆત કરી હતી. ચૂંટણી પંચની વિનંતી પર જ કંપનીએ અદમ્ય શાહી બનાવવાનું શરૂ કર્યું. જયારે ઈન્દિરા ગાંધીએ ૧૯૮૦માં ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ પસાર કર્યો ત્યારે કંપનીએ જંગલોમાંથી સામગ્રી એકઠી કરવાનું બંધ કરી દીધું હતું. આ પછી કંપનીએ તેનું નામ બદલીને મૈસૂર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશ કર્યું. આજે સીલિંગ માટે વપરાતા મીણમાં લાખનો ઉપયોગ થતો નથી. જો કે કંપની હજુ પણ કેટલીક કુદરતી પોલિશ બનાવે છે.

# સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી સ્પેનિશ મહિલાએ એક વિડિયો જાહેર કર્યો : રાતની અગ્નિપરીક્ષા વર્ણવી

રાંચી,

ઝારખંડના દુમકામાં સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી સ્પેનિશ મહિલાએ હવે એક વીડિયો જાહેર કર્યો છે. આમાં તેણીએ જે ડરામણી ઘટનામાંથી પસાર થઈ હતી તેનું વર્ણન કર્યું. લગભગ એક કલાક લાંબા વીડિયોમાં દંપતીએ કહ્યું કે ઘણું બધું કહેવામાં આવ્યું છે, કેટલીક વાતો સાચી છે અને કેટલીક ખોટી છે. તેથી તે કહેવા માંગે છે કે ખરેખર શું થયું.

નોંધનીય છે કે રાંચીથી લગભગ ૩૦૦ કિલોમીટર દૂર હંસદિહા પોલીસ સ્ટેશન વિસ્તારના કુરુમહાટમાં ૨ માર્ચે ૨૮ વર્ષની સ્પેનિશ મહિલા પર કથિત રીતે સામૂહિક બળાત્કાર થયો હતો. આ ઘટના બની ત્યારે તે તેના પતિ સાથે ટેન્ટમાં રાત વિતાવી રહી



હતી. આ કપલ હવે સ્પેન પરત ફર્યું છે. તે બાઈક દ્વારા લગભગ ૬૭ દેશોની યાત્રા કરી ચૂક્યો છે. હવે તેણે ફરી એકવાર પ્રવાસ શરૂ કર્યો. દંપતી કહે છે કે તેઓ આ ભયાનક ઘટનાની યાદોને ભૂંસી નાખવા માંગે છે.

વીડિયોની શરૂઆત દંપતી દુમકા ક્રોસ કરતી વખતે રાત્રે કેમ્પ કરવા માટે જગ્યા શોધી રહી છે. તેઓ લોકોથી દૂર એવી જગ્યા પર રહેવા માંગતા હતા, પરંતુ તરત જ કેટલાક સ્થાનિક લોકોએ તેમને ઘેરી લીધા અને તેમની પૂછપરછ શરૂ કરી. મહિલાએ દાવો કર્યો છે કે તેના પર સાત લોકોએ બળાત્કાર ગુજાર્યો હતો. વીડિયોમાં એક કથિત ગુનેગારને બતાવવામાં આવ્યો છે. ઘટનાનું વર્ણન કર્યા પછી, દંપતી તેમના ચહેરા અને હાથ પર ઈજાઓ સાથે હોસ્પિટલમાં જોવા મળે છે.

વીડિયોમાં દંપતીએ કહ્યું, 'અમે બધું રેકોર્ડ કરવાનું નક્કી કર્યું, કારણ કે અમને ખબર ન હતી કે શું થવાનું છે. અમને ખબર ન હતી કે પોલીસ અમને ગંભીરતાથી લેશે, જો તેઓ અમને ઘરે મોકલશે.

મહિલાએ કહ્યું, 'મને લાગે છે કે દુનિયામાં દરેક મને કહેશે કે ભારત ન જાવ. પરંતુ જીવન આના કરતાં ઘણું મુશ્કેલ છે. ભારતમાં મારી સાથે જે કંઈ થયું તે ગમે ત્યાં થઈ શકે છે.

# આર્ટિકલ 370 બાદ હવે ડાયરેક્ટર દેખાડશે કાશ્મીરની સુપરનેચરલ સ્ટોરી

મુંબઈ

આર્ટિકલ ૩૭૦ નિર્માતા-દિગ્દર્શક જોડી આદિત્ય ધર અને આદિત્ય સુહાસ જાંભલેએ આર્ટિક્લ-૩૭૦ પહેલા બારામુલા ફિલ્મ પર કામ શરૂ કર્યું હતું. પણ પહેલા આર્ટિક્લ-૩૭૦ તૈયાર થઈ ગઈ. હવે મેકર્સ બારામુલા લઈને આવવાના છે.

દરેક ફિલ્મનું પોતાનું ભાગ્ય હોય છે. ઘણી વખત ફિલ્મ તૈયાર હોય છે પણ રિલીઝ થતી નથી. ફિલ્મ બારામુલા સાથે પણ કંઈક આવું જ થયું છે. આર્ટિકલ ૩૭૦ નિર્માતા-દિગ્દર્શક જોડી આદિત્ય ધર અને આદિત્ય સુહાસ જાંભલેએ આર્ટિકલ





- ૩૭૦ પહેલા બારામુલા ફિલ્મ પર કામ શરૂ કર્યું હતું. આ ફિલ્મનું શુટિંગ થઈ ગયું હતું પણ આર્ટિકલ -૩૭૦ની કહાની આવતા તે પહેલા તૈયાર થઈને રીલીઝ થઈ ગઈ હવે બારામુલાની વારી છે. આદિત્ય સુહાસ જાંભલેએ કહ્યું કે ' એક-બે મહિનામાં કાશ્મીરની જમીન પર બનેલી સુપરનેચરલ ફિલ્મની રીલીઝ ડેટ જાહેર કરીશું અત્યારે ફિલ્મના વિઝ્યુલ ઈફેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે.

બારામુલા બનાવવા અંગે આદિત્ય સુહાસ કહ્યું કે , 'આ ફિલ્મ મેં જાતે લખી છે. મારા મનમાં એક જ વિચાર હતો કે શું કાશ્મીરમાં સુપરનેચરલ ફિલ્મ બનાવી શકાય. મેં આદિત્ય ધરને કહ્યું હતું કે હું આ વાર્તા લખીશ. તેણે મંજૂરી આપી. પછી હું ગોવા ગયો. છ મહિના સુધી સંશોધન કર્યું, કાશ્મીરી લોકોને મળ્યા. આદિત્યને સ્ક્રિપ્ટ ગમી અને અમે શૂટિંગ શરૂ કર્યું. બારામુલા ફિલ્મ જોયા પછી આદિત્ય ધરના મનમાં આર્ટિકલ-૩૭૦નો વિચાર આવ્યો અને તેણે મને કહ્યું કે તમે તે ફિલ્મ માટે યોગ્ય નિર્દેશક હશો.

# સાન ફ્રાન્સિસ્કો શહેરે પોતાના નામના ઉપયોગ બદલ ઓકલેન્ડ પર કેસ કર્યો

ઓકલેન્ડ,

ઓકલેન્ડના અધિકારીઓએ શહેરના એરપોર્ટનું નામ બદલીને સાન ફ્રાન્સિસ્કો બે ઓકલેન્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ રાખવાની તરફેણમાં મતદાન કર્યા પછી સાન ફ્રાન્સિસ્કોએ ઓકલેન્ડ પર દાવો માંડ્યો હતો અને કહ્યું હતું કે આ ફેરફાર મૂંઝવણ પેદા કરશે અને આ બાબત તેના એરપોર્ટને પહેલેથી જ આર્થિક રીતે અસર કરી રહ્યું છે.ગયા અઠવાડિયે ઓકલેન્ડ પોર્ટ માટેના બોર્ડ ઓફ કમિશ્નરોએ નામ-ફેરફાર સાથે આગળ વધવા માટે સર્વસંમતિથી મતદાન કર્યું હતું અને ૯ મેના રોજ અંતિમ મંજૂરી માટે બીજો મત સુનિશ્ચિત કર્યો હતો. એરપોર્ટને હાલમાં ઓકલેન્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ કહેવામાં આવે છે તેમાં સન ફ્રાન્સિસ્કો નામ ઉમેરવામાં આવ્યું છે. સાન ફ્રાન્સિસ્કો




સિટી એટર્ની ચીયુએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે આશા રાખી હતી કે ઓકલેન્ડ સમજી જશે પરંતુ સ્વીકાર્ય વૈકલ્પિક નામ પર સહયોગ કરવાનો તેમનો ઈનકાર અમને સમ ફ્રાન્સિસ્ક ના ટ્રેડમાર્કને સુરક્ષિત કરવા માટે દાવો દાખલ કરવા સિવાય કોઈ વિકલ્પ છોડતો નથી.

# બ્રિટનમાં બીમારીના કારણે રજા લેનારા લોકોની સંખ્યા વધી

લંડન,

બ્રિટનમાં લોકો લાંબા સમય સુધી બીમારીની રજા પર રહે છે, જેના કારણે કામકાજ પ્રભાવિત થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં હવે વડાપ્રધાન ઋષિ સુનક લાંબા ગાળાની માંદગી રજા માટેના નિયમોને વધુ કડક કરવા પર વિચાર કરશે. સુનાક કાયમી ધોરણે કર્મચારીઓને છોડીને જતા લોકોની સંખ્યામાં વધારો અટકાવવા માટે પગલું ભરશે.શ્રમ દળની સહભાગિતા ૨૦૧૫ પછી સૌથી નીચી છે, કારણ કે લાંબા ગાળાની માંદગીમાં વધારો અને વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે, અન્ય મોટા સમૃદ્ધ દેશોની સરખામણીએ કે જેમણે ૨૦૨૦ થી ભાગીદારીમાં વધારો જોયો છે.

સુનાકે કહ્યું હતું કે માનસિક સ્વાસ્થ્યની સ્થિતિને કારણે કામ ન કરતા લોકોની વધતી સંખ્યા ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે આપણે લોકોને કામ પર પાછા ફરવામાં મદદ કરવા માટે વધુ મહત્વાકાંક્ષી બનવાની જરૂર છે અને જીવનના રોજિંદા પડકારોને વધુ તબીબી બનાવવાના જોખમ વિશે વધુ પ્રમાણિક બનવાની જરૂર છે.


સત્તાવાર માહિતી અનુસાર, ૧૬ થી ૬૪ વર્ષની વયના લગભગ ૯.૪ મિલિયન લોકો, અથવા ૨૨ ટકા, ન તો કામ કરે છે.

# પાર્ટીઓમાં હાજરી ન આપવાથી કામથી હાથ ધોવા પડે છે : પરિણીતિ ચોપડા

મુંબઇ,

પરિણીતિ ચોપડાનું કહેવું છે કે બૉલીવુડની પાર્ટીઓમાં હાજરી ન આપવાથી મારે ઘણા પ્રોજેક્ટ્સમાંથી હાથ ધોવા પડ્યા હતા. તેની છેલ્લી ઘણી ફિલ્મો બૉક્સ-ઑફિસ પર નથી ચાલી, પરંતુ 'અમર સિંહ ચમકીલા'ના પાત્ર માટે તેનાં વખાણ થયાં છે. તેને કરીઅરમાં ઘણી વાર ખોટી સલાહ મળી હતી અને તેણે ઘણા ખોટા પ્રોજેક્ટ સાઈન કર્યા હોવાથી તે સારી ફિલ્મોનો ભાગ નહોતી બની શકી.

આ વિશે વાત કરતાં પરિણીતિ કહે છે, 'બૉલીવુડની પાર્ટીઓમાં, ડિનર્સ પર અને લંચ દરમ્યાન કામને લઈને અથવા તો રોલને લઈને ચર્ચા કરવામાં આવે છે, પરંતુ હું એમાં નથી જતી. હું ઈચ્છું છું કે પ્રોડ્યુસર્સ અથવા તો ડિરેક્ટર્સ મને કામ માટે ફોન કરે, કારણ કે હું સખત મહેનત કરવા તૈયાર છું. ૧૦ વર્ષ પહેલાં મને 'ઈશકઝાદે' માટે નૅશનલ અવૉર્ડ મળ્યો હતો. હું આજે પણ એ જ ઍક્ટર છું. બૉલીવુડમાં એક લૉબી ચાલે છે અને જે લોકો પાર્ટીમાં હાજરી નથી આપતા તેમણે કામથી હાથ ધોવા પડે છે એ વિશે વાત કરતાં પરિણીતિ કહે છે.



# જુનાગઢના કિન્નર સમાજનાં અગ્રણીઓએ અચૂક મતદાન માટે સંકલ્પ જાહેર કર્યો

જુનાગઢ, સમાજના અભિન્ન ભાગ એવો કિન્નર સમાજ તા.૭મી મે એ અચૂક મતદાન કરવા માટે સંકલ્પબદ્ધ થયો છે. સંખ્યાની દ્રષ્ટિએ ખૂબ જૂજ પણ ૧૦૦ ટકા મતદાન કરવા માટે નિર્ધાર કર્યો છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ અને મહત્તમ મતદાન થાય તે માટે સમાજના દરેક તબક્કા સુધી જિલ્લા ચૂંટણી તંત્ર પહોંચી રહ્યું છે. મતદાન જાગૃતિની આ ઝુંબેશમાં જૂનાગઢનો કિન્નર સમાજ સહભાગી બન્યો હતો.



જૂનાગઢ રેલવે સ્ટેશન પાસે આવેલ ચંદ્રમોલેશ્વર મહાદેવના સાનિધ્યમાં તદયયા અંતર્ગત નિર્ભયતાપૂર્વક, ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા માટે કિન્નર સમાજે સંકલ્પ કર્યો હતો.

કિન્નર સમાજના અગ્રણી ફીજામાસીએ જણાવ્યું કે, તા.૭મી મેએ અમે મતદાન કરવા માટે જવાના છીએ ત્યારે જૂનાગઢવાસીઓ પણ દેશ અને સમાજના હિતમાં તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે ૧૦૦ ટકા મતદાન કરે. તેવો તેમણે અનુરોધ કર્યો હતો.

તેવા જ કિન્નર સમાજના અગ્રણી નીરુમાસીએ પણ યોગ્ય જનપ્રતિનિધિ ચૂંટવા માટે અવશ્ય મતદાન કરવાનો અનુરોધ કરતા કહ્યું કે, ૧૦૦ ટકા મતદાન કરી લોકશાહીનું આ મહાપર્વ ઉજવવું જોઈએ.

જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિપુલ ઘુંચલા અને જીગ્નેશ મહેતાએ મતદાન જાગૃતિના આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# ૬૯મો રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહમાં રાજકોટ ડિવિઝનને બેસ્ટ લોડીંગ એફર્ટ શિલ્ડ એનાયત

રાજકોટ, પશ્ચિમ રેલવે દ્વારા આયોજિત ૬૯મા રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહમાં રાજકોટ રેલવે ડિવિઝન ને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે શ્રેષ્ઠ લોડિંગ પ્રયત્નો માટે જનરલ મેનેજર કાર્યક્ષમતા શિલ્ડ એનાયત કરવામાં આવી છે. તાજેતરમાં, મુંબઈના નરીમાન પોઈન્ટ સ્થિત યશવંતરાવ ચવ્હાણ ઓડિટોરિયમ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્ર દ્વારા આ પ્રતિષ્ઠિત શિલ્ડ રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વની કુમાર અને સિનિયર ડિવિઝનલ



ઓપરેશન મેનેજર કેપ્ટન આર.સી. મીણા ને અર્પણ કરવામાં આવી હતી. આ શિલ્ડ રાજકોટ અને અમદાવાદ ડિવિઝન ને સંયુક્ત રીતે એનાયત કરવામાં આવી છે. રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ડિવિઝનમાંથી ગુડ્સ ટ્રેન દ્વારા ૧૦.૬૪ મિલિયન ટન માલનું લોડિંગ કરીને છેલ્લા પાંચ વર્ષનો લોડિંગ રેકોર્ડ તોડ્યો છે. ડિવિઝને આ નાણાકીય વર્ષમાં સૌથી વધુ ૪.૯ મિલિયન ટન પેટ્રોલિયમ ઉત્પાદનો જેમ કે ડીઝલ, પેટ્રોલ, એલપીજી વગેરેના લોડિંગનો નવો રેકોર્ડ બનાવ્યો છે. આ ઉપરાંત રાજકોટ ડિવિઝને ટ્રેનોના સંચાલનમાં ૯૭.૦૧% એટ્લે કે સમયપાલનતા હાંસલ કરી છે જે સમગ્ર ભારતીય રેલવેમાં બીજા ક્રમે છે. ડીઆરએમ શ્રી અશ્વનીકુમારે રાજકોટ ડિવિઝનને મળેલી આ પ્રતિષ્ઠિત શિલ્ડને અધિકારીઓ અને કર્મચારીઓની મહેનત અને સમર્પણનું પરિણામ ગણાવી સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# જુનાગઢમાં મનપાએ જર્જરીત બિલ્ડીંગોને નોટીસો ફટકારી

જુનાગઢ, જુનાગઢ મનપા વિસ્તારમાં આવેલી જર્જરીત મિલ્કતોને ઉતારી લેવા અથવા તેને રીપેરીંગ કરવા જુનાગઢ મનપા દ્વારા તાકીદ કરવામાં આવી રહી છે. જેની નોટીસો પાઠવવામાં આવી રહી છે. જેમાં ૧૦ દિવસનો સમયગાળો અપાયો છે. જો ૧૦ દિવસમાં જર્જરીત બિલ્ડીંગો, મકાનો દુર કરવામાં નહીં આવે તો મનપા આવી મિલ્કતોને દુર કરશે અને તેનો ખર્ચ જે તે મિલ્કતધારકો પાસેથી વસુલ કરવામાં આવશે.

જુનાગઢ મનપા વિસ્તારમાં અસંખ્ય જર્જરીત ઈમારતો આવેલી છે. નોટીસમાં જણાવ્યા મુજબ આવી ભયજનક, જોખમી જર્જરીત બાંધકામો કે બાંધકામના ભાગોને જીપીએમસી એકટની જોગવાઈ મુજબ દુર કરવાના રહેશે. તેને રીપેરીંગ કરવાના રહેશે જે કામગીરી ૧૦ દિવસમાં કરવાની રહેશે. જો તેમ કરવામાં નહીં આવે તો આવી જોખમી મિલ્કતો-બાંધકામો મનપા દ્વારા દુર કરાશે અને તેનો થતો તમામ ખર્ચ જે તે મિલ્કતધારકો જમીન, મકાન માલીક પાસેથી વસુલવામાં આવશે જેની નોટીસ દ્વારા જાણ કરવામાં આવી છે.

# વેરાવળ અભયમ ટીમે સગીરાને આપઘાતના વિચારમાંથી મુકત કરી જીવનની નવી દિશા દેખાડી

વેરાવળ, વેરાવળ અભયમ ટીમે સગીરાને આપધાત કરવાના વિચારમાંથી મુક્ત કરી સગીરાને એક નવી દિશા આપી છે.

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડામાં આવેલ એક ગામમાંથી ૧૮૧ મહિલા હેલ્પલાઈન માં ફોન આવેલ. અને જણાવેલ કે હું એક સગીર દીકરી નો પિતા વાત કરું છું. મારી દીકરી સગીર છે. અને તેનો અભ્યાસ ચાલુ છે. ધોરણ ૧૧ માં. અભ્યાસ કરે છે. તેને એક યુવક સાથે પ્રેમ સંબંધ હોય. તેની જાણ એક પિતા તરીકે મને થતાં મારી દીકરીને સમજાવવની કોશિશ કરી અને આગળ ભણવા માટે કહેલું. પરંતુ દીકરી ના માની. અને કહે લગ્ન તો તેના પ્રેમી સાથે જ કરવા છે. અને મરી જવાની ધમકી આપે છે. પીડિતાના પિતાએ તેમની દિકરીને સમજાવવા ૧૮૧ ની મદદ લીધી.

જેથી ફરજ પર હાજર રહેલ કાઉન્સેલર મનિષા ધોળીયા, કોન્સ્ટેબલ કૃપલબેન ઝણકાત. અને પાઈલોટ બચુભાઈ. સ્થળ પર તાત્કાલિક પહોંચી ગયા. તે દિકરીને મળ્યા તેનું કાઉન્સિલિંગ કરેલ તો જણાવેલ કે હું ૧૭ વર્ષ ની છું. મને મારા ગામના એક યુવક સાથે પ્રેમ થઈ ગયો છે. અમે ઘણા સમય થી પ્રેમસંબંધ હતા. મારે તેની સાથે લગ્ન કરવા હતા. મારા પિતાને મારા પ્રેમસંબંધની ખબર પડતાં તે યુવક મને સ્વીકારવાની ના પાડી દીધી.

મને હવે જીવવાની કોઈ ઈચ્છા નથી. મારી લાગણીનો વિશ્વાસઘાત થયો છે. આગળ પણ મરવાની કોશિશ કરી હતી. ત્યારપછી પહેલા તો તેમને મનુષ્ય ના જીવનનું મહત્વ સમજાવેલ. તેમજ આત્મહત્યા કરવી એ પાપ છે. અને કાયદાકીય રીતે જોઈએ તો ગુનો છે. અધવચ્ચે છોડેલો અભ્યાસ પૂરો કરી પગભર બનવાનું છે. તેના માં આત્મવિશ્વાસ પૂરો પાડ્યો. અને મરવાના વિચાર કરતી દીકરી કઈક બનવાની ઈચ્છા રાખવા તૈયાર થઈ. અભયમ ટીમનું કાઉન્સિલિંગ સફળ થયું. અને પેમીના પ્રેમ ને ભૂલી આત્મહત્યાના કરવા ના વિચાર માંથી મુક્ત કરી.

# રાજકોટ જિલ્લાના આચારસંહિતાના ભંગને લગતી કૂલ ૧૬૩ ફરિયાદોનો નિકાલ

## સી-વિજિલની ૧૩૪, ટોલ ફ્રીની ૨૧ અને ૧૯૫૦ની ૮ ફરિયાદોનો ઉકેલ

રાજકોટ , લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ આચારસંહિતાના ચુસ્ત અમલીકરણ માટે જિલ્લા વહીવટી તંત્ર સતત કાર્યરત છે. તા. ૧૬ માર્ચ થી આજ સુધીમાં આચારસંહિતાના ભંગને લગતી ૧૬૩ ફરિયાદોનો ઉકેલવામાં આવી હતી.

રાજકોટ જિલ્લામાં સી-વિજિલમાં ૧૩૪ ફરિયાદો, એમ.સી.સી. ફરિયાદ નિવારણ ટોલ ફ્રી નંબરમાં ૨૧ ફરિયાદો, જિલ્લા સંપર્ક કેન્દ્ર ૧૯૫૦ હેલ્પલાઈન નંબરમાં ૦૮ ફરિયાદો નોંધાયા બાદ તમામ ફરિયાદોનું તુરંત નિરાકરણ કરાયું હતુ. તેમ નોડલ ઓફિસર શ્રી એચ. કે. સ્વામીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં શાળાના છાત્રો દ્વારા માનવ સાંકળ થકી અપાયો પવિત્ર મતદાનનો સંદેશ



રાજકોટ, લોકસભાની ચૂંટણીમાં રાજકોટ લોકસભા મત વિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે, રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે.

આજ રોજ ૬૭-વાંકાનેર વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ વાંકાનેર ખાતેની ભાટિયા કન્યા શાળામાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મહિલા મતદારોમાં જાગૃતિ વધે અને મતદાન માટે પ્રેરિત થાય તે દિશામાં પ્રયત્નો કરવા સૌએ પ્રતિબદ્ધતા દાખવી હતી. આ ઉપરાંત માનવ સાંકળ રચીને શાળાના વિદ્યાર્થીઓએ માનવ સાંકળ રચીને અચૂક મતદાન કરવા માટે અપીલ કરી હતી.

રાજકોટ દક્ષિણ વિધાનસભા મત વિસ્તારમાં વિરાણી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને લોકશાહીમાં મતાધિકારનું મહત્ત્વ સમજાવાયું હતું. તથા ભવિષ્યમાં પોતે મતદાન કરવા તેમજ વાલીઓને હાલની ચૂંટણીમાં મતદાન માટે પ્રેરિત કરવા સમજાવાયા હતા. આ તકે સૌએ મતદાન જાગૃતિ અને અચૂક મતદાનના શપથ પણ લીધા હતા.

# વેરાવળ બ્લડ બેંક ખાતે નિ:શુલ્ક નેત્રયજ્ઞ યોજાયો



વેરાવળ, વેરાવળ સ્વ.રમેશભાઈ મસાણી જન સમાજ સેવા સંઘ દ્વારા આયોજિત બ્લડ બેંક ખાતે નિશુલ્ક નેત્રયજ્ઞ આયોજન કરવામાં આવેલ જેના દાતા યુકે લંડન/નિવાસી સ્વ. પ્રેમજીભાઈ મેપાભાઇ મસાણી-માલમ-સહયોગી શિવાનંદ મિશન વીરનગર ડો.વૈશાલીબેન અને તેમની ટીમ દ્વારા ૧૭૦ દર્દીઓ તપાસવામાં આવ્યો હતો. જેમાં ૨૦ દર્દીઓને ઓપરેશનની જરૂરિયાત હોય તેમને વીરનગર ખાતે ઓપરેશનમાં લઈ જવામાં આવેલ ઓપરેશન કર્યા પછી બે થી ત્રણ દિવસ વેરાવળ પરત મૂકી જવામાં આવેલ દર્દીને તેમના સગાને રહેવાની જમવાની ચા પાણીની સેવા સંસ્થા દ્વારા કરવામાં આવેલ આ કેમ્પ ને સફળ બનાવવા જન સમાજ સેવા સંઘ ના જયંતીભાઈ આંજણી, સુમનભાઈ સિંધલ અને તેમની ટીમ એ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ કાંતા સ્ત્રી વિકાસ ગૃહ ખાતે "સખી બૂથ" બનાવી ચૂંટણી પ્રક્રિયાની માહિતી અપાઈ

## દિકરીઓ જ આર.ઓ., પોલિંગ, પ્રિસાઈડીંગ ઓફિસર બની ચૂંટણીમાં સહભાગી થઈ

રાજકોટ, આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને રાજકોટ જિલ્લામાં "સ્વીપ" દ્વારા વિવિધ નવતર પ્રયાસો હાથ ધરી વિદ્યાર્થીઓ,યુવાનો,વડીલો સૌને ચૂંટણીમાં મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. ત્યારે રાજકોટની કાંતા સ્ત્રી વિકાસ ગૃહ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા સખી બુથ રચી મતદાન મથક પરની કાર્યપ્રણાલી રજૂ કરવામાં આવી હતી.

આ સમગ ચૂંટણીમાં વિદ્યાર્થીનીઓ જ બી.એલ.ઓ., આર.ઓ, પોલિંગ ઓફિસરો,પ્રિસાઈડીંગ ઓફિસર, ઉમેદવાર અને મતદાતા બન્યા હતા. બાલિકાઓ દ્વારા જ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા યોજવામાં આવી હતી, જે જાણે સાચી ચૂંટણી હોય તેમ તાદ્રશ્ય થતી હતી. દરેક પોતાના હોદ્દા અને તેની કામગીરી વિશે વાકેફ હતા તેમજ તેમણે અન્ય બાળકોને પણ તેમની કામગીરી વિશે વિસ્તારપૂર્વક સમજણ પૂરી પાડી હતી. આ સાથે વિદ્યાર્થી તેમજ શિક્ષકશ્રીઓએ મતદાર જાગૃતિ અંગે કવિતા/સ્લોગન રજુ કર્યા હતા.

આ કાર્યક્રમમાં મદદનીશ મતદારશ્રી, નોંધણી અધિકારીશ્રી અને મામલતદારશ્રી રાજકોટ શહેર દક્ષિણ ઉપસ્થિત રહ્યા હતા તેમજ તેઓ દ્વારા લોકશાહીમાં દરેક મતના મહત્વ વિશે સૌને માહિતી આપવામા આવી, મહિલાઓ તથા યુવાઓને ખાસ મતદાન કરવા-કરાવવા અપીલ કરવામાં આવી હતી.

સાથે જ ૬૮ - વિધાનસભા પૂર્વમાં શ્રી એસ.વી.વિરાણી હાઈસ્કૂલ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને મતદાનથી વાકેફ કરી પોતાના વાલીઓને મતદાન કરવા પ્રેરણા આપવા સમજૂત કરવામાં આવ્યા હતા તેમ, અધિક કલેક્ટર અને સ્વીપના નોડલ શ્રી જિજ્ઞાસાબેન ગઢવી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીની રાજકોટવાસીઓને અચૂક મતદાન કરવાની અપીલ

રાજકોટ, લોકશાહીના મહાપર્વમાં વહીવટીતંત્ર ખડેપગે છે. ત્યારે રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવનાથ ગવ્હાણએ પ્રોગ્રામ ઓફિસરશ્રી સાવિત્રીનાથજી અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ સાથે જિલ્લાપંચાયત ખાતે ચર્ચા હતી. જેમાં આંગણવાડી બહેનો તાલુકાઓના ગામડાઓમાં તમામ મહિલાઓ સાથે સંપર્કમાં હોવાથી તેમના દ્વારા વધુને વધુ મતદાન થાય તે માટે સઘન પ્રયત્નો કરવા ઉપસ્થિતોને સૂચના આપી હતી.

# જુનાગઢ જેસીઆઇ - મહિલા દ્વારા રામ જન્મોત્સવની ઉજવણી

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ, અયોધ્યાજ ખાતે નવનિર્મિત શ્રી રામ મંદિર ખાતે પ્રથમ રામનવમીના વિશેષ દિવસ નિમિત્તે જુનાગઢ ખાતે જેસીઆઇ જુનાગઢ મહિલા સીટી દ્વારા રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ. શ્યામ આર. ઓ. સર્વિસ, સાઈબાબા મંદિર પાસે, ઝાંઝરડા રોડ ખાતે સર્વે રામ ભકતોને પ્રસાદી સ્વરૂપે ઠંડા પીણા મોકટેલનું અંદાજે ૧૫૦૦ થી વધુ ગ્લા સનું વિતરણ કરવામાં આવેલ. આ ભગીરથ કાર્યમાં જેસીઆઇ જુનાગઢ મહિલા સીટીના પ્રમુખ જેસી ભાવીશા




દેકીવાડીયા, ડાયરેકટર જેસી કેતન ચોલેરા, સેક્રેટરી જેસી હસમુખ મારવણીયા, જેસી સંગીતા સાવલિયા, જેસી ચેતન સાવલિયા, કેતનભાઈ અધેરા, કપિલભાઈ કલોલા ઉપસ્થિત રહેલ

# જૂનાગઢમાં રાજરાજેશ્વરી માં આશાપુરા મઢ ખાતે ૩૫મો ચૈત્રી મહાયજ્ઞોત્સવ યોજાયો

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ, ગિરનાર સિદ્ધ તપોભુમિ ક્ષેત્રમાં આવેલ પૌરાણિક આશાપુરા મઢ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ત્રિ-દિવસીય ૩૫ માં મહાયજ્ઞોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે મહાપ્રસાદનું પણ આયોજન કરાયુ હતું.

ભવનાથ તળેટી વિસ્તારમાં બિરાજતા રાજરાજેશ્વરી આશાપુરા માતાજી, હિંગળાજ મંદિર તથા મોમાઇ માતાજીના ત્રિ-દિવસીય મહાયજ્ઞ ઉત્સવમાં કાલંભડી ગામના પૃથ્વીરાજસિંહ ચંપકસિંહ જાડેજા પરિવારના યજમાન પદે ગત તા.૧૪ થી ચૈત્ર સુદ- આઠમ તા.૧૬ સુધી યોજાયેલ આ ધર્મોત્સવમાં અતુલ પુરોહિત અને હર્ષદ પુરોહિતે આચાર્યપદે હેમાદ્રિ ગણપતિ પુજ, ગ્રહશાંતી હવન, ચંડીપાઠનો હવન તેમજ બિડુ હોમવા સહિતના અનુષ્ઠાનો યોજાયા હતાં.



આ પ્રસંગે સમગ્ર રાજપુત પરિવાર તથા માતાના ગોઠી પરિવારના સર્વે સભ્યો ઉમંગભેર ઉપસ્થિત રહયા હતાં અને મહાયજ્ઞ તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# રાજકોટ સનશાઈન ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયૂસન્સમાં ૧૦મો વાર્ષિકોત્સવ ઉજવાયો

રાજકોટ, સનશાઈન ગ્રુપ દ્વારા વાર્ષિકોત્સવ - ઓરિયાના ૨૦૨૪ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પ્રમુખસ્વામી ઓડિટોરીયમ, રૈયા રોડ, રાજકોટ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં ડી.વી.મેહતા, ચેરમેન, જીનીયસ ગ્રુપ અને ગારડી વિદ્યાપીઠ ઊપસ્થિત રહ્યા હતા. તેઓએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યકર્મની શરૂઆતમાં ડો. વિકાસ અરોરાએ તમામ મહેમાનોનું, વિદ્યાર્થીઓ અને વાલીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, ડાન્સ, ફ્યુઝન ડાન્સ, રાજસ્થાની નૃત્ય, ગરબા જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી હતી.

# રાજકોટ હોમીયોપેથીક મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓનું બીએચએમએસની પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન

રાજકોટ, પારૂલ યુનિવર્સિટી દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૪માં લેવાયેલ દ્વિતીય વર્ષ બીએચએમએસની પરીક્ષામાં રાજકોટ હોમીયોપેથીક મેડીકલ કોલેજના ચાર વિદ્યાર્થીઓએ કોલેજમાં પ્રથમ એકથી ત્રણમાં તેમજ પારૂલ



યુનિવર્સિટીમાં ટોપ ટેનમાં સ્થાન મેળવી રાજકોટ હોમીયોપેથીક મેડીકલ કોલેજનું ગૌરવ વધારેલ છે.

જેમાં બુસા નૈસર્ગી કોલેજમાં પ્રથમ અનેયુનિ. કક્ષાએચતુર્થ વૈશ્નવ વિશ્ર્વા કોલેજમાં દ્વિતીય યુનિ.કક્ષાએ છઠ્ઠો, કાતરીયા ક્રિનલ કોલેજ કક્ષાએ તૃતિય, યુનિવર્સિટી કક્ષાએ સાતકો કારીયા કૈરવીએ કોલેજ કક્ષા તૃતિય યુનિ. કક્ષાએ સાતમુ સ્થાન મેળવેલ છે.

# વેરાવળમાં સિંધી સારસ્વત બ્રાહ્મણ મંડળ દ્વારા માતાજીના જાગરણનું આયોજન કરાયું

વેરાવળ, વેરાવળમાં સિંધી સારસ્વત બ્રાહ્મણ મંડળ અને નવયુવક મંડળ દ્વારા સયુંકત ઉપક્રમે સતત ૨૨ માં વર્ષે ચૈત્ર નવરાત્રિમાં માતાજીના જાગરણનું આયોજન કરાયેલ હતું.વેરાવળમાં સિંધી સારસ્વત બ્રાહ્મણ મંડળ અને નવયુવક મંડળના સયુંકત ઉપક્રમે ચૈત્ર નવરાત્રી દરમિયાન છેલ્લા ૨૧ વર્ષથી માતાજીના જાગરણનું આયોજન કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ લીલાશાહ બાગ ખાતે માતાજીની



ચોકી (જાગરણ) નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માતાજીની આરાધના સાથે મહુવાની મંડળીએ ભજનો અને માતાજીની સ્તુતિઓથી મંત્રમુગ્ધ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સિંધી સારસ્વત બ્રાહ્મણ મંડળના પ્રમુખ રાજેશભાઈ શર્મા, નવયુવક મંડળ પ્રમુખ ચિરાગ શર્મા, ચંદ્રકાંતભાઈ શર્મા, મધુસૂદન લછાણી, ચેતનભાઈ શર્મા, વિનોદભાઈ શર્મા, ટોનીભાઈ મુલચંદાણી, મુકેશભાઈ શર્મા, વિનોદ લછાણી, ઈન્દુભાઈ શર્મા સહીતનાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનાં અંતે ઉપસ્થિત લોકોએ માતાજીની સમૂહ આરતી કરી જગતની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

## ૨૬ એપ્રિલે યોજાનાર મતદાનમાં

# રાહુલ ગાંધી-હેમા માલિની સહિત અનેક દિગ્ગજોનું નસીબ દાવ પર

નવીદિલ્હી,

દેશની ૫૪૩ લોકસભા બેઠકમાંથી ૧૦૨ બેઠક પર શુક્રવારે મતદાન સાથે જ પ્રારંભ થઈ ગયો છે. હવે ૨૬ એપ્રિલે બીજા તબક્કાના મતદાનની તૈયારીમાં ચૂંટણી પંચ લાગી ગયું છે. લોકસભાના બીજા તબક્કામાં ૧૨ રાજ્યની કુલ ૮૮ બેઠક પર મતદાન થશે. જે રાજ્યમાં મતદાન થવાનું છે જેમાં છત્તીસગઢ, કર્ણાટક, કેરળ, આસામ, બિહાર, મણિપુર, રાજસ્થાન, ત્રિપુરા, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને જમ્મુ કાશ્મીર સામેલ છે.

બીજા તબક્કામાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી, એની રાજા, શશિ થરૂર, નવનીત રાણા, ઓમ બિરલા, હેમા માલિની, અરૂણ ગોવિલ અને પ્રહલાદ જોશી જેવા દિગ્ગજ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. મહત્ત્વપૂર્ણ છે કે ચૂંટણીની જાહેરાત સમયે ચૂંટણી પંચે બીજા તબક્કામાં ૮૯ બેઠક પર મતદાન કરાવવાની જાહેરાત કરવામાં આવી હતી. મધ્ય પ્રદેશની બેતૂલ લોકસભા બેઠક પર બીએસપીના ઉમેદવાર અશોક ભાલવીના નિધનને કારણે આ બેઠક પર મતદાન સ્થગિત કરી દેવામાં આવ્યું છે. આ રીતે બીજા તબક્કામાં હવે ૮૮ બેઠક પર જ મતદાન થશે.

૧૨ રાજ્યની જે ૮૮ બેઠક પર મતદાન થશે તેમાં આસામઃ કરીમગંજ, સિલચર, મંગલદોઇ, નાગાંવ અને કલિયાબોર,બિહારઃ કિશનગંજ, કટિહાર, પૂર્ણિયા અને ભાગલપુર,છત્તીસગઢઃ મહાસમુંદ, કાંકેર, રાજનાંદગાંવ,કર્ણાટકઃ બેલ્લારી, હાવેરી, ધારવાડ, ઉત્તર કન્નડ, દાવણગેરે, શિમોગા ચિક્કોડી, બેલગામ, બાગલકોટ, બીજાપુર, ગુલબર્ગ, રાયચૂર, બીદર, કોપ્પલ.,કેરળઃ અલાપ્પુઝા,





માવેલિક્કારા, પથાનામથિટ્ટા, કોલ્લમ, અટિંગલ, તિરૂવનંતપુરમ, કાસરગોડ, કન્નૂર, વડકારા, વાયનાડ, કોઝિકોડ, મલપ્પુરમ, પોન્નાની, પલક્કડ, અલાથુર, ત્રિશૂર, ચલાકુડી, એર્નાકુલમ, ઇડુક્કી, કોટ્ટાયમ.,મધ્ય પ્રદેશઃ દમોહ, ખજુરાહો, સતના, ટીકમગઢ, રીવા, હોશંગાબાદ,મહારાષ્ટ્રઃ બુલઢાણા, અકોલા, યવતમાલ વાશિમ, હિંગોલી, નાંદેડ, પરભની, અમરાવતી, વર્ધા,મણિપુરઃ મણિપુર,રાજસ્થાનઃ બાડમેર, જાલોર, ઉદયપુર, બાંસવાડા, ચિતૌડગઢ, ટોંક-સવાઇ માધોપુર, અજમેર, પાલી, જોધપુર, રાજસમંદ, ભીલવાડા, કોટા અને ઝાલાવાડ-બારાં.,

રાહુલ ગાંધીઃ કેરળની વાયનાડ લોકસભા બેઠક પર કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી ફરી ચૂંટણી લડી રહ્યાં છે. ભાકપાની એની રાજા અને ભ્રહ્મછના કે સુરેન્દ્રન તેમના વિરૂદ્ધ ચૂંટણી મેદાનમાં છે.શશિ થરૂરઃ કેરળના તિરૂવનંતપુરમ લોકસભા બેઠક પર કોંગ્રેસના સાંસદ શશિ થરૂર ફરીથી ઉમેદવાર છે. ભાજપે તેમના વિરૂદ્ધ રાજીવ ચંદ્રશેખર અને લેફ્ટના પનિયન રવિન્દ્રનને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

નવનીત રાણાઃ મહારાષ્ટ્રની અમરાવતી લોકસભા બેઠક પરથી નવનીત રાણા ઉમેદવાર છે, તેમના વિરૂદ્ધ ઈન્ડિયા ગઠબંધને વાનખેડેને ઉતાર્યા છે.

# જળવાયુ પરિવર્તન અત્યારે વિશ્વની સૌથી મોટી સમસ્યા છે : સુપ્રીમે વ્યકત કરી ચિંતા

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે જળવાયુ પરિવર્તન મુદ્દે ટિપ્પણી કરતા કહ્યું કે માણસ પોતાનો જ નાશ કરી રહ્યો છે. જળવાયુ પરિવર્તન અત્યારે વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. જળવાયુ પરિવર્તનની અસરોથી મુક્તિને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપ્યાના એક સપ્તાહ બાદ જ સુપ્રીમ કોર્ટે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જળવાયુ પરિવર્તન દેશના ભવિષ્ય પર નુકસાનકારક અસર કરી શકે છે. જંગલો નિઃસ્વાર્થ સેવા આપે છે, પરંતુ માણસ પોતાની મૂર્ખતાને લીધે તેનો નાશ કરી રહ્યો છે.સુપ્રીમ કોર્ટે આરબીઆઈના રિપોર્ટને પણ ટાંક્યો છે. કોર્ટે કહ્યું કે, રિપોર્ટ ઓન કરન્સી એન્ડ ફાયનાન્સ નામનો આરબીઆઈનો રિપોર્ટ ખૂબ જ ચિંતાનો વિષય છે. આ રિપોર્ટ કહે છે કે ક્લાઈમેટ ચેન્જની સમાજ પર વિપરીત અસર થઈ રહી છે. તેનાથી દેશના ભવિષ્ય પર અસર થશે.

હાલનો કેસ જંગલની જમીનને ખાનગી જમીન તરીકે જાહેર કરવા સંબંધિત હતો. તેલંગાણા હાઈકોર્ટે તેના સમીક્ષા આદેશમાં જમીન ખાનગી પક્ષની તરફેણમાં આપી હતી, જ્યારે તેના અગાઉના આદેશમાં કહ્યું હતું કે જમીન જંગલની છે. આ પછી તેલંગાણા સરકારે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશને પલટી નાખ્યો અને આમ જંગલની જમીન પર ખાનગી પક્ષનો દાવો ફગાવી દીધો.



# અશ્લીલ સામગ્રીમાં બાળકોનો ઉપયોગ કરવોએ ગંભીર ગુનો અને ચિંતાનો વિષય : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કહ્યું કે બાળક માટે અશ્લીલ સામગ્રી જોવી એ કદાચ ગુનો નથી, પરંતુ અશ્લીલ સામગ્રીમાં બાળકોનો ઉપયોગ ગંભીર ચિંતાનો વિષય છે. આ ગુનો હોઈ શકે છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ જેબી પારડીવાલાની બેન્ચે મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને પડકારતી એનજીઓ – જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન એલાયન્સ ઓફ ફરીદાબાદ અને નવી દિલ્હી સ્થિત બચપન બચાવો આંદોલન પર પોતાનો ચુકાદો અનામત રાખતા આ અવલોકનો કર્યા હતા. આ સંસ્થાઓ બાળકોના કલ્યાણ માટે કામ કરે છે.બેન્ચે કહ્યું કે બાળક માટે અશ્લીલ સામગ્રી જોવી એ ગુનો ન હોઈ શકે, પરંતુ અશ્લીલ સામગ્રીના ઉત્પાદનમાં બાળકોનો ઉપયોગ કરવો એ ગુનો હોઈ શકે છે અને તે ગંભીર ચિંતાનો વિષય છે. મદ્રાસ હાઈકોર્ટે ચુકાદો આપ્યો કે માત્ર ચાઈલ્ડ પોર્ન ડાઉનલોડ કરવું અને જોવું એ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો નથી.

૧૧ જાન્યુઆરીના રોજ, હાઈકોર્ટે ૨૮ વર્ષીય વ્યક્તિ વિરુદ્ધ ફોજદારી કાર્યવાહીને પણ રદ કરી દીધી હતી, જેના પર તેના મોબાઈલ ફોન પર ચાઈલ્ડ પોર્નોગ્રાફિક સામગ્રી ડાઉનલોડ કરવાનો આરોપ હતો. બંને સંસ્થાઓ તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ એચએસ ફૂલકાએ હાઈકોર્ટના નિર્ણય સાથે અસંમતિ દર્શાવી હતી.

# વિશ્વમાં ચીનનો પ્રચાર કરવા ઈન્ફોર્મેશન સપોર્ટ ફોર્સની કરાઈ રચના

## રાષ્ટ્રપતિ શી જિનપિંગે જાહેરાત કરી

બીજીંગ,

ચીનમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગે ઈન્ફોર્મેશન સપોર્ટ ફોર્સની રચનાની જાહેરાત કરી હતી. આ ફોર્સ ચીનની સેના – પીપલ્સ લિબરેશન આર્મીની એક શાખા હશે. શી જિનપિંગે કહ્યું છે કે આ ફોર્સ પીએલએની વ્યૂહાત્મક શાખા હશે અને તે વિશ્વની સૌથી મોટી સેનાના સ્તંભ તરીકે કામ કરશે.

ઈન્ફોર્મેશન સપોર્ટ ફોર્સ વિશ્વમાં ચીનના પ્રચાર અભિયાનને વધુ તીવ્ર બનાવશે અને આ દળ તેના પ્રચાર યુદ્ધમાં મુખ્ય ભૂમિકા ભજવશે. રાષ્ટ્રપતિ શી જિનપિંગ ચીનના સેન્ટ્રલ મિલિટરી કમિશનના વડાનું પદ પણ ધરાવે છે. આ કારણે તેઓ ચીની સેનાના સર્વોચ્ચ કમાન્ડર છે. સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીના નિર્ણય હેઠળ આ નવા દળની રચના કરવામાં



આવી છે. શી જિનપિંગ પાર્ટીના જનરલ સેક્રેટરીનું પદ પણ ધરાવે છે. આ અર્થમાં, ચીનમાં સત્તાના ત્રણેય સર્વોચ્ચ પદ શી જિનપિંગ પાસે છે.આઈએસએફના માધ્યમથી ચીની સેના પોતાના ઉદ્દેશ્યોને હાંસલ કરવા માટે વાતાવરણ બનાવશે અને પછી જરૂરિયાત મુજબ કાર્યવાહી કરશે. ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે, આ નવું દળ સ્ટ્રેટેજિક સપોર્ટ ફોર્સ ના નવા સંસ્કરણ તરીકે કાર્ય કરશે.

# દિલ્હીમાં કુલદીપ સૌથી નાના અને જેપી સૌથી મોટી ઉંમરના ઉમેદવાર

નવીદિલ્હી,

આ વખતે દિલ્હીમાં લોકસભાની ચૂંટણીમાં સૌથી યુવા અને સૌથી વૃદ્ધ ઉમેદવારો મેદાનમાં છે. પૂર્વ દિલ્હી પ્રદેશમાંથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર, કુલદીપ કુમાર સૌથી નાની ઉંમરના છે અને ચાંદની ચોક પ્રદેશમાંથી કોંગ્રેસના જયપ્રકાશ અગ્રવાલ સૌથી મોટી ઉંમરે પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. અત્યાર સુધીના ઈતિહાસ પર નજર કરીએ તો કોંગ્રેસના સજ્જન કુમારના નામે યુવા સાંસદ બનવાનો રેકોર્ડ છે અને ભાજપના કેએલ શર્માના નામે વૃદ્ધ સાંસદ બનવાનો રેકોર્ડ છે. સજ્જન કુમાર ૧૯૮૦માં ૩૫ વર્ષની વયે સાંસદ તરીકે ચૂંટાયા હતા. તે જ સમયે, વર્ષ ૧૯૯૮ માં, ૭૩ વર્ષની વયે, કેએલ શર્મા સાંસદ બન્યા.

વર્ષ ૧૯૮૦ પહેલા દિલ્હીમાં સૌથી યુવા સાંસદ બનવાનો રેકોર્ડ દિલ્હીના પ્રથમ મુખ્યમંત્રી સી.એચ. તે બ્રહ્મપ્રકાશના નામે નોંધાયેલું હતું. તેઓ ૧૯૫૭માં ૩૯ વર્ષની વયે દિલ્હી સદર મતવિસ્તારમાંથી સાંસદ બન્યા હતા. પરંતુ વર્ષ ૧૯૮૦માં કોંગ્રેસના સજ્જન કુમાર ૩૫ વર્ષની ઉંમરે બહારની દિલ્હીમાં ચૌધરીમાં રહેવા ગયા. બ્રહ્મપ્રકાશને હરાવ્યો અને તેનો રેકોર્ડ તોડ્યો.

# પ્રસાર ભારતી હવે 'પ્રચાર ભારતી' બની ગયું છે ડીડી ન્યૂઝનો લોગો કેસરી કરાતા વિપક્ષ આક્રમક

## રાજ્યસભા સાંસદ અને પ્રસાર ભારતીના પૂર્વ સીઈઓ સિરકરે આ લોગો ફેરફારની આકરી ટીકા કરી 'દૂરદર્શનનું ભગવાકરણ' ગણાવ્યું

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી વચ્ચે એક મોટી ઘટના બની છે. પબ્લિક બ્રોડકાસ્ટર દૂરદર્શને ડીડી ન્યૂઝના ઐતિહાસિક લોગોનો રંગ લાલથી બદલીને કેસરી કરી દીધો છે. ડીડી ન્યૂઝના ઓફિશિયલ એક્સ હેન્ડલ પરથી આ મામલે જાહેરાત કરવામાં આવી હતી જેમાં જણાવાયું કે, 'જો કે અમારા મૂલ્યો એ જ છે, અમે હવે નવા અવતારમાં હાજર થયા છીએ. હવે એવી સમાચાર યાત્રા માટે તૈયાર થઈ જાઓ જે પહેલાં ક્યારેય જોઈ નહોતી... એકદમ નવા ડીડી ન્યૂઝનો અનુભવ કરો.' જોકે ડીડી ન્યૂઝનો આ નિર્ણય વિપક્ષને માફક આવ્યો નથી. તે ફેરફારથી નારાજ જોવા મળી રહ્યો છે. આ મામલે તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અને પ્રસાર ભારતીના પૂર્વ સીઈઓ જવાહર સિરકરે આ લોગો ફેરફારની આકરી ટીકા કરતાં તેને 'દૂરદર્શનનું ભગવાકરણ' ગણાવ્યું છે. તેમણે એક્સ પર લખ્યું કે, 'રાષ્ટ્રીય પ્રસારણકર્તા દૂરદર્શને તેનો ઐતિહાસિક ફ્લેગશિપ લોગો ભગવા રંગે રંગી નાખ્યો છે! તેના પૂર્વ સીઈઓ તરીકે મને આ ભગવાકરણ પર ચિંતા થઈ રહી છે અને હું એવું અનુભવું છું કે હવે આ પ્રસાર ભારતી નથી પણ પ્રચાર ભારતી બની ગઈ છે.

# પાકિસ્તાનના ૨૬ વર્ષની મહિલાએ એક સાથે છ બાળકોને જન્મ આપ્યો

રાવલપિંડી,

પાકિસ્તાનના રાવલપિંડીમાં બનેલી એક દુર્લભ ઘટનામાં ૨૭ વર્ષની મહિલાએ છ બાળકોને જન્મ આપ્યો છે. પાતિસ્તાનના અખબાર ડોનના અહેવાલ મુજબ રાવલપિંડીના હજારા કોલોનીમાં રહેતા મોહમ્મદ વહીદની પત્ની ઝીનત વહીદ ગર્ભવતી હતી. પ્રસવ પીડા થતા તેને સરકારી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યાં તેણે એક કલાકમાં એક છી એક છ બાળકોને જન્મ આપ્યો હતા. જીલ્લા હોસ્પિટલની મેડિકલ સુપરિટેન્ડ્ન્ટ ફરઝાનાના જણાવ્યા મુજબ છ બાળકોમાં ચાર છોકરા અને બે છકરીઓ છે. હાલમાં બાળકો અને તેમની માતાની હાલત સ્વસ્થ છે. બાળકોને



હાલમાં ઈક્યુબેટરમાં રાખવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે ઝીનતની આ પહેલી ડિલીવરી છે. હોસ્પિટલની લેબર રૂમની ડ્યુટી ઓફિસરે કહ્યું કે આ સામાન્ય ડિલીવરી ન હતી. ડિલીવરીમાં કોમ્પ્લિકેશનને જોતા ડોક્ટર ફરઝાનાએ ઓપરેશન માટે સૌથા વધુ નિષ્ણાત ડોક્ટરોની ટીમ બનાવી હતી, તેમમે સફળતાપુર્વક સર્જરી કરી હતી. ફરઝાનાએ કહ્યું કે બાળકોને જન્મ આપ્યા બાદ ઝીનતને કેટલીક સ્વાસ્થય સંબંધી તકલીફ થઈ હતી. જોકે તે ગંભીર ન હતી અને થોડા દિવસમાં માતાની હાલત સામાન્ય થી જશે. ડોક્ટર અને પેરામેડિકલની ટીમ ખુશ છે કે અલ્લાહે માં અને બાળકોનો જીવ બચાવી લીધો. મેડિકલ એક્સપર્ટનું કહેવું છે કે એક સાથે છ બાળકોનો જન્મ સામાન્ય ઘટના નથી. જોકે હાલના વર્ષોમાં પ્રજનન દવાઓની લોકપ્રિયતાએ આ પ્રકારની સંભાવનાને વધારી છે. વહીદે હોસ્પિટલમાં મિડીયાને કહ્યું કે તે એ વાતથી ખુશ છે કે એક જ વખતમાં તેમના પરિવારમાં આટલી બધી ખુશી આવી છે.

# કેરળમાં આચારસંહિતા ભંગની ૨ લાખથી વધુ ફરિયાદો નોંધાઈ

કોચ્ચી,

કેરળના મુખ્ય ચૂંટણી અધિકારી સંજય કૌલે શનિવારે જણાવ્યું હતું કે કેરળમાં અત્યાર સુધીમાં ૨ લાખથી વધુ ફરિયાદો મળી છે. તેમણે કહ્યું કે કેરળમાં લોકસભા ચૂંટણી માત્ર ૬ દિવસ દૂર છે, આ દરમિયાન આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘનને લઈને કુલ ૨,૦૯,૬૬૧ ફરિયાદો મળી છે. જેમાંથી ૨,૦૬,૧૫૨ ફરિયાદો પર કાર્યવાહી કરવામાં આવી હતી. આ ફરિયાદો ચૂંટણી પંચ દ્વારા સ્થાપિત CVigil મોબાઈલ એપ દ્વારા પ્રાપ્ત થઈ હતી.

ચુંટણી પંચે જણાવ્યું હતું કે, ૧૬ માર્ચથી ૨૦ એપ્રિલ સુધી ફરિયાદો મળી હતી અને હાલમાં ૪૨૬ પર પ્રક્રિયા કરવામાં આવી રહી છે. સીવીઆઈજીઆઈએલ દ્વારા મળેલી મોટાભાગની ફરિયાદો અનધિકૃત પોસ્ટરો, બેનરો, બોર્ડ, વોલ પ્રિન્ટિંગ, ફરજિયાત માહિતી વગરના પોસ્ટરો, મિલકતની તોડફોડ, અનધિકૃત નાણાંની લેવડદેવડ, પરવાનગી વિના વાહનોનો ઉપયોગ, દારૂનું વિતરણ, ભેટ, શસ્ત્રોનું પ્રદર્શન અને નફરત ફેલાવી અને વાણીવિલાસ સાથે સંબંધિત હતી.

પ્રાપ્ત થયેલી કુલ ફરિયાદોમાંથી ૩,૦૮૩ને પાયાવિહોણી ગણાવીને ફગાવી દેવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, જનતા સીવિગિલ (સિટિઝન્સ વિજિલ) એપ્લિકેશન દ્વારા આચાર સંહિતા ઉલ્લંઘનની ફરિયાદો મોકલી શકે છે. તેમણે કહ્યું કે એપ દ્વારા મોકલવામાં આવેલી ફરિયાદો પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી અધિકારીએ કહ્યું કે ફરિયાદ કરનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

# મતદાન પેટર્નમાં જોવા મળેલા તફાવતથી ભાજપના ૪૦૦ને પારના દાવા પર સવાલો

નવીદિલ્હી,

આ વખતે લોકસભા ચૂંટણીમાં ભાજપ ૪૦૦ રૂપિયાથી વધુનો પ્રચાર કરી રહી છે. પીએમ નરેન્દ્ર મોદીએ પોતે પણ દક્ષિણ ભારતમાં વધુ બેઠકો મેળવવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. તેમણે ત્યાં જંગી રેલીઓ યોજી હતી. દક્ષિણમાં એનડીએ કરતાં વિપક્ષી ભારત ગઠબંધન વધુ સારી સ્થિતિમાં હોય તેમ જણાય છે. પ્રથમ તબક્કાની ૧૦૨ બેઠકોમાંથી દક્ષિણની બેઠકો પર ભારે મતદાન થયું હતું અને ઉત્તર ભારતના રાજ્યોમાં ઓછા મતદાને ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. કેટલાક લોકો તેને પરિવર્તનની હાકલ ગણાવી રહ્યા છે તો કેટલાક કહી રહ્યા છે કે જનતા કોઈ પરિવર્તન ઈચ્છતી નથી.

જાણકારોના મતે ઉત્તર ભારતના રાજ્યોમાં ઓછા મતદાનને કારણે ભાજપનું ટેન્શન વધી શકે છે. દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર રાજીવ રંજન ગિરી કહે છે કે મધ્ય પ્રદેશમાં ૨૦૧૯માં ૭૫ ટકા મતદાન થયું હતું જે આ વખતે ઘટીને ૬૩ ટકા થઈ ગયું છે. તે જ સમયે, બિહારમાં ૪૭ ટકા મતદાન થયું હતું, જે ગત વખતના ૫૩ ટકા કરતાં ૬ ટકા ઓછું છે. રાજસ્થાનમાં આ વખતે ૫૭.૮૭ ટકા મતદાન થયું છે, જે ગત વખતના ૬૩.૭૧ ટકા કરતાં લગભગ ૬ ટકા ઓછું છે. આ વખતે ઉત્તર પ્રદેશમાં જે બેઠકો પર મતદાન થયું હતું, ત્યાં ૨૦૧૯ની ચૂંટણીમાં લગભગ ૬૭ ટકા મતદાન થયું હતું. આ વખતે માત્ર ૫૭ ટકા જ મતદાન થયું હતું. આ રાજ્યોમાં આટલો મોટો તફાવત કોઈપણ પક્ષ માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.

પબ્લિક પોલિસીના પ્રોફેસર અને સેન્ટર



ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝના સહ-નિર્દેશક સંજય કુમાર કહે છે કે પ્રથમ તબક્કામાં જે કંઈ પણ મતદાન થયું અને મતદાનની પદ્ધતિ પર તેની કોઈ ખાસ અસર થઈ હોય તેવું લાગતું નથી. ભાજપનું સ્વાસ્થ્ય. ૨૦૧૯માં જેવો માહોલ હતો તેવો જ આ વખતે ભાજપનો દેખાવ જોવા મળી રહ્યો છે. દરેક જગ્યાએ મોદી અને મોદીની જ ચર્ચા છે. બિહાર અને મધ્યપ્રદેશમાં ચોક્કસપણે ઓછું મતદાન થયું છે, પરંતુ તેની વધુ અસર નહીં થાય. કોઈપણ રીતે, આ વોટિંગ પેટર્નના આધારે, અત્યારે કોઈ સંકેત આપવો મુશ્કેલ છે. દક્ષિણ અને ઉત્તરપૂર્વમાં રેકોર્ડ મતદાન થયું છે. આ પહેલા પણ ત્યાં આવું જ મતદાન થતું રહ્યું છે. નિષ્ણાતોના મતે, કેટલીકવાર લોકસભાની ચૂંટણીમાં ઓછા મતદાનનો અર્થ એ થાય છે કે જનતા કોઈ ફેરફાર ઈચ્છતી નથી. બીજું, હવામાન પણ આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ઉત્તર ભારતમાં અત્યંત ગરમી છે. કેટલાક લોકો એવું પણ કહે છે કે ઓછું મતદાન સત્તા પરિવર્તનનો સંકેત આપી શકે છે. આવા સંજોગોમાં ઓછું મતદાન એટલે સત્તા પરિવર્તન એવું માનવું બહુ વહેલું ગણાશે. બમ્પર વોટિંગ બાદ પણ ઘણી વખત સત્તા પરિવર્તન જોવા મળ્યું છે.

નિષ્ણાતોના મતે દેશમાં છેલ્લી ૧૨ સામાન્ય ચૂંટણીઓમાંથી ૫માં મતદાનની ટકાવારીમાં ઘટાડો નોંધાયો હતો. ચાર વખત સરકાર બદલાઈ. માત્ર એક સમય એવો હતો જ્યારે ઓછા મતદાન છતાં સત્તાધારી પક્ષ પરત ફર્યો હતો. ૧૯૮૦ની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ઘટી અને જનતા પાર્ટીની સરકારના સ્થાને કોંગ્રેસની સરકાર આવી. ૧૯૮૯ માં, મતદાનની ટકાવારી ઘટી અને કોંગ્રેસ દ્વારા વીપી સિંહની આગેવાની હેઠળની રાષ્ટ્રીય મોરચાની સરકાર આવી. ૧૯૯૧માં ફરી મતદાનની ટકાવારી ઘટી અને કોંગ્રેસે સરકાર બનાવી.

# રાજકોટમાં ભાજપના ક્ષત્રિય નેતાઓ સાથે ગૃહ રાજ્યમંત્રી સંઘવી અને રત્નાકરે બેઠક કરી





(તસ્વીર દિલીપ ગોહેલ)

રાજકોટ:

રાજકોટ લોકસભા બેઠકથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદનથી ક્ષત્રિય સમાજમાં રોષ યથાવત છે. ક્ષત્રિયોનો ગુસ્સો શાંત કરવા માટે ભાજપના નેતાઓ અને ક્ષત્રિય સમાજના આગેવાનો વચ્ચે બેઠકો કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટમાં એક ખાનગી હોટલમાં ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિય સમાજના આગેવાનોની બેઠક મળી હતી. આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરજી, સાંસદ કેસરીદેવસિંહ ઝાલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.સૂત્રોના જણાવ્યાનુસાર, રાજકોટમાં ખાનગી હોટલમાં ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિય આગેવાનો સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી હાજર રહ્યા હતા. આ બેઠકમાં પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના ગુસ્સાને શાંત કરવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ક્ષત્રિય સમાજના મતનું નુકસાન ન થાય તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાની ક્ષત્રિય સમાજ અંગેની ટિપ્પણી ભાજપ પક્ષ માટે પણ ચિંતાનો વિષય બની છે.સંઘવી અને રત્નાકરે ભાજપના આ ક્ષત્રિય આગેવાનોને કહ્યું હતું કે, રૂપાલાએ ત્રણ વખત ક્ષત્રિય સમાજની માફી માગી લીધી છે, ત્યારે ક્ષત્રિય સમાજને ભાજપ સાથે જોડવાના પ્રયાસ કરવા જોઈએ.ગૃહમંત્રીની રાજકોટમાં ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનો સાથેની બંધ બારણે બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ હોવાનુ માનવામાં આવી રહ્યું છે.

# ઘંટેશ્વર ચોકડી પાસે વિદેશી દારૂના ૬૭૨ ચપલા સાથે શખ્સ પકડાયો

રાજકોટ:ઘંટેશ્વર ચોકડી પાસે એક શખ્સ વિદેશી દારૂના જથ્થા સાથે ઊભો હોવાની ક્રાઈમ બ્રાંચને માહિતી મળી હતી. જે માહિતીના આધારે તુરંત પોલીસ ટીમ સ્થળ પર દોડી જઈ માહિતી મુજબના શખ્સને સકંજામાં લીધો હતો. પૂછપરછમાં તે એસઆરપી કેમ્પ પાસે આવેલા વર્ધમાનનગરમાં સમય એપાર્ટમેન્ટમાં રહેતો કેયૂર નીતિન સંઘવી હોવાનું જણાવ્યું હતું. જ્યારે તેની પાસે રહેલા બોક્સની તલાશી લેતા અંદરથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડના કુલ ૬૭૨ ચપલા મળી આવ્યા હતા. પોલીસે રૂ.૬૭,૨૦૦ના કિંમતનો વિદેશી દારૂ કબજે કરી કેયૂરની ધરપકડ કરી છે. જ્યારે એલસીબી ઝોન-૧ની ટીમે કોઠારિયા મેઈન રોડ, શિયાણીનગરમાં રહેતા અફઝલ હુશેન શેખ, રસુલપરાનો અલ્તાફ હબીબ નકાણીને ઝડપી લઈ રૂ.૩૨,૪૦૦ના કિંમતની વિદેશી દારૂની ૫૪ બોટલ જપ્ત કરી હતી.જયારે મોરબી રોડ, જકાતનાકા નજીક જમના પાર્કની શેરીમાં ભરબપોરે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ભરત રવજી દાદુકિયા, અમિત અરજણ દાદુકિયા, કિશોર ઉર્ફે કપિલ હરેશ વવસ, સુરેશ મગન રાઠોડને બી ડિવિઝન પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે જુગારના પટ્ટમાંથી રૂ.૧૮,૩૦૦ની રોકડ કબજે કરી કાર્યવાહી કરી છે.

# ગઠિયાએ મદદના બહાને એટીએમ કાર્ડ બદલાવી ૩૫ હજાર ઉપાડી લીધા



રાજકોટ:

કોઠારિયા રોડ, નાડોદાનગર-૬માં રહેતા બાબુભાઈ ધરમશીભાઈ ગોહેલે ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, શનિવારે પૈસાની જરૂરિયાત હોય પોતે દેવપરા રોડ, એસબીઆઈ બેંકના એટીએમ પર રૂપિયા ઉપાડવા માટે સવારે ગયો હતો. રૂપિયા કાઢતા આવડતા ન હોય ત્યાં હાજર એક ૩૦થી ૩૫ વર્ષની ઉંમરના યુવાનની મદદ લઈ રૂપિયા ઉપાડી દેવાની વાત કરી હતી. તેને રૂપિયા કાઢી આપવાની હા પાડતા પોતાનું એટીએમ કાર્ડ તેને આપ્યું હતું. તે યુવાને પોતાનું એટીએમ કાર્ડ મશીનમાં નાંખ્યા બાદ કાર્ડના પાસવર્ડ માગ્યા હતા. જે પાસવર્ડ તેને આપતા તેને એટીએમ મશીનમાં પ્રક્રિયા કરી રૂ.૫ હજાર કાઢી આપ્યા હતા. થોડી વાર બાદ તે યુવાને એટીએમ તેના હાથમાં રાખ્યા બાદ પોતાને પરત આપી તે રૂમમાંથી નીકળી ગયો હતો. પોતાને વધારે રૂપિયાની જરૂરિયાત હોવાથી કાર્ડ ફરી એટીએમ મશીનમાં નાંખ્યું હતું, પરંતુ નાણાં નીકળતા ન હોવાથી પ્રયાસો ચાલુ રાખ્યાં હતા. આ સમયે પોતાના મોબાઈલમાં ત્રણ મેસેજ આવ્યા હતા. જે ચેક કરતા પોતાના ખાતામાંથી ત્રણ તબક્કે કુલ રૂ.૩૦ હજાર ઉપડી ગયા હતા. પોતાના ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા બાદ બાજુમાં જ બેંક હોય ત્યાં જઈને અધિકારીને વાત કરી હતી. ત્યારે બેંક અધિકારીએ પોતાની પાસે રહેલું કાર્ડ જોવા માટે લીધું હતું. એટીએમ કાર્ડ ચેક કરતા તે કાર્ડ અન્યના નામનું હોવાનું બેંક અધિકારીએ જણાવ્યું હતું. આમ પોતાને વિશ્વાસમાં લઈ અજાણ્યા શખ્સે પોતાના ખાતામાંથી રૂપિયા ઉપાડી લઈ છેતરપિંડી કરતા ફરિયાદ નોંધાવી છે.

## લુખ્ખાઓનો ત્રાસ યથાવત્

# મફત પાણીપૂરી નહીં આપનાર વેપારી પર છરીથી હુમલો!

રાજકોટ : રાજકોટમાં લુખ્ખાગીરીના બનાવ અટકવાનું નામ નથી લઈ રહ્યા. મફતમાં પાણીપૂરી નહીં આપનાર વેપારી પર બે શખ્સોએ છરી વડે હુમલો કર્યાનો બનાવ બી ડીવીઝન પોલીસ મથકમાં જાહેર થયો છે.મૂળ મધ્યપ્રદેશના અને હાલ ભગવતીપરા શેરી નં. ૮માં ભાડાના મકાનમાં રહેતા મૂળચંદસિંહ કુશ્વાહ (ઉ.વ.૩૨)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગઈકાલે સાંજે પાણીપૂરીની લારી લઈને જૂના મોરબી રોડ તરફ જતા હતા ત્યારે બે ગ્રાહકોએ બે પાણીપૂરીની પ્લેટ ખાધા બાદ પૈસા નથી તેમ કહેતા પછી આપી દેવાનું કહ્યું હતું.રાતે નવેક વાગ્યાની આસપાસ પાણીપૂરીની લારી લઈ ઘરે જતા હતા ત્યારે જૂના મોરબી રોડ પર ફરીથી તે જ બંને ગ્રાહકે મફતમાં પાણીપૂરી માગતા ના પાડી હતી. જેથી ઉશ્કેરાઈ જઈ ગડદાપાટુનો માર માર્યા બાદ લારીમાં તોડફોડ કરી હતી. એટલું જ નહીં બેઠકના ભાગે છરીનો ઘા ઝીંકી દેતા ૧૦૮માં સિવિલ હોસ્પિટલે જઈ સારવાર લીધી હતી.હુમલા વખતે નજીકમાં ઉભેલા સિક્યોરિટી ગાર્ડે બંને શખ્સોના નામ સાજન પરમાર અને દિપક હોવાનું જણાવતા આ બંને સામે પોલીસે ગુનો નોંધ્યો હતો.

# ભાઈના વિયોગમાં વૃદ્ધાનો ગળાફાંસો ખાઈ આપઘાત



રાજકોટ:શહેરમાં નાનામવા રોડ પર નેહરુનગરમાં રહેતા વૃદ્ધાએ તેના મકાનના બીજા માળે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા માલવિયાનગર પોલીસે તપાસ કરતા એક માસ પહેલાં બોટાદ રહેતા વૃદ્ધાના ભાઈનું અવસાન થયું હોય તેના વિયોગમાં આ પગલું ભરી લીધાનું બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નાનામવા રોડ પર નેહરુનગરમાં રહેતા કુંવરબેન પ્રભાતસિંહ મોરી (ઉ.૬૬) એ તેના મકાનમાં બીજા માળે પંખા સાથે દોરડું બાંધી આપઘાત કરી લેતા માલવિયાનગર પોલીસ મથકના એ.એસ.આઈ. ઝાલા સહિતના સ્ટાફે તપાસ કરતા મૃતક વૃદ્ધાને સંતાનમાં એક પુત્ર હોવાનું અને એક માસ પહેલાં બોટાદ રહેતા તેના નાના ભાઈનું અવસાન થતા બાદ તે ટેન્શનમાં રહેતા હોય અને મારી ઉંમર જવાની હોય અને નાના ભાઈનું અવસાન થયાનું રટણ કરતા હોય અને આ પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી હતી.જયારે અન્ય એક બનાવમાં શહેરના કોઠારિયા સોલવન્ટ, શીતળાધાર, ૨૫ વારિયા-૨૯માં રહેતા રહીમ બરકતઅલી કોરડિયા નામના યુવાને નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત શુક્રવારે રાતે ઘર પાસે મિત્ર સાથે બેઠો હતો. ત્યારે અન્ય મિત્ર કપિલ ગોસ્વામી, તેનો ભાઈ દીક્ષિત અને એક અજાણ્યો શખ્સ પોતાની પાસે આવ્યા હતા અને કપિલે તું મારા ધંધા વિશે બધાને કેમ વાતો કરે છે તેમ કહી ગાળો ભાંડી ઝઘડો કર્યો હતો. ગાળો દેવાની ના પાડતા ત્રણેય ઉશ્કેરાય જઈને પાઈપથી હુમલો કરી નાસી ગયા હતા.

# પત્ની સામે જ પતિને માર મારી પ્રેમીની ધમકી!

રાજકોટ:શહેરના સાધુવાસવાણી રોડ પર આવાસમાં રહેતા મનીષ ગોવિંદભાઈ સોલંકી નામના યુવાનને તેની પત્ની વર્ષાના પ્રેમી અલ્પેશ રામાનુજે માર મારી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. પાંચ વર્ષના પુત્ર સાથે કાલાવડ રોડ પર મામલતદાર કચેરી હતો. ત્યારે માતા ફોર વ્હિલમાં બેઠી હોવાનું પુત્રે કહ્યું હતું. વાહનમાં જોતા પત્ની વર્ષા તેનો પ્રેમી અલ્પેશ અને પત્નીની સહેલી અવની બેઠેલી હતી. અલ્પેશને અને અવનીને તમે કેમ મારી પત્ની સાથે છો તેમ પૂછતાં ત્રણેયે ઉશ્કેરાય જઈને ગાળો ભાંડી. અલ્પેશે પત્નીને કહ્યું કે, તું પુત્રને લઈ લે આપણે અમદાવાદ જતા રહીએ. પુત્રને ઉઠાવી જશેની બીકે પોલીસને જાણ કરી હતી. ત્યારે અલ્પેશે મારો ભાઈ પણ ઈન્સ્પેક્ટર છે, અમારી સામે આવીશ તો મારી નાંખીશની ધમકી આપી માર મારી નાસી ગયા હતા. પત્ની, તેના પ્રેમી અને સહેલી સામે ફરિયાદ નોંધાવી છે.

# દુબઈમાં નોકરી કરતી રાજકોટની મહિલાએ કેનેડાના PRના ચક્કરમાં ૨૧.૯૨ લાખ ગુમાવ્યા

રાજકોટ:દુબઈમાં એકાઉન્ટ મેનેજરની નોકરી કરતી રાજકોટની મહિલાએ કેનેડાના વર્ક પરમિટ વિઝા લેવાના ચક્કરમાં ૨૧.૯૨ લાખ રૂપિયા ગુમાવ્યા છે . જેમાં ભોગ બનનાર મહિલાએ ભારત આવી CID ક્રાઈમને ફરિયાદ આપતા પોલીસે ટ્રાવેલ એજન્ટ ઈરફાન(મોટા વરાછા), સૌરભ ભાટીયા, તેની પત્ની તરણજીત કોર અને નિખિલ આહુજા સામે ગુનો દાખલ કર્યો છે.રાજકોટના ગોંડલ રોડ ખાતે રહેતી અને દુબઈમાં એકાઉન્ટમ મેનેજર તરીકે નોકરી કરતી ૩૮ વર્ષીય ધર્મિષ્ઠા ઘાટલિયાનો ટ્રાવેલ એજન્ટ ઈરફાન સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્ક થયો હતો. ધર્મિષ્ઠાએ ટ્રાવેલ એજન્ટને ઈરફાનને અમેરીકાના વિઝિટર વિઝાની વાત કરી હતી. જો કે ઈરફાને ધર્મિષ્ઠાને કહ્યું હતું કે અમેરિકાના વિઝામાં વાર લાગશે. પરંતુ કેનેડાના વર્ક પરમિટ વિઝા સરળતાથી થઈ જશે. એટલું જ નહીં આમ પણ કેનેડાથી અમેરિકા જવુ સહેલું છે. આથી ધર્મિષ્ઠા ઈરફાનની વાતમાં આવી ગઈ હતી અને તેણે અમેરિકાના બદલે કેનેડા માટેની પ્રોસેસ શરૂ કરી હતી.ટ્રાવેલ એજન્ટ ઈરફાને ધર્મિષ્ઠાને બેંગકોક બોલાવી સૌરભનો નંબર આપ્યો હતો. સૌરભ અને તેની પત્ની તરણજીતે કેનેડાના વર્ક પરમિટ વિઝા માટે ડોક્યુમેન્ટોની વાત કરી હતી. જેથી ધર્મિષ્ઠાએ તમામ ડોક્યુમેન્ટ રોકીને આપ્યા હતા. ધર્મિષ્ઠાના ઈમેલ પર પીઆરનો લેટર આવ્યો હતો. પછી સૌરભે ધર્મિષ્ઠા પાસે ૧૫ લાખની માંગણી કરી પાસપોર્ટ આપવાની વાત કરી હતી. આથી ધર્મિષ્ઠા અમેરિકાના મિત્ર પાસેથી ૧૫ લાખ આંગડિયામાં દિલ્હી મોકલ્યા હતા. મહિલાએ પીઆર લેટર લઈ કેનેડાના વિઝા માટે એપ્લાય કરતા રિજેકટ થયો અને પીઆર લેટર ખોટો હોવાનું સામે આવ્યું હતું. આથી મહિલાએ સૌરભને કોલ કરતા તેણે નિખીલ આહુજાનો નંબર આપ્યો હતો. નિખીલે બીજા ૨ લાખની રકમ મળી ૨૧.૯૨ લાખની રકમ પડાવી હતી.

# 'પાસા'માં ધકેલતા પૂર્વે આરોપી પોલીસ મથકની ગેલેરીમાંથી પટકાયો!

## પગ ભાંગતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો, લૂંટ-મારામારીનો નોંધાયો હતો ગુનો


રાજકોટ:રાજકોટના ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ગત રાત્રે એક અકસ્માતની ઘટના સામે આવી હતી. જેમાં પોલીસ મથકની ગેલેરીમાંથી આરોપી પટકાયો હતો. ઓસમાણ ઈશાકભાઈ ખેભર નામના આરોપીને 'પાસા'માં ધકેલતા પૂર્વે તેનો પગ ભાંગતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાલ તેની સારવાર કરવામાં આવી રહી છે. આ આરોપી વિરુદ્ધ લૂંટ અને મારામારીનો ગુનો નોંધાયો હતો. તેને 'પાસા' અંતર્ગત ખસેડવાની કાર્યવાહી ચાલુ હતી, ત્યારે થૂંકવા જતા ગેલેરીમાંથી નીચે ખાબક્યો હોવાનું સામે આવ્યું છે.પોલીસના જણાવ્યા અનુસાર દૂધસાગર રોડ ઉપર હાઉસિંગ બોર્ડ ક્વાટરમાં રહેતા ૩૭ વર્ષીય લાઈનબોય ઓસમાણ ઈશાકભાઈ ખેભરને ગત રાત્રે ભક્તિનગર પોલીસ સ્ટેશનના પહેલા માળેથી પટકાતા ઈજા થતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગે તપાસ કરતા ચારેક માસ પૂર્વે લૂંટ અને મારામારીની ફરિયાદ નોંધાઈ હોય તેની ધરપકડ કરવામાં આવી હતી. જોકે તેના વિરુદ્ધ પાસા વોરંટ ઈસ્યુ કરતા મહેસાણા જેલમાં ધકેલવાનો હોય તેને પોલીસ સ્ટેશને લાવી ડી સ્ટાફ રૂમમાં કાર્યવાહી કરવામાં આવી રહી હતી.આ દરમિયાન ઓસમાણ ખેભર થૂંકવા માટે ગેલેરીમાં ગયો હતો. જ્યાં કોઈ કારણોસર બેલેન્સ ગુમાવતા તે ધડાકાભેર નીચે પટકાયો હતો. ઘટનાને પગલે રાત્રીના સમયે ફરજ પર તૈનાત પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને ૧૦૮ મારફત તાત્કાલિક ઓસમાણને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે આ અકસ્માતમાં આરોપીનો જીવ બચી ગયો હતો, પરંતુ તેનો એક પગ ભાંગી જતા સારવાર શરૂ કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે હાલ આરોપીની 'પાસા' અંગેની કાર્યવાહી અટકી છે.

# ચોરી, મારામારીના ૩ આરોપી સામે પાસા

રાજકોટ:પોલીસ તંત્ર દ્વારા એકથી વધુ ગુના આચરનાર ગુનેગારો સામે પાસા હેઠળ કાર્યવાહી કરી રહી છે. ત્યારે અવધના ઢાળ, આંબેડકરનગર આવાસના વિજય ઉર્ફે કાલી ઉર્ફે કાળિયો ત્રિભોવન સોલંકી, અલ્પેશ ઉર્ફે અપ્પુ ઉર્ફે અપુડો નરેશ મકવાણા અને કાલાવડ રોડ, ભીમનગરના આનંદ ઉર્ફે ભૂરો દિનેશ વાળા નામના ગુનેગારો યુનિવર્સિટી પોલીસ મથકમાં ચોરી તેમજ મારામારીના અનેક ગુનામાં પકડાઈ ચૂક્યાનું જાણવા મળ્યું હતું. જેથી યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ એન.આઈ.રાઠોડ સહિતના સ્ટાફે ત્રણેય ગુનેગારો સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલી આપી હતી. જેના પર મંજૂરીની મહોર લગાવી દેતા ત્રણેય ગુનેગારની પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ, સુરત અને વડોદરા જેલહવાલે કરાયા છે.

# પદ્મિનીબાને કીર્તિ પટેલનો પડકાર, ' તમે કેટલા લોકોને ફસાવ્યા તેની તમામ માહિતી મારી પાસે છે'





રાજકોટ:

પદ્મિનીબાએ કોને અને કેવી રીતે ફસાવ્યા? તેમનો શું રોલ હતો સહિતના મુદ્દે ચર્ચા સોશિયલ મીડિયામાં સતત ચર્ચામાં રહેતી કીર્તિએ પદ્મિનીબાના કાળા ચિઠ્ઠા ખોલવાની ચીમકી આપીરૂપાલા વિવાદમાં આગેવાની લેનાર રાજકોટના પદ્મિનીબા આંદોલન આગળ વધ્યું તેમ નાટકીય રીતે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિ સામે આવી ગયા છે અને બેફામ આક્ષેપો કરી રહ્યા છે ત્યારે સોશિયલ મીડિયામાં સતત ચર્ચામાં રહેતી કીર્તિ પટેલે પદ્મિનીબાના કાળા ચિઠ્ઠા ખોલવાની ચીમકી ઉચ્ચારી છે. અસ્મિતા અને સન્માનની વાત કરનાર પદ્મિનીબાએ અનેક લોકોને ખોટી રીતે ફસાવ્યાની પૂરી હકીકત પોતાની પાસે હોવાનો દાવો કીર્તિએ કર્યો હતો.કીર્તિ પટેલે એક વીડિયો બનાવીને તે ફરતો કર્યો છે, એ વીડિયોમાં કીર્તિએ પદ્મિનીબા વાળાને સંબોધતા કહ્યું હતું કે, તમે શું કરવા ઈચ્છો છો?, તમારે ચૂંટણી લડવી છે?, તમે આંદોલન ચલાવી રહેલી ક્ષત્રિય સમાજની સંકલન સમિતિ સામે આક્ષેપો કરી રહ્યા છો, સંકલન સમિતિએ આંદોલન તોડી નાખ્યાનો આક્ષેપ કરી તમારા જ સમાજના વડીલો સામે આક્ષેપ કરી રહ્યા છો, કીર્તિ પટેલે કહ્યું હતું કે, પરસોત્તમ રૂપાલા વડીલ છે તેઓ વર્ષોથી રાજનીતિ સાથે સેવાના કામ કરી રહ્યા છે અને ત્રણ વખત માફી માગી છે ત્યારે તેમને માફ કરવા જોઈએ.કીર્તિ પટેલે પદ્મિનીબાને સીધી જ ચેતવણી આપતા કહ્યું હતું કે,' પદ્મિનીબા તમારે તમારું જાણવું હોય તો રૂબરૂ મળજો, તમે કેટલા લોકોને ખોટા ફસાવ્યા છે તેની તમામ ડિટેઈલ મારી પાસે છે'. કીર્તિ પટેલનો આ વીડિયો ફરતો થતાં જ ભારે ચર્ચા શરૂ થઈ છે. પદ્મિનીબા વાળાએ એવા તે કેવા કરતૂતો કર્યા છે જેને કીર્તિ પટેલ પડકારી રહી છે. પદ્મિનીબાએ લોકોને કેવી રીતે ફસાવ્યા હતા?, ફસાવવા પાછળનો ઈરાદો શું હતો?, ફસાયેલા લોકો પાસેથી પૈસા પડાવ્યા હતા?, તેમાં પદ્મિનીબાનો શું રોલ હતો? પદ્મિનીબાને ચેલેન્જ કરનાર કીર્તિ પટેલ સામે તેઓ ફરિયાદ કરશે કે કેમ? આવા અનેક સવાલો ચર્ચાઈ રહ્યા છે.વધુ એક વીડિયો ફરતો થયો છે જેમાં ફોન કરનાર પોતાની ઓળખ ગીર સોમનાથ કરણી સેનાના પ્રમુખ વિક્રમસિંહ રાઠોડ તરીકે આપે છે અને સામે પદ્મિનીબા વાળા વાર્તાલાપ કરે છે. વિક્રમસિંહ રાઠોડે એવી વિનંતી કરી હતી કે, આંદોલન ચાલી રહ્યું છે અને સંકલન સમિતિ તમામને સાથે રાખી આગળ વધી રહી છે ત્યારે સોશિયલ મીડિયામાં સંકલન સમિતિ સામે ટિપ્પણી કરવી ન જોઈએ અને સંયમ જાળવવો જોઈએ. જેના પ્રત્યુત્તરમાં પદ્મિનીબાએ સંકલન સમિતિના હોદ્દેદારોને ગાળો ભાંડી હતી, તેમણે મૂછ મુંડાવીને બંગડી પહેરીને ઘરે બેસી જવું જોઈએ તેમ કહી આંદોલનને આ લોકોએ પતાવી દીધાનો આક્ષેપ કર્યો હતો. આંદોલન તેમણે શરૂ કર્યું હતું બાદમાં સંકલન સમિતિએ સ્ટેજ લઈ લીધું છે. સંકલન સમિતિના સભ્યો અંગે પદ્મિનીબાએ ઉચ્ચારેલા ગેરશબ્દોથી ક્ષત્રિય સમાજમાં જ પદ્મિનીબા સામે રોષ શરૂ થયો છે.

# દારૂની હેરાફેરીના નવતર કિમીયાનો પર્દાફાશ, કાર અને ૫૪ બોટલ સાથે બે શખસ ઝડપાયા




રાજકોટ:

રાજકોટમાં કારની સીટ નીચે ચોરખાનું બનાવી દારૂની હેરાફેરીનો વધુ એક કિમીયાનો પોલીસ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચે કાર તેમજ વિદેશી દારૂની ૫૪ બોટલ સહિતનાં મુદ્દામાલ ઝડપાયો છે. તો સાથે બે શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ અંગે મળતી માહિતી અનુસાર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારના ભાવનગર હાઈવે સીતારામ હોટલ સામેનાં રોડ પરથી વિદેશી દારૂનો જથ્થો કારમાં ભરીને બે શખસ પસાર થવાના હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ માહિતીનાં આધારે વોચ ગોઠવી પોલીસે સેન્ટ્રો કારને અટકાવી હતી. તલાશી લેતા કારની સીટની નીચે એક ચોરખાનું જોવા મળ્યું હતું. જેમાં તપાસ કરતા જ વિદેશી દારૂની એક પછી એક ૫૪ બોટલો મળી આવી હતી. જેને લઈને પોલીસે કાર અને વિદેશી દારૂ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી બંને શખ્સોને દબોચી લીધા હતા.પોલીસના હાથે ઝડપાયેલા આ શખસોએ પોતાના નામ અફઝલ હુશેનભાઈ શેખ, કોઠારીયા મેઈન રોડ તેમજ અલ્તાફ હબીબભાઈ નકાણી, કોઠારીયા સોલવંટ ખાતે રહેતા હોવાનું જણાવ્યું હતું. આરોપીઓએ કારની સીટ નીચે ચોરખાનું બનાવી 8 P.M સ્પેશીયલ વ્હીસ્કીની પ્લાસ્ટીકની સીલ બંધ ૧ લીટરની બોટલો નંગ-૫૪ બોટલ કિંમત ૩૨,૪૦૦ છુપાવી હતી. આ બોટલો, મોબાઈલ ફોન નંગ-૨ કી. ૧૦,૦૦૦ તેમજ સફેદ રંગની સેન્ટ્રો કાર નં- GJ-21-AQ-6243 કિંમત ૧,૦૦,૦૦૦ની મળીને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ૧,૪૨,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી બંને શખ્સો દારૂ ક્યાંથી લાવ્યા અને અહીં કોને આપવાના હતા? તે સહિતના મુદ્દે વધુ તપાસ હાથ ધરી છે.

# નાનામવા રોડ ઉપર રહેતી મહિલા બેભાન થઈ જતા મોત

રાજકોટ:રાજકોટના નાનામવા રોડ ઉપર ગૌતમ નગરમાં ઉમેશભાઈના મકાનમાં રહેતી લાલરીપુઈ જોકુગા આજે સવારે ૮ વાગ્યે પોતાના ઘરે હતી ત્યારે અચાનક બેભાન થઈ જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબોએ મહિલાને મૃત જાહેર કર્યા હતા. આ અંગે માલવીયાનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# 'તારે દુકાનના માલિક સાથે લફરું છે', કહી પતિએ પત્નીને ફટકારી

## નોકરી કરી આર્થિક મદદરૂપ થતી પરિણીતાને પતિ, સાસુ અને નણંદનો ત્રાસ

રાજકોટ:શહેરના નવા થોરાળા, આરાધના સોસાયટીમાં આઠ મહિનાથી માવતરે રહેતી મનીષા નામની પરિણીતાએ તાલાલાના બોરવાવ ગામે રહેતા પતિ રવિ બાલુભાઈ ટાંક, સાસુ શારદાબેન અને નણંદ કાજલબેન સામે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પિયરમાં ઈમિટેશનનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવતી પરિણીતાની ફરિયાદ મુજબ, રવિ સાથે તેના અઢી વર્ષ પહેલા કોર્ટ મેરેજ અને ત્યાર બાદ સમૂહ લગ્નમાં લગ્ન થયા છે. લગ્ન બાદ પાંચ દિવસ સાસરે રહ્યાં બાદ પતિ અમદાવાદ નોકરી કરતા હોય બે મહિના ત્યાં રહ્યાં હતા. બાદમાં પરત તાલાલા અને પછી વતન બોરવાવ રહેવા આવી ગયા હતા.અમદાવાદથી પરત આવ્યા બાદ પતિ કોઈ કામધંધો કરતા ન હોવાથી ઘરમાં આર્થિક મદદરૂપ થવા કપડાંની દુકાનમાં નોકરી ચાલુ કરી હતી. થોડા દિવસ નોકરી કર્યા બાદ પતિએ તારે તારા દુકાનના માલિક સાથે લફરું છે તેમ કહી ઝઘડો કર્યો હતો. પતિએ કરેલા ઝઘડાની સાસુ, નણંદને ખબર પડતા તેઓએ પણ ઝઘડો કર્યો હતો.

# મહિલાનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટ:રાજકોટનાં નાનામવા રોડ ઉપર મહિલાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનુ સામે આવ્યુ છે. રાજકોટના નાનામવા રોડ ઉપર નહેરુનગર મેઈન રોડ ઉપર માલધારી ચોક પાસે રહેતા ૬૬ વર્ષીય કુંવરબેન પ્રભાતસિંહ મોરી આજે સવારે ૧૦:૫૫ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેની જાણ ૧૦૮ને કરવામાં આવતા ૧૦૮ એમ્બ્યુલન્સ સાથે સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ બાબતે માલવિયા નગર પોલીસ મથકમાં ગુનો દાખલ થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.